Printed Matter - Book Post

## પહેલી વર્ષગાંઠ નિમીત્તે શુભેચ્છાઓ




**સારા રીતેષકુમાર ભાવસાર**
જન્મ તારીખ : ૨૭-૧૦-૨૦૨૦
મમ્મી - ઝરણા, પપ્પા - રીતેષકુમાર

: શુભેચ્છક :
નાના - અલ્પેશભાઈ બી. વાઘેલા
નાની - હેમાબેન એ. વાઘેલા
મામા - વિશાલ એ. વાઘેલા

## ॥ શ્રધ્ધાંજલિ ॥






સ્વ. જીવણલાલ છગનલાલ દરજી
દેહ વિલય : ૯-૧૧-૨૦૨૦

સ્વ. શારદાબેન જીવણલાલ દરજી
દેહ વિલય : ૨૭-૧૧-૨૦૧૧

॥ સૌજન્ય ॥
સ્વ. ચીનુભાઈ જીવણલાલ દરજી પરિવાર
ગં.સ્વ. રમીલાબેન ચીનુભાઈ દરજી
શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી પરિવાર
અ.સૌ. ઉષાબેન બિપીનચંદ્ર દરજી

## ...॥ શ્રધ્ધાંજલિ ॥...





સ્વ. જયંતિભાઇ સોમાભાઇ દરજી
સ્વ. તારીખ : ૨૨-૧૧-૨૦૧૨

સ્વ. મધુબેન જયંતિભાઇ દરજી
સ્વ. તારીખ : ૨૬-૧૧-૨૦૧૯

-: સૌજન્ય :-
દરજી શૈલેષભાઇ જયંતિભાઇ પરિવાર
દરજી લાલાભાઇ જયંતિભાઇ પરિવાર
દરજી દિલીપભાઇ જયંતિભાઇ પરિવાર

## જન્મ નિમીત્તે શુભેચ્છાઓ



**જીયાન પાર્થકુમાર દિક્ષીત**
મમ્મી - દ્રષ્ટી
પપ્પા - પાર્થકુમાર

: સૌજન્ય :
નાના - જીતેન્દ્રકુમાર માણેકલાલ દરજી
નાની - રેખાબેન જીતેન્દ્રકુમાર દરજી

શ્રી બાલાજી પ્રિન્ટર્સ, કલોલ મો. ૯૮ ૯૮ ૭૮ ૩૩૪૦


શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ - તમસો મા જ્યોતિર્ગમય

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ગાંધીનગરનું મુખપત્ર

# બેતાલીસ દીપક

**શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ, ગાંધીનગર**
પબ્લીક રજીસ્ટર્ડ ટ્રસ્ટ નંબર : એ / ૭૮, તારીખ :- ૧૬-૦૮-૧૯૮૪
રજી. ઓફિસ : બી/૯૭, સિધ્ધેશ્વરી હોમ્સ, ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલ, સામે, રાંધેજા, ગાંધીનગર-૩૮૨૬૨૦
કાર્યાલય : એસ-૯, સિલ્વર પ્લાઝા, નવજીવન મીલ કમ્પાઉન્ડ, કલોલ-૩૮૨૭૨૧
મો. ૯૭૨૪૦૮૮૮૭૬, ૭૦૧૬૭૦૬૫૦૭

અંક-૧૩ | નવેમ્બર-૨૦૨૧ | નૂતન વર્ષ અંક | મુખ્ય સંપાદક : અલ્પેશભાઇ ભલાભાઇ | તંત્રી : બિપીનચંદ્ર જીવણલાલ


-: બિપીનચંદ્ર :-
તંત્રીશ્રી


-: અલ્પેશભાઇ :-
મુખ્ય સંપાદકશ્રી


-: વિજયભાઇ :-
સંપાદકશ્રી


-: ગોવિંદભાઇ :-
સંપાદકશ્રી


-: મુકેશભાઇ :-
સંપાદકશ્રી


-: જીતેન્દ્રભાઇ :-
સંપાદકશ્રી


-: દિપકભાઇ :-
સંપાદકશ્રી


-: જયેશભાઇ :-
સંપાદકશ્રી


-: જીતેન્દ્રભાઇ :-
સંપાદકશ્રી


-: દિલીપભાઇ :-
સંપાદકશ્રી

### નવા વર્ષ-૨૦૨૧ની શુભકામનાઓ

દીપોત્સવ અને નુતન વર્ષ ૨૦૭૮ના પાવન પ્રસંગે નિમીત્તે સમસ્ત જ્ઞાતિજનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવે છે. કેળવણી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ દીપોત્સવી અંક "બેતાલીસ દીપક અંક -૧૩" આપ સૌના કર કમલમાં મુકતા અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. છેલ્લા બે વર્ષથી સમસ્ત દુનિયા કોરોના મહામારીનો સામનો કરી રહી છે ત્યારે આપણા સમાજના તમામ સભ્યો આ રોગની સામે અડીખમ ઉભા રહીને સાવધાનીપૂર્વક આ કપરા સમયને પસાર કરે તેવી આપ સૌને વિનંતી છે. સમાજના તમામ પરિવાર અને તેના સદસ્યો આગામી નુતન વર્ષ માં સારું સ્વાસ્થ્ય અને નાણાકીય સદ્ધરતા મેળવે તેવી ભાવના કેળવણી મંડળ વતી અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

### બેતાલીસ દીપક અંક-૧૩ના પુરસ્કર્તા

**શ્રી જયેશભાઇ ગીરીશભાઇ દરજી પરિવાર – ત્રાગડ**



કોરોના મહામારીના આ કપરા કાળમાં હાલની વિક્ટ આર્થિક પરિસ્થિતિમાં પણ સમાજ સેવામાં પોતાનું યોગદાન આપનાર પરિવારોને કેળવણી મંડળ વંદન કરે છે. આપણા સમાજના તમામ નાગરિકો સમાજ પ્રત્યેની પોતાની ફરજોથી સભાન છે અને સમાજનું કોઇપણ કામ હોય હંમેશા સમાજના વ્યક્તિની મદદ મળતી જ રહે છે. આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ વિવિધતાથી ભરપુર છે. સમાજના ઘણા સભ્ય કુટુંબો એવા છે કે જે કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સમાજલક્ષી પ્રવુતિઓને બિરદાવે છે. આ વર્ષે આપણા સમાજના મૂળ ગામ ઉનાવાના માનનીય વડીલ સ્વ. ગબડદાસ મણીલાલ દરજી પરિવારના સમાજ સેવાને વરેલ તેમના પુત્ર એવા શ્રી ગીરીશભાઇ ગબડદાસ દરજી અને અન્ય સભ્યો પોતાના વડીલોના સમાજ સેવાના વારસાને પોતાની જવાબદારી સમજીને ખુબજ સુંદર રીતે નિભાવી રહેલ છે. શ્રી ગીરીશભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી કાંતાબેને ત્રાગડ ગામને પોતાની કર્મભૂમિ બનાવીને પોતાના જીવનમાં ઘણા બધા સંઘર્ષોનો સામનો કરીને પોતાના પરિવારને આપણા સમાજમાં એક પ્રતિષ્ઠિત પરિવાર તરીકે નામના આપવેલ છે. તેમણે પોતાના સંતાનો માં અ ા દ ય ા ત્મિ ક અને સામાજિક સંસ્કારોનું સિંચન કરેલ છે. તેમના સુપુત્ર ભાઇશ્રી જયેશભાઇ કેળવણી મંડળમાં એક સક્રિય કાર્યકારી પ્રમુખ તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. તેઓશ્રી અરવિંદ મિલમાં ઉચ્ચ હોદ્દા પર છે. આપણા સમાજના મુખ પત્રક એવા બેતાલીસ દીપકના આ તેરમાં અંકમાં શ્રી જયેશભાઇ દ્વારા પોતાના પિતાશ્રી ગીરીશભાઇ અને માતા શ્રીમતી કાંતાબેન ગીરીશભાઇ દરજીના સૌજન્ય થી રૂા. ૧૧૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે. સમાજના મુખપત્ર એવા "બેતાલીસ દીપક અંક ૧૩" ના પુરસ્કર્તા થવા બદલ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ ફરીથી શ્રી ગીરીશભાઇ અને શ્રી જયેશભાઈનો અતઃકરણ પૂર્વક આભાર મને છે.



## તંત્રીશ્રીનું નિવેદન

### વ્હાલા જ્ઞાતિજનો સાદર પ્રણામ,

સર્વ પ્રથમ તો હું મારા શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ ના તમામ કારોબારી સભ્યો અને હોદ્દેદાર શ્રીઓ તરફ થી કોરોના ની બીજી લહેર માં અવસાન પામેલ સમાજ ના સભ્યોને હાર્દિક શ્રધાંજલિ અર્પણ કરું છું અને પ્રભુ તે સૌના આત્માને ચીર શાંતિ અર્પે અને તેમના પરિવારજનો ને આ આઘાત અને દુ:ખ સહન કરવાની શક્તિ આર્પે. હું કેળવણી મંડળના મારા તમામ સાથીદારોનો વિશેષ આભાર માનું છું કેમકે આપણા સમાજ ઉપર જ નહિ પણ સમસ્ત દુનિયા માં કોરોનાની મહામારીને લઇને જે સંકટ આવી પડેલ છે એ સંકટના સમયમાં મારા તમામ સાથીદારોએ જે કામગીરી કરેલ છે તે સરાહનીય છે. સમસ્ત સમાજના સભ્યો સાક્ષી છે કે આવા કપરા કાળ માં પણ કેળવણી મંડળ દ્વારા ચલાવતા વિવિધ લોકઉપયોગી કાર્યોમાંથી એક પણ કાર્ય રોકવામાં નથી આવ્યું. મને મારા જ્ઞાતિજનોને એ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી લગતી કે હાલ ના કેળવણી મંડળના તમામ સદસ્યો યુવાન અને ઉત્સાહી છે તેમજ સમાજ માટે પોતાના તન મન અને ધન થી નિ:સ્વાર્થ સેવા કરવાનો ભેખ ધારણ કર્યો છે. અત્રે હું કોરોનાના કાળ માં જયારે જરૂરિયાત મંદ પરિવારોને બે મહિના ચાલે તેટલા અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું ત્યારે માંગ્યા વગર દાનનો ધોધ વહેવડાવનાર તમામ લોકોનો હું આભાર માનું છું. આપ સૌ જાણો છો તેમ આ કીટ વિતરણના કાર્યમાં આ વખતે બહારના સમાજના સભ્યો દ્વારા પણ દાન આપવામાં આવેલ છે જે આપણી ગૌરવવંતી સંસ્થા દ્વારા જે લોકઉપયોગી કાર્યો કરવામાં આવે છે તેની કદર છે. ગત વર્ષે કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતી નિ:શુલ્ક નોટબુકના વાર્ષિક રૂ. ૧૦૦૦/– ના આજીવન દાતા બનવાની જે ટહેલ નાખવામાં આવેલ તેનો ખુબ જ સારો પ્રતિસાદ સમાજના પ્રતિષ્ઠિત પરિવારો તરફથી મળેલ છે અમોને જણાવતા આનંદ થાય છે કે કુલ ૧૦૧ સભ્યો એ આ યોજનામાં પોતાનું નામ આજીવન દાતા તરીકે નોંધાવેલ છે. આ તબક્કે હું આ તમામ સભ્યોનો પણ આભાર માનું છું.


આ કપરી પરિસ્થિતિ માં અમોએ જોયું કે સમાજના અનેક પરિવારોમાં પરિવારના મોભી નું અવસાન થવાના કારણે તેમની સુતક ક્રિયાઓથી લઇને ઘર ચલાવવા સુદ્ધાની તકલીફો પડી છે. આ તકલીફોનું નિવારણ કરવા આપણે આપણા સમાજમાં ટૂંક સમયમાં “મૃત્યુ સહાય યોજના” નો અમલ કરવા જઇ રહેલ છે. આ યોજના ની તમામ માહિતી સાથેના ફોર્મ લઇને અમારા કાર્યકરો આપના ઘરે આવી ગયા હશે અથવા આવશે. તો મારી સર્વે જ્ઞાતિજનોને અપીલ છે કે પોતાના માટે નહિ તો આપણા સમાજના અન્ય મજુરી કરીને ગુજરાન ચલાવતા પરિવારના ફાયદા માટે આ યોજનામાં અવશ્ય જોડાય.

આદરણીય જ્ઞાતિ બંધુઓ આપણા ગૌરવવંતા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના કેળવણી મંડળને ખુબજ આગળ લઇ જવાની મારી તેમજ મારા હાલ ના તમામ સાથીદારોની તીવ્ર તમન્ના છે, સમાજ ને ઉપયોગી દરેક કાર્યો અમે પુરા ખંતથી કરીશું તેની અમે બાંહેધરી આપીએ છીએ. મને આશા છે કે આપ સર્વે તરફથી સંપૂર્ણ સહકાર મળી રહેશે. અજાણતામાં કઇંક ભૂલ થાય, ક્ષતિ અનુભવાય અથવા તો અન્યાય થાય તો ક્ષમ્ય ગણશો.

ફરીથી હું આ વર્ષે દાન ભેટ આપનાર તમામ દાતાશ્રીઓ, કેલેન્ડર ભેટના દાતા શ્રી, કીટ વિતરણના દાતા શ્રીઓ, નોટબુકમાં આજીવન સભ્ય થનાર અને જાહેરાત આપનાર તમામ દાતાશ્રીઓ, તેમજ અન્ય દાન આપનાર સર્વે જ્ઞાતિજનોનો ખૂબ આભાર માનું છું અને ભવિષ્યમાં પણ આપ સૌ તરફ થી આવોજ સાથ સહકાર મળી રહેશે તેવી આશા રાખું છું.

અંતમાં, આપના થકી અમારી કામગીરીને લક્ષી ને કોઇપણ સૂચનો હોય તો તે અમોને અવશ્ય જણાવજો. દરેક સૂચનો ની સમીક્ષા કરી તે બાબતે ઘટતું કરવાની હું ખાતરી આપુ છું.

**બિપીનચંદ્ર જીવણલાલ દરજી – કલોલ**



## મુખ્ય સંપાદકશ્રીનું નિવેદન

### સંપાદકની કલમે ........

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ના વ્હાલા જ્ઞાતિજનો, આજ આપ સૌ ના આશીર્વાદ થી તૈયાર કરેલ આપણા સમાજ ના મુખપત્ર સમાન “બેતાલીસ દીપક” નો દીપોત્સવી અંક–૧૩, નવેમ્બર –૨૦૨૧ પ્રકાશિત કરતા અમો આનંદ અનુભવીએ છીએ. “બેતાલીસ દીપક” નો દીપોત્સવી અંક–૧૩, નવેમ્બર–૨૦૨૧ ને અમોએ કેળવણી મંડળ પાસે જેટલી માહિતી હતી તે તમામ માહિતી અને છેલ્લા વર્ષમાં આપણા સમાજમાં ઘટેલ ઘટનાઓને શબ્દોમાં આલેખીને આપ સૌ સમક્ષ રજુ કરેલ છે.

આ અંકમાં આપમાંથી કોઈને કોઈપણ જાતની ખામી અથવા ભૂલ લાગે તો અમોને સહૃદયતાથી જણાવવા નમ્ર અરજ છે અમો ભવિષ્યમાં તે ખામી સુધારી લઈશું. સમાજના શિક્ષિત વર્ગને નમ્ર વિનંતી કે બેતાલીસ દીપકના આ અંકના આપના પ્રતિભાવો અમોને અવશ્ય મોકલો જેથી કરી ને ભવિષ્યમાં અમો આપના પ્રતિભાવો થકી આપણા સમાજના આ મુખપત્રને સુદ્રઢ બનાવવાના સનિષ્ઠ પ્રયાસો કરીશું. સમાજના દરેક વ્યક્તિને નમ્ર વિનંતી કે આપના ઘર, પરિવાર કે ગામમાં બનતી દરેક ઘટના જેવી કે જન્મ, મરણ, ધાર્મિક પ્રસંગ, લગ્ન પ્રસંગ જેવી દરેક માહિતી કેળવણી મંડળને આપે જેથી અમો તે માહિતીને આપણા આ મુખપત્ર થકી સમસ્ત સમાજની જાણકારી માં લાવી શકીએ.

કેળવણી મંડળના હોદ્દેદાર તરીકે હું કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજીની રાહબરી નીચે ચાલતા સમાજના તમામ લોકઉપયોગી કાર્યોની સરાહના કરું છું. હાલની કેળવણી મંડળના તમામ સભ્યો સમાજ માટે કઇપણ કરી છૂટવાની ભાવના ધરાવે છે જે આપ સૌ અનુભવી શકતા હશો. કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓમાં સમાજના તમામ સદસ્યોથી પુરતો સાથ સહકાર મળી રહેશે તેવી આશા રાખું છું.

અંતમાં. બેતાલીસ દીપકના આ અંકનું આટલી સુંદરતાથી વ્યવસ્થિત રીતે દરેક માહિતીનું સંકલન કરીને ભવ્ય અને ગુણવત્તાસભર બનાવવા બદલ કેળવણી મંડળના પૂર્વ હોદ્દેદાર એવા માનનીય શ્રી ખોડીદાસ નારણદાસ દરજી કલોલવાળાના સુપુત્ર વિપુલભાઇનો ખુબ ખુબ આભાર. તેઓશ્રી કલોલ મુકામે પોતાની મુદ્રણ કાર્યને લગતી “શ્રી બાલાજી પ્રિન્ટર્સ” નામની ઓફીસ ધરાવે છે અને આ આપણા સમાજનું કાર્ય છે તેમ જાણીને દિવસ રાત મહેનત કરીને આટલો સુંદર અંક તૈયાર કરી આપેલ છે. ધન્યવાદ ભાઇશ્રી વિપુલ ખોડીદાસ...........

**આપનો વિશ્વાશું .....**

**અલ્પેશ ભલાભાઈ દરજી – કલોલ .**

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મુખ પત્રક એવા
## "બેતાલીસ દીપક" અંક ૧૨ વિષે મહાનુભાવોના પ્રતિભાવો :



**ડાહ્યાભાઇ ડી. દરજી**
**પ્રમુખ – શ્રી અખિલ ગુજરાત દરજી સમાજ ચેરીટી ટ્રસ્ટ**

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મુખપત્રક બેતાલીસ દીપક અંક-૧૨ વાંચીને ખરેખર આનંદ થયો. આપના સમાજના વડીલો દ્વારા ચાલુ કરવામાં આવેલ સદકાર્યોને આજની યુવા પેઢી ખુબ જ સુંદર રીતે નિભાવી રહેલ છે. આ અંકમાં આપના સમાજના દરેક વર્ગને આવરી લેતા સમાચારો વાંચીને આનંદ થયો. આપણા સમાજના ભાઇશ્રી આશુતોષ કનુભાઇ દ્વારા રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવવામાં આવ્યો તે વાંચીને આપણી દરજી જ્ઞાતિના આ યુવાન માટે સન્માનની લાગણી અનુભવું છું. કોરોના મહામારી દરમિયાન આપના કેળવણી મંડળ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને કરવામાં આવેલ કીટ વિતરણની કાર્યવાહી સરાહનીય છે. ટૂંકમાં સમગ્ર સમાજના દાતાઓશ્રીના નામ, ધાર્મિક પ્રસંગો, સહયોગી સંસ્થાના રિપોર્ટો, અવસાન પામેલ વ્યક્તિઓની નોંધ, વિદ્યાર્થીઓની માહિતી, કેળવણી મંડળના એકાઉન્ટનું સરવૈયું અને બેલેન્સ સીટ એક જ મુખ પત્રકમાં સમાવીને સમગ્ર સમાજને પોતાના સમાજની તમામ માહિતી પીરસવાનું ભગીરથ કાર્ય ખુબ સુંદર રીતે કરવામાં આવેલ છે. કેળવણી મંડળના પ્રમુખ અને સમાજના મુખપત્રક એવા બેતાલીસ દીપકના તંત્રી એવા શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી અને તેમની સમસ્ત ટીમને સમાજ સેવાના આ કાર્ય બદલ બિરદાવું છું અને આપનો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ તમામ રીતે પ્રગતિના પંથે અગ્રેસર રહે તેવી શુભ કામનાઓ આપું છું.



**શ્રી બંસીભાઇ પુરષોત્તમદાસ દરજી**
**સમાજ શ્રેષ્ઠી**

તંત્રી શ્રી, બેતાલીસ દીપક અંક ૧૨ વાંચીને ખુબ પ્રશંસાની લાગણી થઇ રહેલ છે. આપના દ્વારા તેમજ આપના સહયોગીઓ દ્વારા સમાજની દરેક ઘટનાને આવરી લેવાનું મુશ્કિલ કામ ખુબજ સુંદર રીતે કરવામાં આવેલ છે. સમાજનો દરેક વ્યક્તિ આતુરતા પૂર્વક આપણા મુખપત્રક એવા બેતાલીસ દીપકની રાહ જોતો હોય છે. હું જાણું છું કે આટલું મુશ્કિલ કાર્ય કરવા સખત પુરુસાર્થની જરૂર પડે છે. દીપક અંક-૧૨ માં આપણા સમાજના રત્ન એવા શ્રી આશુતોષ કનુભાઇએ રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવ્યો તે બદલ તેમના માટે જે પ્રશંસાત્મક લેખો આપવામાં આવેલ છે જે ખરેખર સરાહનીય છે. કીટ વિતરણ માં દાનભેટ આપનાર તમામ દાતાઓનો પરિચય અને અન્ય તમામ સમાજને લગતી માહિતી આપવા બદલ આભાર. ભવિષ્યમાં પણ આપ અને આપની ટીમ દ્વારા આવા સમાજ સેવાના કાર્યો હંમેશા ચાલતા રહે તેવી આશા સાથે શુભકામનાઓ આપું છું.



**શ્રી સુબોધભાઇ દરજી**
**કોષાધ્યક્ષ – શ્રી અખિલ ગુજરાત દરજી સમાજ ચેરીટી ટ્રસ્ટ**

તંત્રી શ્રી બીપીનભાઇ, આપના સમાજના મુખપત્રક એવા બેતાલીસ દીપકનો અંક ૧૨ વાંચીને ખુબ આનંદ થયો. આપણી દરજી જ્ઞાતિમાં શ્રી આશુતોષ કનુભાઇ જેવા તેજસ્વી તારલાઓ ઝળહળી રહ્યા છે તે ખુબ જ ગૌરવની બાબત છે. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના તમામ કાર્યકરશ્રીઓને કોરોના કાળમાં કરેલ કીટ વિતરણના સમાજસેવાના કાર્યને બિરદાવું છું અને આટલો માહિતિ સભર અંક સમાજમાં પ્રસ્તુત કરવા બદલ અભિનંદન આપું છું અને આપનો સમાજ આપની આગેવાનીમાં હંમેશા પ્રગતિના પંથ પર અગ્રેસર રહે તેવી શુભકામનાઓ.



**શ્રી સેંધાભાઇ એસ. દરજી**
**ચેરમેન**
**સ્વ. શ્રી ચીનુભાઇ દરજી બેતાલીસ કો.ઓ.ક્રેડીટ સો.લિ. કલોલ**

તંત્રી શ્રી, બેતાલીસ દીપક ૧૨ વાંચીને ખુબ જ આનંદ થયો. આપણા સમાજના છેવાડાના વ્યક્તિથી લઇને દરેક વર્ગને આવરી લેતા સમાચરોની ખુબજ સુંદર રીતે આલેખન કરેલ છે. કીટ વિતરણના દાતાઓ, સમાજના રત્નોની માહિતી, સમાજના પરિવારોનો પરિચય તેમજ દરેક વસ્તુ ખુબ સરસ રીતે રજુ કરવામાં આવેલ છે. તમારા તરફથી આટલો સુંદર અંક તૈયાર કરવા બદલ આપ તથા આપણા તમામ સહયોગીઓને અભિનંદન અને ભવિષ્ય માં પણ સમાજને લગતી માહિતી આ રીતે પૂરી પડતા રહેશો તેવી અપેક્ષા.


### <u>બેતાલીસ દિપક અંક-૧૩ ના જાહેરાત દાતાઓની યાદી</u>

૧૧,૦૦૦/- જયેશભાઈ ગિરીશભાઈ દરજી - ત્રાગડ (મુખ્ય પ્રયોજક)
૧૧,૦૦૦/- સ્વ. મંજુલાબેન લાલદાસ દરજી - સાણંદ (જાહેરાત દાતાશ્રી)
૫,૦૦૦/- સ્વ. મનુભાઈ સોમનાથ દરજી - ઉનાવા (જાહેરાત દાતાશ્રી)
૨,૫૦૦/- અલ્પેશભાઈ ભલાભાઈ વાઘેલા - કલોલ (જાહેરાત દાતાશ્રી)
૨,૫૦૦/- બિપીનચંદ્ર જીવણલાલ દરજી - કલોલ (જાહેરાત દાતાશ્રી)
૨,૫૦૦/- સ્વ. જયંતિભાઈ સોમાભાઈ દરજી - ચાંદખેડા (જાહેરાત દાતાશ્રી)
૨,૫૦૦/- જીતેન્દ્રભાઈ માણેકલાલ દરજી - હાંસોલ (જાહેરાત દાતાશ્રી)
૨,૦૦૦/- મિલન નારણભાઈ દરજી - કલોલ (જાહેરાત દાતાશ્રી)
૨,૦૦૦/- સ્વ. મનુભાઈ ગાંડાભાઈ દરજી - ચેનપુર (જાહેરાત દાતાશ્રી)
૨,૦૦૦/- સ્વ. કાન્તાબેન કાન્તિલાલ દરજી - ગાંધીનગર (જાહેરાત દાતાશ્રી)
૨,૦૦૦/- સ્વ. બચુભાઈ બોઘારામદરજી - ચિલોડા (જાહેરાત દાતાશ્રી)
૨,૦૦૦/- રાજેશભાઈ મણીલાલ દરજી - રાણીપ (જાહેરાત દાતાશ્રી)
૨,૦૦૦/- સ્વ. પુરીબેન ભલાભાઈ દરજી - કલોલ(જાહેરાત દાતાશ્રી)
૨,૦૦૦/- દિલીપભાઈ ગઢવી - ચાંદખેડા (જાહેરાત દાતાશ્રી)

## વર્ષ ૨૦૨૧ માં કરીયાણાની કીટ પેટે દાન-ભેટ આપનાર સભ્યશ્રીઓ ની યાદી

| નંબર | ફોટો | નામ | મૂળ ગામ | હાલ નું રહેઠાણ | કીટ સંખ્યા | રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ |  | શ્રી સેંધાભાઇ શકરાભાઇ દરજી | ભોયણ રાઠોડ | ઘાટલોડિયા | ૨ | ૫૦૦૦/- |
| ૨ |  | શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી | મેર્ડા આદરજ/દંતાલી | કલોલ | ૪ | ૧૦૦૦૦/- |
| ૩ |  | શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ દરજી | શાહપુર/આમજા | કલોલ | ૨ | ૫૦૦૦/- |
| ૪ |  | શ્રી સાઇરામ ભરોસે | -- | -- | ૧૦ | ૨૫૦૦૦/- |
| ૫ |  | શ્રી રામભરોસે | -- | -- | ૮ | ૨૦૦૦૦/- |
| ૬ |  | શ્રી ગોવિંદભાઇ ચંદુભાઇ દરજી | ઝુંડાલ | વિસત ચાંદખેડા | ૩ | ૭૫૦૦/- |
| ૭ |  | શ્રીમતિ ઝરણાબેન રીતેશકુમાર | કલોલ | ઓસ્ટ્રેલિયા | ૧ | ૨૫૦૦/- |
| ૮ |  | શ્રી દિનેશભાઇ અંબાલાલ | સાંતેજ | ન્યુ રાણીપ | ૨ | ૫૦૦૦/- |
| ૯ |  | શ્રી કૃષ્ણકાંત નટવરલાલ દરજી | રાંધેજા | ગાંધીનગર | ૧ | ૨૫૦૦/- |
| ૧૦ |  | શ્રી અજયભાઇ કાન્તિલાલ દરજી | રખિયાલ-દહેગામ | નરોડા | ૨ | ૫૦૦૦/- |
| ૧૧ |  | શ્રી દિલીપભાઇ મંગળદાસ દરજી | છત્રાલ | કલોલ | ૧ | ૨૫૦૦/- |
| ૧૨ |  | શ્રી રામભરોસે | ----- | ----- | ૨ | ૫૦૦૦/- |
| ૧૩ |  | શ્રી રાજુભાઇ શાંતિલાલ દરજી | ઝુલાસણ | ઝુલાસણ | ૧ | ૨૫૦૦/- |
| ૧૪ |  | શ્રી હરીશભાઇ ગાંડાભાઇ દરજી | ચાંદખેડા | ઘાટલોડિયા | ૨ | ૫૦૦૦/- |

# વર્ષ ૨૦૨૧ માં કરીયાણાની કીટ પેટે દાન-ભેટ આપનાર સભ્યશ્રીઓ ની યાદી

| નંબર | ફોટો | નામ | મૂળ ગામ | હાલ નું રહેઠાણ | કીટ સંખ્યા | રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧૫ |  | શ્રી જયેશભાઇ ગીરીશભાઇ દરજી | ઉનાવા | ત્રાગડ | ૨ | ૫૦૦૦/- |
| ૧૬ |  | શ્રી વિક્રમ વસંતકુમાર દરજી | સરઢવ | અમેરિકા | ૩ | ૭૫૦૦/- |
| ૧૭ |  | શ્રી પુરષોત્તમદાસ અંબાલાલ દરજી | રાંચરડા/સાંતેજ | ભૂયંગદેવ | ૨ | ૫૦૦૦/- |
| ૧૮ |  | શ્રીમતી સરોજબેન નાયક | ----- | ઘાટલોડિયા | ૨ | ૫૦૦૦/- |
| ૧૯ |  | શ્રી અરુણભાઇ માણેકલાલ દરજી | વામજ | ઘાટલોડિયા | ૨ | ૫૦૦૦/- |
| ૨૦ |  | શ્રી સતીષકુમાર માણેકલાલ ટેલર | પાટનાકુવા/સરસપુર | નવરંગપુરા | ૨ | ૫૦૦૦/- |
| ૨૧ |  | શ્રી અશોકભાઇ છનાભાઇ દરજી | વામજ | કલોલ | ૨ | ૫૦૦૦/- |
| ૨૨ |  | શ્રી ચિરાયુ ભરતભાઇ દરજી | ----- | નારણપુરા | ૧ | ૨૫૦૦/- |
| ૨૩ |  | શ્રી હરિકૃષ્ણભાઇ માણેકલાલ દરજી | પાટનાકુવા/સરસપુર | નવરંગપુરા | ૨ | ૫૦૦૦/- |
| ૨૪ |  | શ્રી સુરેશભાઇ મંગળદાસ ટેલર | પાટનાકુવા/સરસપુર | નવરંગપુરા | ૨ | ૫૦૦૦/- |
| ૨૫ |  | શ્રી જગદજનની માં અંબા ભરોસે | ----- | ----- | ૨ | ૫૦૦૦/- |
| ૨૬ |  | શ્રી મહેન્દ્રભાઇ નટવરલાલ દરજી | પાનસર | મુંબઇ | ૨ | ૫૦૦૦/- |
| ૨૭ |  | શ્રી સાઇરામ ભરોસે | ----- | ----- | ૨૦ | ૫૦૦૦૦/- |
| ૨૮ |  | ગં.સ્વ. રીટાબેન સુધીરભાઈ નગ્રાસના | ----- | અમદાવાદ | ૨ | ૫૦૦૦/- |
| ૨૯ |  | જગદજનની શ્રી જક્ષણીમાં ભરોશે | ----- | ----- | ૩૩ | ૮૨૫૦૦/- |

## આપણો સમાજ પ્રગતિના પંથે
## કલોલના શ્રી રણજીતભાઇ રમેશભાઇએ સહપરિવાર ધંધાર્થે અમેરિકા પ્રયાણ કર્યુ



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના મૂળ વામજ ગામના અને હાલ કલોલ મુકામે રહેતા શ્રી રમેશભાઇ મણીલાલ દરજી અને તેમનો સમગ્ર પરિવાર આપણા સમાજ માં એક ખંતીલા સમાજ સેવક અને ભગવાન શ્રી સ્વામીનારાયણના પરમભક્ત તરીકે જાણીતા છે. શ્રી રમેશભાઇ મણીલાલના પુત્ર અને શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ કારોબારી સભ્ય એવા શ્રી રણજીતભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતિ ભદ્રીકાબેન તા. ૨૧.૦૯.૨૦૨૧ ના રોજ બીઝનેસ/રેસિડન્સ વિઝા અન્વયે અમેરિકા–મેરીલેન્ડ મુકામે હાલ અભ્યાસ કરતા પોતાના પુત્ર ચિ. જય પાસે ગયેલ છે.

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ ના હોદ્દેદારો તરીકે અમે હાર્દિક પ્રસન્નતા અનુભવીએ છીએ કે શ્રી રણજીતભાઇને અમેરિકન બેંક વતી ખુબ મોટી રકમની લોન ધંધાર્થે મળેલ છે અને તે અન્વયે તેમને કાયમી બીઝનેસ અને રહેઠાણ વિઝા આપેલ છે. શ્રી રણજીતભાઇ અને તેમના ધર્મપત્ની અમેરિકા – મેરીલેન્ડ મુકામે પોતાના પુત્રની પાસે જઇને એક સ્ટોર ખોલવાના છે તે જાણીને કેળવણી મંડળ તેમના આ નવીન સાહસ માટે અભિનંદન આપે છે. આપણી એક ગુજરાતી કહેવત છે કે “સિદ્ધિ એને વરે જે પરસેવે ન્હાય” તે કહેવતને ભાઇશ્રી રણજીતભાઇ એ ખરેખર સાચા અર્થ માં સાર્થક કરી બતાવી છે. તેમણે અને તેમના ધર્મપત્નીએ પોતાના જીવનમાં ઘણા સંઘર્ષોનો સામનો કર્યો અને ખુબ જ મહેનત કરીને પોતાના પરિવારને આગળ લાવ્યા. પોતાના બંને સંતાનોને પણ ઉચ્ચાભ્યાસ કરાવીને તેમના જીવન પણ સાર્થક કર્યા. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇશ્રી રણજીતભાઇ અને શ્રીમતી ભદ્રીકાબેન મેરીલેન્ડ મુકામે સ્ટોર ખોલીને તેનું સુકાન પોતાના પુત્ર શ્રી જય ને સોંપીને પરત આવવાના છે અને ત્યારબાદ ફરીથી ત્યાં જઇને સ્થાયી થઇ જશે.

સામાજિક ક્ષેત્રે પણ ભાઇશ્રી રણજીતભાઇનું અનોખું યોગદાન છે. વર્ષોથી કેળવણી મંડળની કારોબારીમાં રહીને સમાજસેવાનો ભેખ ધારણ કરેલ છે. ભગવાન શ્રી સ્વામીનારાયણ ના પરમભક્ત અને ધર્મનું ચુસ્ત રીતે પાલન કરતા શ્રી રમેશભાઇ મણીલાલ પરિવારને તેમના ધાર્મિક કાર્યોનો બદલો ભગવાન સારી રીતે આપી રહેલ છે અને પરિવારના તમામ સભ્યો પ્રગતિના પંથ પર અગ્રેસર છે.

અત્રે અમોને જણાવતા આનંદ થાય છે કે પોતાની વિદેશ યાત્રાની શુભ ઘડીએ શ્રી રણજીતભાઇ અને તેમના પરિવાર દ્વારા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ દ્વારા દર દિવાળીએ વહેચાતા સમાજના પ્રસાદરૂપી કેલેન્ડરના આ વર્ષ ૨૦૨૧ નું દાન રૂ. ૨૧,૦૦૦/– તેમના તરફ થી મળેલ છે તે બદલ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તેમનો ખુબ ખુબ આભાર માને છે.

કેળવણી મંડળ આ પ્રસંગે શ્રી રમેશભાઇ મણીલાલ, શ્રીમતી હસુમતીબેન રમેશભાઇ, શ્રી રણજીતભાઇ અને શ્રીમતી ભદ્રિકાબેન, અને તેમના બંને સંતાનોને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે અને ભગવાન સ્વામીનારાયણ તેમના પરિવાર ઉપર તેમની કૃપાદ્રષ્ટી હંમેશા બનાવી રાખે અને શ્રી રણજીતભાઇ પોતાના આ સાહસમાં સફળ નીવડે તેવી ભાવના સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ તરફથી પ્રદર્શિત કરવામાં આવે છે.

## સમાજના વધુ એક વિદ્યાર્થીએ ઉચ્ચાભ્યાસાર્થે વિદેશ પ્રયાણ કર્યુ. દહેગામના શ્રી આશિષભાઇ હર્ષદભાઈ વાઘેલા એમ.બી.એ. ના અભ્યાસ અર્થે યુકે – લંડન મુકામે સ્થાયી થયા



માનવીના જીવનના વિકાસમાં શિક્ષણનું અત્યંત મહત્વ રહેલું છે. માણસની આર્થિક, સામાજિક, માનસિક પરિસ્થિતિ તેના શિક્ષણ પર આધાર રાખે છે. “શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ .” ચાણક્યનું આ વાક્ય શિક્ષકનું ઘણું મહત્વ સમજાવી જાય છે. શિક્ષક એ વ્યક્તિ છે જે એક બગીચાને જુદા જુદા રંગરૂપના ફૂલોથી સજાવે છે. જે વિદ્યાર્થીઓને કાંટાળા માર્ગે પણ હસીને ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમને જીવવાનુ કારણ સમજાવે છે. શિક્ષક માટે બધા વિદ્યાર્થીઓ સમાન હોય છે અને તે બધાનુ કલ્યાણ ઇચ્છે છે. શિક્ષક વિદ્યાર્થીને સાચુ–ખોટુ અને સારુ–ખરાબની ઓળખ કરાવવા માટે બાળકની અંદર રહેલી શક્તિઓને વિકસિત કરવાની આંતરિક શક્તિને વિકસિત કરે છે.

આપણા જીવનને યોગ્ય માર્ગે લઈ જવામાં શિક્ષક ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. આપણા જ્ઞાન, કૌશલ્યો અને આવડતને જાણીને આપણી સફળતામાં સહભાગી અને માર્ગદર્શક બને છે. આપણો આત્મવિશ્વાસ વધારીને, આપણો આત્મવિશ્વાસ બનીને આપણને સફળતાના શિખરો સર કરાવે છે. એકડે એક ઘુંટાવવાથી લઇને જીવનમાં અનેક સંસ્કારોનું સિંચન કરે છે. માત્ર અક્ષરજ્ઞાન જ નહી પણ બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષક હમેશાં ચિંતિત હોય છે. એક ડૉક્ટર, એક વકીલ, એક પ્રોફેસર, એક અધિકારી કે એક સફળ ઉદ્યોગપતિના ઘડતરમાં શિક્ષકનો ખૂબ જ મહત્વનો ફાળો હોય છે. દેશના ભાવિ નાગરિકોના સર્જનનો પાયો એક શિક્ષકના હાથમાં છે. એક શિક્ષક જ છે જે હંમેશા પોતાના વિદ્યાર્થીઓની પ્રગતિથી ખુશ થાય છે. એક એક સફળ વિદ્યાર્થી એમના માટે એક વિશેષ પુરસ્કાર હોય છે. બીજાની સફળતા પર ગર્વ લેવો એ એક શિક્ષક હ્રદય જ કરી શકે છે.

હાલના સમયમાં દરેક માતા પોતાનો પુત્રમાં પોતાના પતિ એટલે કે પુત્રના પિતાનો અણસાર જોવા મળે તેમ ઇચ્છે છે જયારે પિતા પોતાના બાળકોમાં પોતાના ગુણ લક્ષણોના દર્શન કરવા ઇચ્છે છે. દુનિયાનો દરેક પિતા ઇચ્છે છે કે પોતાનો પુત્ર પોતાના આદર્શ પર ચાલે અને એક સફળ વ્યક્તિ બને. અને જયારે બાપ કરતા બેટો સવાયો બને ત્યારે બાપને જ અનેરો આનંદ થાય છે.

મૂળ વાત છે આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના એક રત્ન અને વર્ષ ૨૦૨૦ માં સરકારશ્રી દ્વારા આપવામાં આવતા "પ્રતિભાશાળી શિક્ષક એવોર્ડ" ના વિજેતા મૂળ ગામ વામજના ભાઇ શ્રી હર્ષદભાઈ પ્રવીણભાઈ વાઘેલા, ભાઇશ્રી હર્ષદભાઈ છેલ્લા કેટલાય વર્ષોથી દહેગામ મુકામે મોસમપુરા પ્રાથમિક સ્કુલમાં પ્રિન્સીપાલ તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. તેઓશ્રી પોતાની સ્કુલના દરેક બાળકને એકદમ સરળ અને આધુનિક શિક્ષણ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આધુનિક જમાનાના ભણતરને અનુરૂપ પોતાની સ્કુલ અને બાળકો નો વિકાસ તે તેમનો ધ્યેય છે. "મોર ના ઇંડા ચીતરવા ના પડે" એ કહેવતને સાર્થક કરેલ છે, તેમના બંને સંતાનો શ્રી ચિંતનભાઇ અને શ્રી આશિષભાઇ એ. શ્રી હર્ષદભાઈના મોટા દીકરા ચિંતનભાઇ એ બી.ઇ.ઈલેક્ટ્રીકલ અને નાના દીકરા આશિષભાઇ એ બી.ઇ. મીકેનીકલનો અભ્યાસ કરેલ છે.


અત્રે કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો, હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ ગર્વની લાગણી અનુભવે છે કે શ્રી હર્ષદભાઇના નાના દીકરા ભાઇશ્રી આશિષભાઇ ને એમ.બી.એ. ના ઉચ્ચાભ્યાસ અર્થે યુ કે – લંડન ના સ્ટુડન્ટ વિઝા મળેલ છે અને તેઓ શ્રી તા.૨૩.૦૯.૨૦૨૧ ના રોજ લંડન ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ માતાપિતા દ્વારા મળેલ સંસ્કારો, પોતાની મહેનત અને આવડત થી મળેલ છે. તેમના આરાધ્ય દેવ શ્રી સ્વામીનારાયણ ભગવાનની કૃપાથી તેઓ આ સિદ્ધિને વર્યા છે.

કેળવણી મંડળના તમાકારોબારી સભ્યો, હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી શ્રી આશિષભાઇને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇશ્રી હર્ષદભાઇ પ્રવીણભાઇ વર્ષોથી આપણા સમાજની કેળવણી મંડળમાં કારોબારી સભ્ય તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. સર્વાવતારી પૂર્ણ પુરુષ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરી શ્રી મહંતસ્વામી મહારાજ તથા કુળદેવી શ્રી બ્રહ્માણીમાતાની અસીમ કૃપાથી તેમના પરિવારમાં આ ખુશીની ઘડી આવી છે ત્યારે કેળવણી મંડળના તમામ સદસ્યો ખુબ જ આનંદ ની લાગણી અનુભવે છે.

શ્રી આશિષભાઇની સફળતાના ભાગીદાર તેમના માતાપિતાશ્રી હર્ષદભાઇ અને શ્રીમતી હંસાબેન, તેમના મોટાભાઇશ્રી ચિંતનભાઇ અને ભાભી શ્રીમતી અંકિતાબેન અને ભત્રીજી ચિ. શ્રેયા અને સમસ્ત પરિવારને ફરીથી અભિનંદન આપવામાં આવે છે અને શ્રી આશિષભાઇ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં હજુ પણ ઉત્તરો ઉત્તર પ્રગતિ કેરે તેવી શુભેચ્છાઓ કેળવણી મંડળના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો અને શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના તમામ વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.

**સમાજનું ગૌરવ**
**સમાજની એક દીકરીએ**
**ઉચ્ચાભ્યાસ અર્થે**
**કેનેડા પ્રયાણ કર્યું**
**કુ. અંકિતા રાજેશભાઇ દરજી**



"યત્ર નાર્યેસ્તુ પૂજયન્તે રમંતે તત્રે દેવતા" આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે જયાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે. ભારતીય નારી સાચા અર્થમાં નારાયણી અને પુરુષ સમોવડી બને એમાં એની એકલીનું જ નહિ પણ તેના પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું કલ્યાણ થાય છે. આજે આપણે વાત કરીએ છીએ શ્રી બતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ માથાસુરના અને હાલ રાણીપ નિવાસી અને સમાજ સેવામાં હંમેશા અગ્રેસર એવા ભાઇશ્રી રાજેશભાઇ મણીલાલ દરજી અને શ્રીમતી મનીષાબેન રાજેશભાઇ દરજીની લાડકી દિકરી કુ. અંકિતાની.

સમાજ શ્રેષ્ઠી એવા સ્વ. મણીલાલ ઉમેદરામના પરિવારના એક સભ્યને જયારે આપણે શુભેચ્છા આપી રહેલ છે તો સ્વ. મણીલાલ પરિવારની સમાજ સેવા અને સમાજના લોકો પ્રત્યેનું તેમનું જે યોગદાન છે તે યાદ નહિ કરીએ તો અશોભનીય લાગશે. સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાં સ્વ. શ્રી મણીલાલ ઉમેદરામ પરિવારનું એક અલગ, ઉચ્ચ અને સન્માનીય સ્થાન છે. સ્વ. મણીલાલનો સમાજ સેવાનો વારસો હાલ પણ તેમના ત્રણે પુત્રો શ્રી રાજેશભાઇ, શ્રી જયંતીભાઇ અને શ્રી શૈલેષભાઇએ જાળવી રાખ્યો છે. કુ. અંકિતા વિષે વાત કરતા પહેલા અમો આ પરિવારનો આભાર માનીએ છીએ.

શ્રી રાજેશભાઇ મણીલાલ અને શ્રીમતી મનીષાબેન રાજેશભાઈને ચિ. સ્મિત અને કુ. અંકિતા એમ બે સંતાન છે. કુ. અંકિતા નો જન્મ તા.૦૧/૧૨/૧૯૯૮ ના રોજ નારણપુરા મુકામે થયેલ અને હાલ પોતાનું ખીલખીલાટ કરતું બાળપણ રાણીપ મુકામે પોતાના પરિવાર સાથે વિતાવેલ છે. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઇક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતી ગઇ. સૌ પ્રથમ ધોરણ દસ ની પરીક્ષા વર્ષ ૨૦૧૪ માં આપી અને તેમાં ૮૧% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૧૬ માં ધોરણ બાર ની પરીક્ષા પણ ૬૦% ગુણ સાથે પાસ કરી. વર્ષ ૨૦૧૯માં બી.એસ.સી. મેથેમેટિક્સ ની પરીક્ષા ૭.૬ બેન્ડ સાથે પાસ કરી અને છેલ્લે તા. ૧૨/૧૨/૨૦૧૯ ના રોજ ILETS ની પરીક્ષા ૬.૫ બેન્ડ સાથે પાસ કરી. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજની આ દીકરીને ભાઈશ્રી રાજેશભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી મનીષાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પડી.

હાલના જમાનામાં પણ સમાજની એક કરુણતા છે કે સમાજના માણસો હંમેશા ટકોર કરતા રહેશે કે દીકરીને બહુ ભણાવાય નહિ અને દીકરી પાછળ ખોટા ખર્ચા કરાય નહિ. છતાં પણ શ્રી રાજેશભાઇ અને શ્રીમતી મનીષાબેને હિંમત હાર્યા વિના પોતાની લાડકી દીકરીને દીકરાની સમકક્ષ ગણીને તેને ઉડવાનું આકાશ પૂરું પડ્યું. ILETS માં મેળવેલ સારા બેન્ડના હિસાબે કુ. અંકિતાએ ઉચ્ચ અભ્યાસ અર્થે કેનેડા જવાનો એક સાહસિક નિર્ણય લીધો અને કેનેડાના ટોરેન્ટોમાં આવેલ પ્રસિદ્ધ સેનેકા કોલેજમાં કોમ્પ્યુટર પ્રોગ્રામિંગના બે વર્ષના કોર્ષ માં એડમિશન લીધું અને તે અન્વયે કેનેડા સરકાર દ્વારા તેમને બે વર્ષના સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા.

શ્રી રાજેશભાઇ અને શ્રીમતી મનીષાબેન દ્વારા પોતાની દીકરીના આ નિર્ણયને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પડી છે તેમની એ સમજણને સલામ છે. કુમારી અંકિતાએ તા. ૧૭-૫-૨૦૨૧ના રોજ પટેલ ભાર્ગવ સુનીલભાઇ સાથે લગ્ન કરીને તા. ૧૭-૫-૨૦૨૧ના રોજ કેનેડા જવા પ્રયાણ કર્યું.

અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી કુ. અંકિતાને અભિનંદન આપવામાં આવે છે અને તેઓ ભવિષ્યમાં તે જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ આપવામાં આવે છે.

કુલ દાન ભેટમાં આવેલ કીટની સંખ્યા (૧૨૦)
અને રકમ (રૂા. ૩૦૦૦૦૦/-)
કોરોનાની બીજી લહેરમાં વહેચેલ કીટની સંખ્યા (૧૨૦)
અને રકમ (રૂા. ૩૦૦૦૦૦/-)

**કીટ માં સામેલ વસ્તુની યાદી**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘઉં | ૨૫.૦૦ | કિલો | ખાંડ | ૨.૦૦ | કિલો |
| અંકુર કપાસિયા તેલ | ૫.૦૦ | કિલો | ગોળ | ૨.૦૦ | કિલો |
| ખીચડી ના ચોખા | ૬.૫૦ | કિલો | વાઘબકરી ચા | ૫૦૦ | ગ્રામ |
| ભાતના ચોખા | ૨.૫૦ | કિલો | મરચું પાવડર | ૫૦૦ | ગ્રામ |
| માગની દાળ | ૨.૦૦ | કિલો | ધાણાજીરું | ૨૦૦ | ગ્રામ |
| તુવેરની દાળ | ૨.૦૦ | કિલો | હળદળ | ૨૦૦ | ગ્રામ |
| મીઠું | ૧.૦૦ | કિલો | | | |
| | | | કુલ કિંમત કીટ | રૂ. ૨૫૦૦/- | |

## મેડાઆદરજ ગામના આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના દરજી ભાઈઓ / બહેનો દ્વારા સતત નવમાં વર્ષે સુવાળા બ્રહ્માણી માતાજીને ધજા ચઢાવવામા આવી.



મેડા આદરજ ગામમાં વસતા આપણા સમાજના કુટુંબો દ્વારા દર વર્ષે ચૈત્રી સુદ પુનમના દિવસે ધાર્મિક પર્વ ઉજવવામાં આવે છે. છેલ્લા આઠ વર્ષથી તેઓ દ્વારા તેમના કુળદેવી એવા શ્રી બ્રહ્માણી માં ના ચુવાળ પંથકમાં આવેલ સુવાળા ગામે આવેલ મંદિર સુધી પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે.

પરંતુ આ વર્ષે વૈશ્વિક મહામારી કોવીડ ૧૯ અને સરકાર શ્રીની ગાઇડલાઇન પ્રમાણે પ્રતિબંધના કારણે પણ ચૈત્રસુદ પુનમના દિવસે પગપાળા સંઘનું આયોજન રદ કરવામા આવેલ. પરંતુ બ્રહ્માણી માતાના પરમભક્તો એવા મેડાંઆદરજ પરિવારો દ્વારા વાહનથી સુવાળા પહોચીને તેમની વર્ષો જુની પરંપરા મુજબ માતાજી ને ધજા ચઢાવેલ હતી.

આપણા સમાજમાં આવી ધાર્મિક પ્રવુતિ સતત ચાલુ રાખવા બદલ મેડા આદરજ ગામ સમસ્ત દરજી પરિવારો માટે આપનો સમગ્ર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ગૌરવ અનુભવે છે.

## કેળવણી મંડળ ના આજીવન દાનેશ્વર સભ્ય બની આપણા શ્રી બેતાલીસગોળ દરજી સમાજ પ્રત્યે કૃતજ્ઞ બનીયે :

કોઇપણ સંસ્થા હોય તેનું પીઠબળ તેની સભ્ય સંખ્યા હોય છે. શ્રી બેતાલીસ ગોળ કેળવણી મંડળ આપ સૌ સમાજના સભ્યોનું પ્રતિનિધિત્વ પૂરું પાડે છે. આપણા સમાજની હાલની પરિસ્થિતિ જોઇએ તો આપણી આ સંસ્થા ઇ.સ. ૧૯૮૫ માં ચાલુ કરવામાં આવી ત્યારે સમાજના આગેવાનો દ્વારા તે સમયના દરેક કુટુંબમાંથી એક મોભીને આજીવન સભ્ય બનાવવામાં આવેલ પરંતુ હાલની પરિસ્થિતિ માં લગભગ એજ સભ્યો આજીવન સભ્ય તરીકે નોંધાયેલા છે. તે સમયે નોંધાયેલ આજીવન સભ્યોની બીજી કે ત્રીજી પેઢી આજની તારીખે પોતાના કુટુંબના મોભી હશે પરંતુ મોટાભાગના સભ્યો હજુ સુધી પોતાનું નામ કેળવણી મંડળમાં આજીવન સભ્ય તરીકે નોંધાવેલ નથી, જે ઇચ્છનીય નથી. કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિધ્યાલક્ષી યોજનાઓ જેવી કે દર વર્ષે પુસ્તક સહાય, વિદ્યાર્થી સહાય વિગેરેનો લાભ આપણા સમાજના દરેક વિદ્યાર્થીઓને મળે તે ઇચ્છનીય છે પરંતુ તે વિદ્યાર્થીના પિતાશ્રી કેળવણી મંડળના આજીવન સભ્ય હોય તે ફરજીયાત છે. જે વિદ્યાર્થીના દાદા આજીવન સભ્ય હોય અને પિતા ના હોય તો તે વિદ્યાર્થીને સમાજ તરફથી અપાતા વિદ્યા સહાય અથવા કોઇપણ સહાય ના લાભ મેળવવા માટે યોગ્ય નથી. વર્ષ ૨૦૧૮ સુધી કેળવણી મંડળ દ્વારા સમાજના તમામ વિદ્યાર્થીઓનું હિત જોઇને આવી સહાય આપવામાં આવેલ છે પરંતુ હવેથી પોતાના સંતાનો માટે પુસ્તક સહાય મેળવવા માંગતા દરેક વાલીએ પોતાનું નામ આજીવન સભ્ય તરીકે ફરજીયાત નોંધાવવાનું રહેશે. એવું પણ નથી કે કુટુંબના વડા જ આજીવન સભ્ય બની શકે ૧૮ વર્ષથી ઉપરના દરેક ભાઇઓ તેમજ બહેનો આજીવન સભ્ય બની શકે છે. છેલ્લે સમાજના તમામ સભ્યો કે જે હજુ સુધી આજીવન સભ્ય નથી બન્યા તે તમામને નમ્ર વિનંતી કે આપણી આ સહિયારી સંસ્થાની વિનંતીને માન આપીને વહેલી તકે પોતાનું નામ આજીવન સભ્ય તરીકે નોંધાવી સમાજ પ્રત્યેની પોતાની ફરજ અદા કરે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેળવણી મંડળ દ્વારા ચાલુ કરવામાં આવેલ મૃત્યુ સહાય યોજનામાં પણ પરિવારના પાંચ સભ્યોમાંથી એક સભ્ય આજીવન સભ્ય હોવો જરૂરી છે. અન્યથા તેઓ આ યોજનાનો કોઇપણ લાભ મેળવી શકશે નહિ. આથી કેળવણી મંડળ તરફથી વિનંતી કરવામાં આવે છે કે જે સભ્ય હજુ સુધી આજીવન સભ્ય ના બન્યો હોય તે રૂ. ૫૦૧/– ભરીને પોતાના એરિયાના કારોબારી સભ્ય પાસે નામ નોંધાવી લે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દિવાળી કેલેન્ડરના જાહેરખબરના દાતા મૂળ ગામ વામજના અને હાલ કલોલ રહેતા શ્રી રણજીતભાઈ રમેશભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ભાદ્રિકાબેનને ધન્યવાદ પાઠવે છે.




કલોલ નિવાસી ભાઇશ્રી રણજીતભાઇ રમેશભાઇ કેળવણી મંડળમાં હોદ્દેદાર તરીકે ખુબજ સક્રિય રીતે ફરજ બજાવે છે અને પોતાના પિતાશ્રી રમેશભાઇના સંસ્કારોને લઇને હંમેશા આપણા સમાજ અને સમાજના વ્યક્તિઓ માટે કંઈપણ કરી છૂટવાની ભાવના ધરાવે છે. તેમના ધર્મપત્ની શ્રીમતી ભાદ્રિકાબેન પણ તેમના પતિના દરેક કાર્યમાં એટલોજ સાથ અને સહકાર આપે છે. ભાઇશ્રી રણજીતભાઇ એક સાહસિક નવયુવાન છે. ટૂંકા ગાળામાં પોતાના દરજીકામના વ્યવસાયમાં નોંધપાત્ર પ્રગતિ કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે આ સમસ્ત પરિવાર સ્વામીનારાયણ સંપ્રદાયનો ચુસ્ત અનુયાયી છે. શ્રી રણજીતભાઇનો દીકરો ભાઇશ્રી જય અમેરિકા મુકામે સ્થાયી થયેલ છે. શ્રી રણજીતભાઇ અને શ્રીમતી ભદ્રીકાબેન હમણાં જ તા. ૨૧.૦૯.૨૦૨૧ ના રોજ પોતાનો સ્વતંત્ર

વ્યવસાય ચાલુ કરવા અમેરિકા ગયેલ છે. તેઓશ્રીએ પોતાની સામાજિક લાગણીરૂપે આ વર્ષે રૂ. ૨૧,૦૦૦/- આપીને આપણા સમાજને અપાતા દીપાવલી કેલેન્ડરના જાહેરાતદાતા બનેલ છે. શ્રી રણજીતભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ભદ્રીકાબેનનો કેળવણી મંડળ તેમનો ખુબ ખુબ આભાર માને છે અને જીવનમાં સતત પ્રગતી કેરે તેવી ભાવના રાખે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તરફથી નુતન વર્ષ સવંત ૨૦૭૭ માટે નવું નવલું નજરાણું આકર્ષક કેલેન્ડર



કેળવણી મંડળ સન ૧૯૮૪ થી પ્રતિ વર્ષ સંસ્થાની શુભેચ્છા પ્રદર્શિત કરતુ આકર્ષક અને અનેરું કેલેન્ડર બનાવીને દટ્ટા સાથે સમાજના દરેક કુટુંબને પ્રદાન કરે છે. આપણું કેલેન્ડર આકર્ષક અને વિશીષ્ટ હોય છે. આ કેલેન્ડર આપણા સમાજ અને સંગઠનનું પ્રતિક અને સમાજ તરફથી એક પ્રસાદી હોઈ બહુજ મુલ્યવાન છે. કેળવણી મંડળ દ્વારા એક સરક્યુલર આપીને સમાજના દરેક સભ્યને વાર્ષિક દાન ભેટ પેટે ઓછામાં ઓછા રૂા. ૨૫૦/- નું દાન આપવાની વિનંતી કરવામાં આવી હતી. અમોને જણાવતા આનંદ થાય છે કે સમાજના બહુધા સભ્યોએ અમારી વિનંતીનો સ્વીકાર કર્યો અને રૂા. ૨૫૦/- અને તેની ઉપરનું દાન આપ્યું. આ બદલ કેળવણી મંડળ તે તમામ સભ્યોનો આભાર માને છે. રૂા. ૨૫૦/- થી ઉપરનું દાન આપનાર તમામ સભ્યોના નામ અમે આ અંકમાં જાહેર કરેલ છે સમાજના જે પણ સભ્યો એ રૂા. ૨૫૦/- થી ઓછું દાન આપ્યું છે તેમને વિનંતી કરીએ છીએ કે સમાજની આ સેવાલક્ષી સંસ્થાને કામ કરવાની પ્રેરણા મળી રહે તે અર્થે આપનો સહયોગ અનિવાર્ય છે.

## કેળવણી મંડળના કારોબારી સભ્ય અને સમાજના દરેક સ્વર્ગસ્થના પરિવારજનોને આજીવન સ્વર્ગસ્થનો ફોટો આપનાર શ્રી પીયુષભાઇ અમૃતભાઇ દ્વારા કલોલ મુકામે નવિન ઘર લેવામાં આવ્યું અને ગૃહપ્રવેશ નિમિત્તે કર્યુ વાસ્તુપૂજનનું આયોજન



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના અતિ પ્રતિષ્ઠ પરિવાર એવા મૂળ ગામ છત્રાલના શ્રી અમૃતલાલ અંબાલાલ પરિવારથી આપણે સૌ સુપેરે પરિચિત છીએ. આજ પરિવારના એક કુળદીપક એટલે શ્રી પીયુષભાઇ અને કેળવણી મંડળના ખુબજ સક્રિય કાર્યકર એવા શ્રી પીયુષભાઇ અમૃતભાઇ દ્વારા કલોલ મુકામે અત્યાધુનિક બંગલો બનાવીને તેનું વાસ્તુપૂજન કરીને ગૃહપ્રવેશ કર્યો. અત્રે અમોને જણાવતા અત્યંત આનંદ થાય છે કે શ્રી પીયુષભાઇ છત્રાલ મુકામે પોતાની ખુશ્બૂ એલોયસ નામની સ્ટીલ મેન્યુફેક્ચરિંગની કંપની ધરાવે છે. સમસ્ત સમાજ જાણે છે કે તેઓ શ્રી પોતાના સ્વર્ગસ્થ માતૃશ્રી સુધાબેનના નામે સમાજના કોઇપણ કાર્યમાં પોતાની દાનભેટ નોંધાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાય વર્ષોથી ભાઇશ્રી પીયુષભાઇ દ્વારા આપણા સમસ્ત સમાજમાં અવસાન પામતા દરેક સ્વર્ગસ્થનો ફોટો તેમના માતૃ શ્રી સુધાબેન અમૃતલાલને શ્રધ્ધાંજલિ સ્વરૂપે આપવામાં આવે છે. તેમની સમાજ પ્રત્યે ની આવી નિષ્ઠાને સમગ્ર કેળવણી મંડળ વંદન કરે છે.

ભાઇશ્રી પીયુષભાઇની સામાજિક અને આર્થિક પ્રગતિમાં તેમના ધર્મપત્ની શ્રીમતી અમીતાબેન પણ બરાબરના ભાગીદાર છે. ભાઇશ્રી પીયુષભાઇ અને શ્રીમતી અમીતાબેનને વિધાન અને હેત્વી નામે બે સંતાનો છે. આ તબક્કે શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા પોતાના સનિષ્ઠ કાર્યકર એવા શ્રી પીયુષભાઇ અને શ્રીમતી અમિતાબેનને તેમના સુખી ભવિષ્ય અને પ્રગતિ માટે વિશેષ આશિષ આપવામાં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના સમાજ કેળવણી મંડળના સક્રિય કાર્યકર / કારોબારી સભ્ય એવા કલોલના શ્રી દિલીપભાઇ મંગળદાસ દ્વારા નવીન મકાન લેવામાં આવ્યું અને પૌત્રની બાબરીનો પ્રસંગ ધામધૂમથી ઉજવ્યો.




સમાજની કેળવણી મંડળમાં વર્ષોથી પોતાની સેવાઓ આપી રહેલ અને સમાજ સેવાના દરેક કાર્યમાં પોતાનો સક્રિય ફાળો આપનાર કેળવણી મંડળના કારોબારી સભ્ય એવા કલોલના શ્રી દિલિપભાઇ મંગળદાસ દરજી દ્વારા કલોલ ન્યુ પંચવટી એરીયામાં શિવશક્તિ આર્કેડમાં અધતન નવીન મકાન લેવામાં આવ્યું. શ્રી દિલિપભાઇ નાનપણથી આપણા પરંપરાગત દરજીકામના વ્યવસાયમાં પારંગત છે અને હરિ ઓમ ટેલર્સ નામની પોતાની દુકાન વર્ધમાનનગર એરિયામાં વર્ષોથી ચલાવે છે. તેમનું કામ એ એરિયામાં ખુબ જ વખણાય છે અને શ્રી દિલિપભાઇ પોતાના વ્યવસાય થકી પ્રગતિના પંથે છે. તેઓશ્રી એ દરજીકામના વ્યવસાયમાં અસાધારણ પ્રગતિ કરેલ છે જે તેમની મહેનત અને કામ પ્રત્યેની નિષ્ઠાનું ફળ છે.

તેમના જીવનમાં હાલમાં જ એક બીજો રૂડો અવસર આવ્યો તેમના સુપુત્રશ્રી પાર્થ દિલીપભાઇ દરજી અને શ્રીમતી રજનીબેન પાર્થ દરજી ના પુત્ર ચિ. ભવ્યની બાબરીનો ધાર્મિક પ્રસંગ તા. ૧૯.૧૧.૨૦૨૦ ના રોજ ખુબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. તેઓ સહપરિવાર અન્ય સગા સંબંધી સાથે પોતાના કુટુંબની પ્રથા અનુસાર તેમના કુળદેવી બહુચરાજી માંના સાનિધ્યમાં જઇને બાબરીનો પ્રસંગ ઉજવ્યો.

અત્રે શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ શ્રી દિલીપભાઇ મંગળદાસ, શ્રીમતી ભાવનાબેન દિલીપભાઇ, પાર્થ દિલીપભાઈ દરજી, શ્રીમતી રજનીબેન પાર્થ દરજી તેમજ ચિ. ભવ્ય ને ખુબ ખુબ અભિનંદન આપે છે અને તેઓશ્રી ભવિષ્યમાં પ્રગતિના પંથ ઉપર અગ્રેસર રહે તેવી ભાવના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.


**કેળવણી મંડળના પૂર્વ ઉપપ્રમુખ અને અદના સમાજ સેવક એવા વાવોલના શ્રી મનુભાઇ સોમનાથ દરજીના પરિવાર પર ફરીથી કુદરત નો વજાઘાત – સમસ્ત સમાજ આ દુ:ખની ઘડીમાં તેમના પરિવારને સાંત્વના આપે છે.**



અત્રે કેળવણી મંડળને ખુબ દુ:ખ સાથે જણાવવું પડે છે કે અમારા પૂર્વ સાથીદાર અને સમાજ સેવાને હંમેશા પોતાના કામથી પણ વધારે મહત્વ આપનાર એક સક્રિય કાર્યકર તરીકે જાણીતા એવા વાવોલના શ્રી મનુભાઇ સોમનાથના પરિવાર પર દુખોનો પહાડ તૂટી પડેલ છે. શ્રી મનુભાઇના જયેષ્ઠ પુત્ર ભાઇશ્રી કલ્પેશભાઇ મનુભાઇ દરજી નું તારીખ ૧૯.૦૯.૨૦૨૦ ના શનીવારના રોજ કોરોનાની બીમારીને કારણે દુ:ખદ અવસાન થયું અને ત્યારબાદ ફક્ત છ મહિનાના ગાળામાં તારીખ ૨૭.૦૪.૨૦૨૧ ના રોજ પરિવારના મોભી એવાશ્રી મનુભાઇ સોમનાથનું ફક્ત ૬૩ વર્ષની ઉમરમાં દુ:ખદ અવસાન થયું.

ભગવાન પણ વિધાતાના લેખ સામે લાચાર છે. સ્વ. શ્રી મનુભાઇની સમાજસેવા વિષે સમાજને કંઇપણ જણાવવાની જરૂર નથી. તેઓશ્રી આજીવન સમાજસેવાના કાર્યમાં વ્યસ્ત રહ્યા અને જીવનના અંત સુધી પોતાના સમાજના સભ્યોની પોતાના પરિવારના સભ્યોની જેમ ચાકરી કરી. કેળવણી મંડળ આવા નિ:સ્વાર્થ સમાજ સેવકને સલામ કરે છે અને તેમની અંતિમવિદાયથી સમગ્ર પરિવારને તેમજ સમાજને એક આદર્શ વ્યક્તિની ખોટ પડેલ છે જે ક્યારેય પૂરી શકાશે નહિ. શ્રી મનુભાઇ સોમનાથ દરજીના સમગ્ર પરિવારને આ આઘાત અને દુ:ખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેમજ સદગતના આત્માને ચીર શાંતિ અર્પે તેવી શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તેમજ સમાજ હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

**શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના પ્રમુખ એવા કલોલના શ્રી બીપીનભાઈ જીવણલાલ દરજીએ પોતાના પિતાની છત્રછાયા ગુમાવી.**



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મુખપત્રક એવા બેતાલીસ દીપકના માધ્યમથી ખુબ જ દુ:ખ સાથે જણાવવું પડે છે કે હાલના કેળવણી મંડળના પ્રમુખ એવા શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી અને કલોલ સ્થિત શ્રી ચીનુભાઇ દરજી પ્રેરિત ક્રેડીટ સોસાયટીના સ્વપ્નદ્રષ્ટા અને એક મહાન સમાજ સેવક એવા સ્વ.શ્રી ચીનુભાઇ જીવણલાલ દરજીના પિતાશ્રી, કેળવણી મંડળના સહમહામંત્રી શ્રી મુકેશભાઇ ચીનુભાઇએ દરજી અને કારોબારી સભ્ય એવા શ્રી ધવલભાઇ બિપીનચંદ્ર દરજીના પૂજ્ય દાદાશ્રી એવાશ્રી જીવણલાલ છગનલાલ દરજી તા. ૦૯.૧૧.૨૦૨૦ ના રોજ ૯૧ વર્ષની ઉમરે સ્વર્ગલોક સિધાવ્યા.

સ્વ. જીવણલાલ વિષે વધુ નહિ પણ ટૂંકમાંજ જણાવીએ તો આપ સૌ જાણો છો તેમ તેઓ પોતે તો એક અદના સમાજ સેવક હતા અને આજીવન પોતાના સમાજ પ્રત્યે એક પરિવારની ભાવના સાથે જીવ્યા. તેઓશ્રીએ પોતાના સમસ્ત પરિવારને સામાજિક સમરસતા અને સમાજ સેવાના ગુણો ખુબ સરસ રીતે સાસ્વત કરાવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આપણા આખા સમાજમાં ફક્ત જીવણલાલ છગનલાલ દરજી પરિવારના સૌથી વધારે સભ્યો સમાજસેવાનો ભેખ ધારણ કરીને સમાજની સેવાભાવી સંસ્થા એવી કેળવણી મંડળમાં પોતાની સેવાઓ આપી રહેલ છે.

શ્રી જીવણલાલ છગનલાલ દરજીના મોટા પુત્ર એવા સ્વ. ચીનુભાઈ જીવણલાલ દરજીએ વર્ષો સુધી આજીવન કેળવણી મંડળ માં પોતાની સેવાઓ આપી. અત્રે ઉલ્લેખનીય છે કે પોતાના પિતા શ્રી ની પ્રેરણાથી તેઓશ્રી એ તા. ૦૯.૧૨.૧૯૯૭ ના રોજ ગાંધીનગરમાં યોજાયેલ આપણા સમાજના પ્રથમ સમુહલગ્નમાં પોતાના પુત્ર પુત્રી સાથે પરિવારના પાંચ સભ્યોના નામ લગ્ન માટે નોંધાવ્યા હતા અને સમાજના સમુહલગ્નના પ્રારંભને સફળ બનાવેલ. સ્વ. ચીનુભાઇ જીવણલાલ દ્વારા પોતાના પિતાશ્રી એવા સ્વ. શ્રી જીવણલાલની પ્રેરણાથી જ સમાજના દરેક વ્યક્તિને આર્થિક રીતે મદદરૂપ થવા સમાજની ક્રેડીટ સોસાયટી બનાવવાનો નિર્ણય કર્યો હતો પરંતુ તેઓ આ નિર્ણયને સાર્થક કરે તે પહેલા સ્વર્ગલોક સિધાવ્યા પરંતુ ત્યારબાદ સ્વ. શ્રી જીવનલાલના બીજા પુત્ર શ્રી બિપીનચંદ્ર દ્વારા આ ભગીરથ કાર્યનું બીડું ઉપાડીને પોતાના પિતાશ્રી તેમજ મોટાભાઇશ્રીના સપના ને સથાર્ક કર્યા અને અનેક વિઘ્નો વચ્ચે કલોલ મુકામે સમાજની ક્રેડીટ સોસાયટીની સ્થાપના કરી. આ સોસાયટી હાલ સમાજના તમામ લોકોને કેટલી ઉપયોગી છે તે સમસ્ત સમાજ જાણે છે.

આવા કૃતજ્ઞ, પરોપકારી, દીઘર્દ્રષ્ટા અને સેવાભાવી વ્યક્તિને ખોવાથી સમગ્ર પરિવારને તેમજ સમાજને એક આદર્શ વ્યક્તિની ખોટ પડેલ છે જે ક્યારેય પૂરી શકાશે નહિ. શ્રી જીવણલાલ છગનલાલ દરજીના સમગ્ર પરિવારને આ આઘાત અને દુ:ખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેમજ સદ્‌ગતના આત્માને ચીર શાંતિ અર્પે તેવી શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તેમજ સમાજ હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

તૂટતા સબંધની દોરી દેખાય તો જરાક તપાસી લેજો
કાતર કદાચ પોતાનાથી જ તો નથી લાગી ને ?
ઘણીવાર એવું બનતુ હોય છે એ
પાછળ હાથ સામેવાળાનો હોતો જ નથી.
રાધે... રાધે...

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ એવા કલોલના શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ દરજીએ પોતાના માતૃશ્રીની છત્રછાયા ગુમાવી.




શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના કાર્યકારી પ્રમુખ એવાશ્રી અલ્પેશભાઈ ભલાભાઈ દરજીના માતૃશ્રી ગં.સ્વ. પુરીબેન ભલાભાઇ દરજી કોરોનાના લીધે તા. ૨૩.૦૪.૨૦૨૧ ના રોજ ૭૮ વર્ષની ઉમરમાં સ્વર્ગલોક સિધાવ્યા.

સ્વ. પુરીબેન એક આદર્શ સન્નારી હતા. તેમણે પોતાના જીવનમાં ખુબજ કપરા દુ:ખો નો સામનો કરેલ છે અને ખુબજ મુશ્કિલ પરિસ્થિતિઓમાં પોતાનું જીવન વ્યતીત કરેલ છે. આપણા સમાજના મૂળ ગામ બોપલ ના સ્વ. પુરષોતમદાસ અને સ્વ. જડીબેન ની સૌથી નાની દીકરી એવા પુરીબેને મૂળ આમજાના અને શાહપુર અમદાવાદ મુકામને પોતાની કર્મભૂમિ બનાવીને રહેતા શ્રી ભલાભાઇ શકરચંદ દરજી સાથે પોતાનો સંસારિક જીવનનો પ્રારંભ કરેલ. તેમના પતિ શ્રી ભલાભાઇ પોતાના નામ પ્રમાણે જ ભોળા હતા તેઓ શ્રી દિલ્હીચકલા મુકામે પોતાની દરજીકામની દુકાન ચલાવતા હતા. આપણા સમસ્ત સમાજમાં સમાજની જૂની પેઢીનો દરેક માણસ આ પરિવારથી સુપેરે પરિચિત છે. સ્વ. પુરીબેન પોતાના ઘરે આવનાર સમાજના દરેક વ્યક્તિની ખુબજ નિષ્ઠાથી સેવા ચાકરી કરતા. તેમણે દરજીકામની ટૂંકી આવક અને બહોળા સંયુક્ત પરિવારમાં ખુબજ આર્થિક તંગીમાં પોતાનું જીવન વ્યતીત કર્યું પણ પરમાત્મા દરેકને પોતાના સારા કર્મોનો બદલો આપે છે તેમ તેમના પરિવારમાં પણ સુખ ની ઘડીઓ આવી અને જીવનના અંતમાં તેઓ પોતાના હર્યાભર્યા પરિવાર સાથે ખુબજ સુખ પૂર્વક રહેતા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કે તેમના સમસ્ત પરિવાર તરફથી વર્ષોથી પોતાના પરમ પૂજ્ય માતૃશ્રી ગં.સ્વ. પુરીબેન ભલાભાઇ દરજીની પ્રેરણાથી સમાજના કોઇપણ કાર્યમાં હંમેશા દાનભેટ આપવામાં આવેલ છે.

પરંતુ કોરોનાની વૈશ્વિક મહામારીનો ભોગ બનીને ગં.સ્વ. પુરીબેન ભલાભાઇએ તા. ૨૩.૦૪.૨૦૨૧ ના રોજ આ દુનિયામાંથી વિદાય લઇને સ્વર્ગલોકમાં સ્થાન મેળવ્યું. આવા સેવાભાવી અને પરોપકારી સન્નારીને ખોવા થી સમગ્ર પરિવારને તેમજ સમાજને એક આદર્શ સન્નારીની ખોટ પડેલ છે જે ક્યારેય પૂરી શકાશે નહિ. સ્વ. પુરીબેન ભલાભાઇ દરજીના સમગ્ર પરિવારને આ આઘાત અને દુ:ખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેમજ સદગતના આત્માને ચીર શાંતિ અર્પે તેવી શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તેમજ સમાજ હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

માટી જો ચપ્પલને ચોટીને આવે તો તે,
ઘરના ઉમરા સુધી જ આવી શકે છે...
પણ, જો માટલું બનીને આવે તો
ઘરના પાણીયારે પુજાય છે.
વ્યક્તિનું નહી પણ વ્યક્તિના
"ઘડતર" નું મહત્વ છે...

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના ઉપપ્રમુખ એવા ગાંધીનગરના શ્રી રાજેશભાઇ કાન્તિલાલ દરજીએ પોતાના માતૃશ્રીની છત્રછાયા ગુમાવી.




શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના ઉપપ્રમુખ એવાશ્રી રાજેશભાઇ કાન્તિલાલ દરજીના માતૃશ્રી અને સમાજના વરિષ્ઠ આગેવાન એવા શ્રી કાન્તિલાલ દરજીના ધર્મપત્ની શ્રી એવા કાંતાબેન દરજી તા.૦૮.૧૦.૨૦૨૦ ના રોજ ૭૭ વર્ષની ઉંમરમાં સ્વર્ગલોક સિધાવ્યા.

મૂળ ઓગણજ ગામના અને હાલ ગાંધીનગર નિવાસી શ્રી કાન્તિલાલ મફતલાલ દરજીના પરિવાર વિષે જણાવીએ તો આ પરિવાર વર્ષોથી કેળવણી મંડળ સાથે સંકળાઇને સમાજસેવાના કાર્યોમાં હમેશા અગ્રેસર રહે છે. શ્રી રાજેશભાઇ કાન્તિલાલ દરજી હાલ કેળવણી મંડળમાં ઉપપ્રમુખ તરીકે પોતાની નિ:સ્વાર્થ સેવાઓ આપી રહેલ છે. તેઓ પોતાના માતૃશ્રી કાંતાબેન અને પિતાશ્રી કાન્તિલાલની પ્રેરણાથી પોતાના પારિવારિક અને ધંધાકીય જવાબદારી કરતા પણ પોતાની સામાજિક જવાબદારીને પ્રાધાન્ય આપે છે.

જીવનના અંતિમવર્ષોમાં સ્વ. કાંતાબેન પોતાના હર્યાભર્યા પરિવાર સાથે ખુબ સુખપૂર્વક પોતાનું જીવન વ્યતીત કરી રહેલ પરંતુ વયમર્યાદા અને અનેક બીમારીઓના હિસાબે તેઓ તા. ૦૮.૧૦.૨૦૨૧ ના રોજ આ દુનિયામાંથી વિદાય લઇને સ્વર્ગલોકમાં સ્થાન મેળવ્યું. આવા સેવાભાવી અને પરોપકારી સન્નારીને ખોવાથી સમગ્ર પરિવારને તેમજ સમાજને એક આદર્શ સન્નારીની ખોટ પડેલ છે જે ક્યારેય પૂરી શકાશે નહિ. સ્વ. કાન્તાબેન કાન્તિલાલ દરજીના સમગ્ર પરિવારને આ આઘાત અને દુ:ખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેમજ સદગતના આત્માને ચીર શાંતિ અર્પે તેવી શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તેમજ સમાજ હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

## શ્રી ચીનુભાઈ દરજી બેતાલીસ ગોળ દરજી સમાજ ક્રેડીટ સોસાયટી એ પોતાના એક સનિષ્ઠ કાર્યકર ને ગુમાવ્યો



કલોલ સ્થિત શ્રી ચીનુભાઇ બેતાલીસ ગોળ દરજી સમાજ ક્રેડીટ સોસાયટીમાં વર્ષોથી રાણીપ એરિયામાં કેન્દ્ર સંચાલકનું કાર્ય કરતા શ્રી હસમુખભાઇ ગોવિંદલાલ તા. ૨૮.૧૧.૨૦૨૦ ના રોજ ૬૭ વર્ષની ઉંમરે અવસાન પામતા સમસ્ત ક્રેડીટ સોસાયટીના હોદ્દેદારો,

ડીરેક્ટરો, કર્મચારીઓ તથા સભ્યોને દુ:ખની લાગણી થઇ છે.

શ્રી હસમુખભાઈ વર્ષોથી ક્રેડીટ સોસાયટીના રાણીપ કેન્દ્ર સંચાલક તરીકે પોતાની સેવાઓ આપી રહેલ. તેઓ શ્રી પોતાના રાણીપ એરિયામાં સભ્યોમાં પોતાના સાલસ સ્વભાવને લઇને ખુબ લોકપ્રિય હતા. કોઇપણ જાતના સ્વાર્થ વગર તેઓ શ્રી સમાજ સેવાના આ કાર્યમાં જોડાયેલ હતા. તેઓ પોતાના સમાજ સેવાના ગુણધર્મને પોતાના પુત્રશ્રી ધર્મેશભાઇને વારસામાં આપેલ છે. સ્વ. હસમુખભાઇના અવસાન પછી હાલ રાણીપ અરિયાના કલેક્શન સેન્ટરની જવાબદારી ભાઇશ્રી ધર્મેશભાઈ હસમુખભાઈ દ્વારા નિભાવવામાં આવી રહી છે.

શ્રી હસમુખભાઈ જેવા સેવાભાવી વ્યક્તિને ખોવાથી ક્રેડીટ સોસાયટી, તેમના સમગ્ર પરિવારને તેમજ સમાજને એક આદર્શ વ્યક્તિની ખોટ પડેલ છે જે ક્યારેય પૂરી શકાશે નહિ. સ્વ. હસમુખભાઈ ગોવિંદલાલ દરજીના સમગ્ર પરિવારને આ આઘાત અને દુ:ખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેમજ સદગતના આત્માને ચીર શાંતિ અર્પે તેવી શ્રી ચીનુભાઈ બેતાલીસ ગોળ દરજી ક્રેડીટ સોસાયટી, શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તેમજ સમાજ હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના પૂર્વ ઉપપ્રમુખ એવા કોલવડાના શ્રી સુરેશભાઈ શકરચંદ દરજી ખુબ નાની ઉંમરમાં સ્વર્ગલોક સિધાવ્યા



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વાવોલના અને વર્ષોથી કોલવડા ગામને પોતાની કર્મભૂમિ બનાવીને રહેતા કલોલ સ્થિત સ્વ. શ્રી ચીનુભાઇ ક્રેડીટ સોસાયટીના ડીરેક્ટરશ્રી એવા અલકાબેન સુરેશભાઇ દરજીના જીવન ભરથાર અને કેળવણી મંડળમાં વર્ષો સુધી ઉપપ્રમુખ તરીકે અને ચીનુભાઈ ક્રેડીટ સોસાયટીમાં ડીરેક્ટર તરીકે પોતાની સેવાઓ આપનાર એવા શ્રી સુરેશભાઇ શકરચંદ દરજીનું તા. ૦૫.૦૮.૨૦૨૧ ના ગુરુવારના રોજ ફક્ત ૫૨ વર્ષની વયે સ્વર્ગલોક સિધાવ્યા. કેળવણી મંડળ તરફથી અમે તે કહેવામાં જરા પણ સંકોચ નથી અનુભવતા કે
શ્રી સુરેશભાઇ કેળવણી મંડળ અને સમાજના એક અદના કાર્યકર હતા અને સમાજના સાચા સેવક હતા. કેળવણી મંડળ દ્વારા આયોજીત કોઇપણ પ્રસંગમાં તેઓ ખુબ મહેનત કરતા અને શરૂઆતથી લઇને પ્રસંગ ના અંત સુધી પોતાની નિ:સ્વાર્થ સેવાઓ આપતા. શ્રી સુરેશભાઇ કેળવણી મંડળમાં પોતાના હોદ્દાની દરકાર કર્યા વિના દરેક કામમાં પોતાનો સમય આપતા મંડળની કોઇપણ મિટીંગ હોય તો તેની વ્યવસ્થાથી લઇને કેલેન્ડર વિતરણ સુધી દરેકના કાર્યમાં તેઓ મહેનતથી કામ કરતા. ટૂંકમાં તેઓશ્રી એક અદના સમાજ સેવક હતા અને તેમના અવસાનથી સમાજ અને કેળવણી મંડળ ની ખુબ મોટી ખોટ પડેલ છે.

સ્વર્ગસ્થ શ્રી સુરેશભાઇ સ્વભાવે ખુબજ ભોળા, સરળ, લાગણીશીલ અને કુટુંબપ્રેમી હતા. શ્રી સુરેશભાઇ અને અલકાબેને પોતાના જીવનમાં ઘણા ચઢાવ ઉતાર જોયા પરંતુ દરેક વિપરીત પરિસ્થિતિનો હિંમતપૂર્વક સામનો કરીને પોતાના પરિવારનું ભવિષ્ય સુનિશ્ચિત કર્યું અને આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં પોતાના પરિવારનું એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું. હાલમાં પણ અલકાબેન કલોલ સ્થિત સ્વ. ચીનુભાઇ ક્રેડીટ સોસાયટીમાં એક ડીરેક્ટર તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે.

શ્રી સુરેશભાઇની અંતિમ વિદાયથી સમગ્ર પરિવારને તેમજ સમાજને એક આદર્શ વ્યક્તિની ખોટ પડેલ છે જે ક્યારેય પૂરી શકાશે નહિ. તેમના સમગ્ર પરિવારને આ આઘાત અને દુ:ખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેમજ સદગતના આત્માને ચીર શાંતિ અર્પે તેવી શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તેમજ સમાજ હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

## સફળતાની ડગર પર મૂળ ગામ વડસ્માના શ્રી અભિષેકભાઇ બળવંતભાઇ દરજીને વિશિષ્ટ એવોર્ડ એનાયત થયો.





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના વડસ્મા ગામના વતની અને હાલ ગાંધીનગર નિવાસી અભિષેક દરજી પોતાની નાનાવિદ્ સફળતાથી નિજ પંથકમાં પ્રખ્યાત બન્યા છે. તાજેતરમાં સમર્પણ આર્ટ્સ અને કોમર્સ કોલેજના રજત જયંતિ પ્રસંગે ભાઇશ્રી અભિષેકને ગોલ્ડ મેડાલીસ્ટ અને પ્રોફેસરના નાતે "સમર્પણ વિશેષ પ્રતિભા સન્માન" થી પોંખવામાં આવ્યા. જે સમગ્ર દરજી સમાજ માટે ગૌરવ લેવા જેવી બાબત છે. મહત્વાકાંક્ષી સ્વભાવના કારણે તે સતત એક પછી એક પડાવ સર કરી રહેલ છે.

– વેબીનારમાં વિવિધ કોલેજમાં પ્રવચન – પ્રખર વક્તા તરીકે ગુજરાત યુનીવર્સીટી જેવી ખ્યાતનામયુનીવર્સીટીમાં તેની નિર્ણાયક તરીકે નિયુક્તિ જ બતાવે છે કે ઝંપીને બેસવું તેમની પ્રવૃતિમાં નથી. સતત વાંચવું, વિચારવું, સર્જન કરવું, અને કોલેજના વિદ્યાર્થીઓની પ્રગતિ માટે પ્રરાસ્ય પ્રયાસ કરવો. તે તેમનો જીવન મંત્ર બની ગયો છે. તેઓ હજુ પણ અનેક પડાવ સર કરશે તેમાં કોઇ શંકા નથી.


સમગ્ર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તેમને તેમની આ સિધ્ધી બદલ અભિનંદનથી વધાવે છે.



## તા. ૦૧-૧૦-૨૦૨૦ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૨૬ |  | સ્વ. કાંતાબેન કાન્તિલાલ દરજી | ગાંધીનગર | ૭૭ | ઓગણજ | ૩૧૮ | ૦૮.૧૦.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૨૭ |  | સ્વ. શાંતાબેન સોમાભાઇ દરજી | ગાંધીનગર | ૮૯ | વાવોલ | ૩૨૩ | ૧૧.૧૦.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૨૮ |  | સ્વ. કનૈયાલાલ છનાલાલ વાઘેલા | ગુરુકુલ/અમદાવાદ | ૮૦ | અડીસણાનું પરુ | ૮૮ | ૦૧.૧૧.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૨૯ |  | સ્વ. જીવણલાલ છગનલાલ દરજી | કલોલ | ૯૧ | મેર્ડા આદરજ | ૪૫૫ | ૦૯.૧૧.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૩૦ |  | સ્વ. સુશીલાબેન લાલભાઇ દરજી | ગોતા હાઉસિંગ | ૬૪ | છત્રાલ | ૫૨૧ | ૧૨.૧૧.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૩૧ |  | સ્વ. જશોદાબેન બળદેવભાઇ દરજી | જગતપુર | ૭૦ | શિલજ | ૫૬૯ | ૧૩.૧૧.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૩૨ |  | સ્વ. અશોકભાઇ બબલદાસ દરજી | ઉવારસદ | ૭૪ | ઉવારસદ | ૨૯૦ | ૨૨.૧૧.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૩૩ |  | સ્વ. હસમુખભાઇ ગોવિંદલાલ દરજી | રાણીપ | ૬૭ | ઝુંડાલ | ૨૩૪ | ૨૮.૧૧.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |

## તા. ૦૧-૧૦-૨૦૨૦ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૩૪ |  | સ્વ. પ્રજ્ઞાબેન સંજયભાઇ દરજી | રાણીપ | ૪૪ | ઉનાવા | ૨૩૦ | ૦૬.૧૨.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૩૫ |  | સ્વ. ભરતભાઇ બચુલાલ દરજી | કોટેશ્વર | ૪૪ | ચાંદખેડા | ૨૯૯ | ૨૬.૧૨.૨૦૨૦ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૩૬ |  | સ્વ. રજનીકાંત બળદેવભાઇ દરજી | ધોળાકુવા | ૪૫ | ઇન્દ્રોડા/વાવોલ | ૩૧૦ | ૦૮.૦૧.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૩૭ |  | સ્વ. મહેશભાઇ નટુભાઇ દરજી | ગોતા | ૪૭ | કોબા/વાવોલ | ૧૭૭ | ૦૯.૦૨.૨૦૨૧ | ૧૪.૦૨.૨૦૨૧ |
| ૬૩૮ |  | સ્વ. અમૃતભાઇ ચીનુલાલ દરજી | સાંતેજ | ૬૮ | સાંતેજ | ૫૪૫ | ૦૨.૦૩.૨૦૨૧ | ૦૭.૦૩.૨૦૨૧ |
| ૬૩૯ |  | સ્વ. મધુબેન ચંદુલાલ દરજી | રાણીપ | ૮૧ | ઉનાવા | ૨૨૩ | ૦૬.૦૩.૨૦૨૧ | ૧૨.૦૩.૨૦૨૧ |
| ૬૪૦ |  | સ્વ. સુમનચંદ્ર બબલદાસ દરજી | સેટેલાઇટ | ૭૩ | ઝુંડાલ | ૭૮ | ૨૧.૦૩.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૪૧ |  | સ્વ. બચુભાઇ બોઘાભાઇ દરજી | ચિલોડા | ૯૧ | ચિલોડા | ૪૧૫ | ૧૦.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |

| તા. ૦૧-૧૦-૨૦૨૦ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે. | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
| ૬૪૨ |  | સ્વ. મીનાબેન બાબુલાલ દરજી | વામજ | ૬૪ | વામજ | ૫૦૨ | ૧૪.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૪૩ |  | સ્વ. દમયંતીબેન જગદીશભાઇ દરજી | મેમનગર | ૭૫ | હાલીશા | ૯૭ | ૧૫.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૪૪ |  | સ્વ. આનંદીબેન દશરથભાઇ દરજી | સોલા રોડ | ૬૫ | આમજા | ૧૨૧ | ૧૮.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૪૫ |  | સ્વ. ગણપતભાઇ ચંદુભાઇ દરજી | શીલજ | ૬૨ | શીલજ | ૫૫૬ | ૧૮.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૪૬ |  | સ્વ. મનુભાઇ ગાંડાલાલ દરજી | ચેનપુર | ૬૨ | નંદાસણ | ૨૧૩ | ૨૨.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૪૭ |  | સ્વ. પુરીબેન ભલાભાઇ દરજી | કલોલ | ૭૮ | આમજા | ૪૫૭ | ૨૩.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૪૮ |  | સ્વ. લીલાબેન ચંદુભાઇ દરજી | કલોલ | ૭૬ | મેર્ડા આદરજ | ૩૦૧ | ૨૪.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૪૯ |  | સ્વ. મનુભાઇ સોમનાથ દરજી | ઉનાવા | ૬૪ | ઉનાવા | ૪૦૦ | ૨૬.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |

## તા. ૦૧-૧૦-૨૦૨૦ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૫૦ |  | સ્વ. મનુભાઇ સોમનાથ દરજી | વાવોલ | ૬૩ | વાવોલ | ૩૪૨ | ૨૭.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૫૧ |  | સ્વ. નટવરલાલ બબલદાસ દરજી | કલોલ | ૭૯ | છત્રાલ | ૪૫૦ | ૨૭.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૫૨ |  | સ્વ. ચીનુભાઇ કેવલદાસ દરજી | કલોલ | ૭૬ | વામજ | ૫૩૨ | ૨૯.૦૪.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૫૩ |  | સ્વ. તરૂણાબેન દિલીપભાઇ દરજી | ગોતા/પિયજ | ૪૬ | ખાનપુર/દહેગામ | ૪૯૬ | ૦૨.૦૫.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૫૪ |  | સ્વ. વિમળાબેન નટવરલાલ દરજી | પાનસર | ૭૦ | પાનસર | ૪૭૭ | ૦૮.૦૫.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૫૫ |  | સ્વ. સરોજબેન સતીશભાઇ ટેલર | નવરંગપુરા | ૬૧ | પાટનાકુવા/ સરસપુર | ૮૭ | ૧૦.૦૫.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૫૬ |  | સ્વ. કમળાબેન ગોવિંદભાઇ દરજી | રાણીપ | ૯૧ | ઝુંડાલ | ૨૩૩ | ૧૪.૦૫.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૫૭ |  | સ્વ. દિલીપભાઇ કનુભાઇ દરજી | ગોતા | ૫૧ | ખાનપુર/દહેગામ | ૪૯૬ | ૧૭.૦૫.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |

## તા. ૦૧-૧૦-૨૦૨૦ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૫૮ |  | સ્વ. ચંપાબેન ચીનુભાઇ દરજી | રકનપુર | ૭૬ | રકનપુર | ૫૪૨ | ૧૯.૦૫.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૫૯ |  | સ્વ. ગોવિંદભાઇ સોમાભાઇ દરજી | ન્યુ રાણીપ | ૭૯ | છત્રાલ | ૪૪૪ | ૦૧.૦૬.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૬૦ |  | સ્વ. મીનાબેન અશોકભાઇ દરજી | ગાંધીનગર | ૫૯ | છત્રાલ | ૩૫૭ | ૦૫.૦૬.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૬૧ |  | સ્વ. મંજુલાબેન લાલભાઇ દરજી | સાણંદ | ૭૦ | ઝુંડાલ | ૫૭૨ | ૨૮.૦૬.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૬૨ |  | સ્વ. સવિતાબેન બચુભાઇ દરજી | સાબરમતી | ૭૮ | સાબરમતી | ૨૩૯ | ૦૫.૦૮.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |
| ૬૬૩ |  | સ્વ. સુરેશભાઇ શકરચંદ દરજી | કોલવડા | ૫૨ | વાવોલ | ૩૮૧ | ૦૫.૦૮.૨૦૨૧ | ૦૯.૦૮.૨૦૨૧ |
| ૬૬૪ |  | સ્વ. સવિતાબેન મણીલાલ દરજી | નિર્ણયનગર | ૮૪ | માથાસુર | ૨૦૨ | ૨૦.૦૮.૨૦૨૧ | ૨૩.૦૮.૨૦૨૧ |
| ૬૬૫ |  | સ્વ. હસમુખલાલ પુરષોત્તમદાસ દરજી | બાપુનગર | ૭૧ | ઝાણું | ૧૧ | ૦૨.૦૯.૨૦૨૧ | લોકડાઉનના હિસાબે મોકૂફ રાખેલ છે |

## તા. ૦૧-૧૦-૨૦૨૦ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૬૬ |  | સ્વ. સૂર્યાબેન પ્રહલાદભાઇ દરજી | કલોલ | ૭૪ | અંબાવપુરા | ૩૩૮ | ૧૯.૦૯.૨૦૨૧ | ૨૪.૦૯.૨૦૨૧ |
| ૬૬૭ |  | સ્વ. અરવિંદભાઇ સોમાભાઇ દરજી | ઘાટલોડિયા | ૫૯ | સોલા | – | ૨૮.૦૯.૨૦૨૧ | ૦૧.૧૦.૨૦૨૧ |
| ૬૬૮ |  | સ્વ. ભાઈલાલભાઇ છનાલાલ દરજી | ભાડજ | ૫૮ | સરઢવ | ૫૪૧ | ૨૮.૦૯.૨૦૨૧ | ૦૧.૧૦.૨૦૨૧ |

### સંસ્થા સમાચાર : સ્વ. શ્રી ચીનુભાઇ દરજી બેતાલીસ કો.ઓ. ક્રેડીટ સોસાયટી કલોલની ૨૦મી વાર્ષિક સામાન્ય સભા યોજાઇ

ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૮–૭–૨૦૨૧ના રોજ ધી કલોલ કસ્બા કો.ઓ. ક્રેડીટ સો. સભા હોલ, વેપારીજીન – કલોલ મુકામે મળી હતી. એજન્ડા પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વ્યાજની જાહેરાત થઇ હતી. સંસ્થાની કામગીરીની એક નજર...

| | |
|---|---|
| ચેરમેન | : શ્રી સેંધાભાઇ એસ. દરજી |
| મેનેજીંગ ડીરેક્ટર | : શ્રી ખોડભાઇ એન. દરજી |
| આંતરીક ઓડીટર | : શ્રી મુકેશભાઇ. સી. દરજી |
| મેનેજર | : શ્રી કૌશલ પી. દરજી |
| એકાઉન્ટન્ટ/કેશીયર | : વનિતા પી. દરજી |



| | |
|---|---|
| કુલ નફો | રૂા. ૩,૫૮,૪૦૨.૦૦ |
| કુલ સભાસદ | ૫૮૭ |
| શેર ભંડોળ | રૂા. ૨૫,૮૧,૯૦૦.૦૦ |
| રીઝર્વ ફંડ | રૂા. ૬,૮૦,૫૬૩.૦૦ |
| ફરજીયાત બચત | રૂા. ૮૦,૬૯,૦૫૧.૦૦ |
| લોન ધિરાણ | રૂા. ૧,૩૧,૧૧,૦૩૦.૦૦ |

#### : વ્યવસ્થાપક કમિટિ :

૧. શ્રી હર્ષદભાઈ એમ. દરજી
૨. શ્રી પરેશભાઈ એસ. દરજી
૩. શ્રી નટુભાઈ એ. દરજી
૪. શ્રી દિપકભાઈ જી. દરજી
૫. શ્રી પંકજભાઈ બી. દરજી
૬. શ્રી અલ્પેશભાઈ બી. વાઘેલા
૭. શ્રી મનુભાઈ કે. દરજી
૮. શ્રી શંભુભાઈ બી. દરજી
૯. શ્રી રાજુભાઈ કે. દરજી
૧૦. શ્રીમતી ભાવનાબેન ડી. દરજી
૧૧. શ્રીમતી અલકાબેન એસ. દરજી

# શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના અને કરણનગર રહેવાસી એક પ્રતિષ્ઠિત પરિવારનો પરિચય






દર વખત ની જેમ આ વખતનાં અંકમાં પણ આપણે એક એવા પરિવારનો પરિચય કરીશુ જેમને માત્ર દરજીકામ પર જ આત્મનિર્ભર થઇ પ્રગતિની રાહ પકડી હોય. આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું એક ગામ કરણનગર. આમતો આપણા સમાજનુ આ એક છેવાડાનુ ગામ ગણાય પરંતુ ત્યાં વસવાટ કરતા આપણા સમાજનાં બે મોભીઓ સ્વ. ચંદુભાઇ મફતભાઇ તથા સ્વ. અમૃતભાઇ મફતભાઇનો કુટુંબ પરિચય આપતા કેળવણી મંડળ હર્ષની લાગણી અનુભવે છે. સ્વ શ્રી ચંદુભાઇનો એક પુત્ર શ્રી રઘુભાઇ તથા સ્વ. અમૃતભાઇના ત્રણ પુત્રો શ્રી અલ્કેશભાઇ, શ્રી ઈશ્વરભાઇ તથા શ્રી નવનીતભાઇ. આ ચાર પરિવારનાં ભાઈઓનાં સંઘર્ષ અને તેમણે પોતાના પરિવારની જે પ્રગતિ કરણનગર ગામે કરેલ છે તે આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં ઉદાહરણ સ્વરૂપે છે. પરિવારનાં સંઘર્ષની વાત કરીયે તો નાની અને પાકટ વાયની માત્ર ૩૫ વર્ષની ઉંમરે શ્રી અમૃતભાઇ મફતભાઇનુ અવસાન થતા સમગ્ર પરિવારનાં ગુજરાનની જવાબદારી મોટા ભાઇ સ્વ. ચંદુભાઇ તથા તેમના મોટા દીકરા અલ્કેશભાઇ પર આવેલ. પોતાના ભાઈઓ બહેનોના ભરણપોષણ તથા લગ્નોની જવાબદારી સ્વ. ચંદુભાઈની સાથે શ્રી અલ્કેશભાઇ અમૃતભાઇએ પૂરતી નિષ્ઠા અને મેહનત સાથે નિભાવી છે. જેઓના પરિશ્રમના પરીણામ સ્વરૂપે આજે પરિવાર ના તમામ સભ્યો આત્મનિર્ભર છે અને કરણનગર ગામે એક પ્રગતિશીલ જીવન જીવી રહ્યા છે.

સૌ પ્રથમ આપણે સ્વ. અમૃતભાઈ મફતભાઇના પરિવારની માહિતી આપીશું, ભાઇ શ્રી અલ્કેશ ભાઇના પરિવારમા તેમના ધર્મપત્ની અમિતાબેન એક સફળ ગૃહિણી તરીકે પોતાની ફરજ બજાવે છે તથા કરણનગર ગામમા પણ પતિશ્રીના વરસાગત વ્યવસાય દરજીકામમાં મદદ કરી પરિવારના ઉછેરમા આર્થિક મદદ કરે છે. શ્રી અલ્કેશભાઇ અમૃતભાઇ પોતે વર્ષોથી કડી તાલુકાની એક પ્રતિષ્ઠિત કંપની મેસ. સોમાણી સિરામિક લિમિટેડના ક્વોલિટી કન્ટ્રોલ ડીપાર્ટમેન્ટ મા કામ કરે છે તદ્ઉપરાંત કરણનગર ગામમા પોતાની પત્ની સાથે દરજીકામમાં ખભેખભો મિલાવી ને કામ કરે છે. ભાઇશ્રી અલ્કેશભાઇ અમૃતભાઇના પરિવારમા એક પુત્રી નીમા અને એક પુત્ર હર્ષ છે પુત્રી નીમાના વિવાહ આપણા સમાજ ના હાલ ના કારોબારી સભ્ય શ્રી વિપુલ નારણભાઇ સાથે કલોલ મુકામે કરેલ છે. પુત્રી નીમા પણ પરિવારના સંસ્કાર થકી પોતાના સાસરે પ્રગતિશીલ લગ્નજીવન વિતાવી રહી છે. પરિવારનો તેજસ્વી પુત્ર હર્ષ હાલ એમ.કોમ. પૂર્ણ કર્યા પછી બી. એડ ના અભ્યાસ સાથે સાથે કડી સિટીના પોશવિસ્તાર એવા કરણનગર રોડ પર પોતાનું "ગુરુશિષ્ય ટ્યૂશન ક્લાસીસ" નામે ક્લાસીસ ચલાવે છે. શ્રી અલ્કેશભાઇ પોતે પણ આઈ. ટી.આઇ ફિટરનો અભ્યાસ આઇ. ટી. આઇ. નરોડા ખાતે કરેલ છે. અલ્કેશભાઇનુ જીવન અભ્યાસકાળથી જ કૌટુંબિક જવાબદારીથી ભરેલું તથા સંઘર્ષપૂર્ણ રહેલ છે છતાં હિંમત અને ધૈર્યની લક્ષણિકતાઓ સાથે અલ્કેશભાઇએ પ્રગતિ કરેલ છે.

પરિવારના બીજા પુત્ર શ્રી ઈશ્વરભાઇ અમૃતભાઇ છે. તેમણે પોતાની વ્યયસાયિક કુનેહ દર્શાવતા છત્રાલ નજીક "ફોનિક્ક્ષ પમ્પ ઇન્ડિયા" નામે સબમર્શીબલ પમ્પ બનાવાનુ કારખાનું શરૂ કરેલ છે. ઈશ્વરભાઇની ધર્મપત્ની શ્રીમતિ રમીલાબેન કરણનગર ગામની આગણવાડીમા કાર્યકર્તા છે. પરિવારમા તેમની પુત્રી પૂજા પરણિત છે તથા પુત્ર ચિરાગ કડી તાલુકાની પ્રાઇવેટ કંપની મા જોબ કરે છે. સ્વ. અમૃતભાઈ મફતભાઈના ત્રીજા પુત્ર શ્રી નવનીતભાઇ પોતાની દરજીકામની દુકાન કરણનગર ગામમા ચલાવે છે તેમના દરજીકામની પ્રતિષ્ઠા કડી તાલુકાના કરણનગર ગામના આજુબાજુના ગામમા પણ પ્રસરેલ છે. પરિવારમા તેમના ધર્મપત્ની સોનલબેન ગૃહિણી છે તથા પુત્રી અંજલિ અને પુત્ર સોહમ બન્ને કરણનગરની અનુક્રમે માધ્યમિક અને પ્રાથમિક શાળા મા અભ્યાસ કરે છે. નવનીતભાઇની સાથે સ્વ. અમૃતભાઈના ધર્મપત્ની ગં. સ્વ. લલિતાબેન અમૃતભાઇ રહે છે.

સ્વ. ચંદુભાઈના પરિવારની ચાર દીકરીઓ જ્યોત્સનાબેન, સ્વ. પ્રેમિલાબેન, આશાબેન, મનીષાબેન છે. અને સૌથી નાના પુત્ર રઘુભાઇનો પરિવાર કરણનગર ગામમા રહે છે. ભાઇશ્રી રઘુભાઇને કરણનગર ગામે પોતાની દરજીકામની દુકાન છે. તથા તેમની ધર્મપત્ની નયનાબેન એક ગૃહિણી હોવા ઉપરાંત કરણનગર ગામની આગણવાડીમા કાર્યકર્તા છે સમયનો બચાવ કરી કટલરીના વ્યવસાયમા પણ મહેનત કરે છે. ભાઇશ્રી રઘુભાઇને પરિવારમા બે પુત્રો ચિ. યશ તથા ચિ. કેવલ છે. જે કરણનગર ગામની શાળામા અભ્યાસ કરે છે.


કરણનગર ગામે રહેતા શ્રી અલ્કેશભાઇ, શ્રી ઈશ્વરભાઇ, શ્રી નવનીતભાઇ, શ્રી રઘુભાઇને પોતાના સુંદર મજાના આધુનિક શ્રેણીના વ્યક્તિગત ઘર બંધાવેલ છે તથા સૌથી મોટાભાઇ એવાશ્રી અલ્કેશભાઇ અમૃતભાઇ દ્વારા હાલમા કલોલ મુકામે સોપાન-ર નામની સ્કીમમા ભવ્ય રાચરચીલા વાળુ બીજુ ઘર રાખી કરણનગરથી કલોલમા સ્થળાતર કરેલ છે.

અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે કરણનગર ગામ "બેતાલીસ દીપક" ના મુખ્યસંપાદક એવા શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ દરજી ના કાર્યક્ષેત્રમાં આવે છે. કેળવણી મંડળ વતી કેલેન્ડર વિતરણ અથવા અન્ય કામ માટે જયારે પણ કરણનગર ગામની મુલાકાત લેવાની થાય ત્યારે આ પરિવારના તમામ સદસ્યો તરફથી ખુબજ સરસ સાથ સહકાર અને આવકારો મળી રહે છે. તેઓ પોતાની પ્રગતિના ભાગીદાર સમાજને પણ બનાવે છે અને દરેક વખતે પોતાનો નાણાકીય સહયોગ પણ મંડળને આપતા રહે છે. આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં હજુ પણ આવા ઘણા સંયુક્ત પરિવારો છે જે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ વતી આવા પરિવારનો પરિચય કરાવીને અમો ગૌરવ અનુભવીએ છીએ અને આ પરિવાર દ્વારા અપનાવેલ સમાજસેવા અને સંયુક્ત પરિવારના ગુણો સમાજના તમામ પરિવારો અપનાવે તેવી અપેક્ષા અત્રે દર્શાવીએ છીએ.

## ॥ તંદુરસ્ત અને પ્રગતિશીલ સમાજ માટેના સુવિચારો ॥

- સમાજથી આપણે નથી આપણાથી સમાજ છે, તો સમાજને કેવો બનાવવો એ આપણા હાથમાં છે. સમાજનું કામ કરવું એ દરેક ની ફરજ છે.
- સમાજના કામ પેલા આપણે આપણા ઘર અને પરિવારનો સુધાર કરવો જોઈએ સમાજ સુધાર ઘરથી કરવા જોઈએ.
- સમાજના કામમાં એકતા અને ધીરજ હોવી જોઈએ.
- કોઈ અંગત ફાયદો ના જોવાનો હોઇ, કોઇપણ અપેક્ષા રાખ્યા વગર દિલથી આનંદ થાય એવું કરવું જોઇએ.
- કોઇપણ વાત હોય તો અંદરોઅંદર સુલજાવવી જોઇએ. નાનકડા છોકરાની જેમ વાદ વિવાદ ના હોવો જોઇએ, એમ કરીએ તો એ છોકર બુદ્ધિ કેહેવાય.
- પોતાનું જ ચલાવા માટે બીજાને ના દબાવવા જોઇએ. બધાને બોલવવાનો હક આપવાનો અને સાંભળવાનો પણ.
- સમાજના દરેક નાના મોટા વ્યક્તિનું માન જાળવવું જોઇએ. ક્યારેય કોઇ વ્યક્તિથી ભૂલ થઇ હોય તો એનો મોટો મુદ્દો ના બનાવાય અને સોશ્યિલ મીડિયલમાં હલ્લા ના કરવા જોઈએ.
- કોઈને પણ પગથિયું બનાવી કે કોઇના હાથા બનીને આગળ નહી વધવાનું, બધાને સાથે મળીને કામ કરવાનું સાથે રાખીને. જે સારું કામ કરે એ બધાની સરાહના કરવી જોઇએ જેથી તેનો હિંમત ઉત્સાહ વધે.
- ખોટી રીતે વાતો ના કરવી કે "હું "સમાજ માટે બધું કરું અને સમાજ મારે માટે કઇ ના કરે.
- કોઈ પણ પ્રોબ્લેમ હોય તો એનો શાંતિથી બધા સાથે વાત કરવી પૂરું જાણી એનું નિવારણ કરવું.
- આંખુ ખુલ્લી રાખી સાચું ખોટું જોવું કે બરોબર છે કે નહી રાજકારણને સમાજના કામમાં ના લાવવું. એમા વાદ વિવાદ થઈ શકે. સમાજના હિત માટે સાચું કહેવામાં ક્યારેય પાછું નહી હટવાનું.
- ખોટુ સોશિયલ મીડિયામાં સંભરામણિયું ના કરવી. એ કાયરતાનું નિશાન છે. સમાજનું કામ શાંતિથી કરવાનું.
- ગમે ત્યાં બેઠક હોય કે કોઇપણ પ્રોબ્લેમ હોય ત્યાં હાજરી આપવી એક સમાજ સેવક તરીકે .
- કોઇપણ સારું કામ કરે એને સરાહવું જોઈએ જેથી એનો આત્મવિશ્વાસ વધે. બધા મુદ્દા ચોખ્ખા રાખવા. કોઇપણ ચેરીટી ટ્રસ્ટ હોય કે કોઇપણ સમાજના કામ માટે પૈસા થી લોકો મદદ કરે તે બધા સામે ચોખ્ખો હિસાબ રાખવાનો કોઇપણ અણસમજ ઉભી ના થાય એનું ધ્યાન રાખવું.
- કોઇ નાસમજ હોય અને કોઇ સમજ્યા વગર કઇ અડચણ ઉભી કરે તો એને સીધા સમજાવવા, એના ખોટા હલ્લા ના કરવા..
- કોઇપણ ટુકડી કે ગેંગ બનાવીને અંદર અંદર નક્કી કરીને સમાજ સાથે રમત ના કરવી બીજાને નીચા ના પાડવા. ખુદ સારા દેખાવા સફાઇ ના આપવી બીજાને સંભળાવીને કે નીચા બતાવીને અપમાન નહી કરવાનું.
- બેન દિકરીઓની ઇજ્જત કરવી અને આગળ વધે અને ભણતરમાં અને બીઝનેસમાં સફળ થાય એવો આત્મવિશ્વાસ વધારવો.
- સમાજ માટે પોતાના નીતિ અને માનમર્યાદામાં રહીને પોતાના બળથી કામ કરવું ના કે કોઇના દબાવમાં આવીને.
- ક્યારેક તમારો વિરોધ થાય, સારા કામમાં કાઇ અડચણ ઉભી કરે, કોઈ વિરોધી તમને કંઇ સંભળાવે, કે કટાક્ષ કરી સલાહ આપે, તો એની પણ સલાહ લેવી, પોઝિટિવ રહેવું. કદાચ એ એને હોશિયાર સમજે પણ એની હરકતો નઝર અંદાઝ કરવી. એવી ખોટી માનસિકતા કોઇ દિવસ લાંબો સમય ન ટકે.
- સમાજના કામમાં કોઇ એવાં પણ માણસો હોવા જોઇયે કે આપણી ભૂલ આપના મોં ઉપર કહી શકવાની હિંમત રાખતો હોય. આપણે એ સ્વીકારીને સુધારો કરવો જોઈએ.
- આ પોસ્ટ કોઇપણ પર્સનલ ના લેતા આમ જ બધા સમાજ માટે છે. એ છતાં પણ કોઇને મુદ્દા ખોટા લાગ્યા હોય તો કહી શકો છો. ક્યારેક સાચું બોલીએ તો કેટલાક આપના માટે ટીકા કરશે. પરંતુ આવા ફાલતુ ટેન્સન લીધા વગર શાંતિથી સમાજનું કામ લેવાનું અને કરવાનું.
- પોતાનાના સારા સિદ્ધાંતો બનાવી એને અનુસરીને ચાલવાનું આપણે ખુદના સિદ્ધાંતો પાળીશું, તો જ સમાજના સિદ્ધાંતો ઉપર પણ કામ કરી શકીશું.
- આપણો દરજી સમાજમાં જન્મ મળ્યો છે તો આપણે કઇ સારું કરીને સમાજ માટે તેમજ આપણી નવી પેઢીઓ માટે ઉપયોગી થાય તેવું કરીએ. આપણા સમાજની માન મર્યાદા અને સંસ્કૃતિ જળવાઇ રહે એવું કરીએ.
- એક બનો નેક બનો.

**જય માતાજી.**



## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના પ્રમુખ : શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજીનું નિવેદન :

સ્વાર્થ પરસ્તાને સમસ્ત પાપોની જનની સમજવી જોઈએ. આથી સુખી અને સંપન્ન સમાજનું નિર્માણ ત્યારે જ થઈ શકે છે, જ્યારે માનવ વ્યક્તિવાદી વિચારધારા છોડીને સમાજવાદી બને, તેમાં જ સમાજનું કલ્યાણ છે અને વ્યક્તિનું પણ હિત છે. સમાજમાં પારસ્પરિક હમદર્દી, અરસપરસ મદદ, પ્રેમભાવના, ઉદારતા, સેવા અને સંગઠનની ભાવનાઓ અત્યંત આવશ્યક છે, ત્યારે જ સમાજનો વિકાસ અને સમૃદ્ધિ સંભવ છે. સમાજમાં વ્યક્તિની સૌથી મોટી જવાબદારી સમાજ કલ્યાણ અને પરમાર્થ છે. સમાજનાં દીન–હીન, અપંગ, વૃદ્ધ, જર્જર અને નિરાશ્રિતપ વ્યક્તિઓની સેવા–શુશ્રૂષા અને પાલન કરવું એ વ્યક્તિની એક મહાન જવાબદારી છે. બીજા પ્રત્યે પ્રેમ, સહયોગ, સહાયતા, ત્યાગ અને સહાનુભૂતિ ની ભાવનાના અભાવે જે વ્યકિત સમાજ માટે હિતકારી સાબિત થઈ શકતી નથી, તે સમાજ માટે કલંક છે, તે પોતે જ પોતાના વિકાસને રોકી દે છે, તેનાથી સમાજનો વિકાસ આપોઆપ અટકી જાય છે. આથી સમાજની સમૃદ્ધિ અને વિકાસ માટે વ્યક્તિએ બીજાનું કલ્યાણ કરવું અને પરમાર્થી બનવું અતિ આવશ્યક જવાબદારી છે.

આ સંસાર પરિવર્તનશીલ અને ગતિશીલ છે, જે આ પરિવર્તન સાથે તાલ નથી મિલાવતા તે હંમેશા પાછળ ત્યાં ને ત્યાં રહી જાય છે અને નવી પ્રગતિ કે વિકાસ ના તેઓ પોતે પોતાના અવરોધક બની જાય છે. છેલ્લા બે વર્ષ થી જયારે કોવીડ ૧૯ ની મહામારી ના કારણે આપણા સમાજ નો મજુરી કામ કરતો એક વર્ગ આર્થિક રીતે હેરાન થઇ ગયો હોય ત્યારે કેળવણી મંડળ દ્વારા પોતાના ભંડોળમાંથી આવા પરિવારો ને મદદ કરવાનો જે સેવાયજ્ઞ ચલાવવા માં આવ્યો તે ખુબ જરૂરી હતો. પરંતુ દાનવીરો થી ભરપુર આપણા સમાજ ના વિરલાઓ એ નાણાકીય મદદ નો ધોધ વહેવડાવી ને આપણા સમાજ ની સંસ્કૃતિ ના દર્શન કરાવ્યા. આપણા સમાજ માં ઘણા એવા વ્યક્તિઓ છે કે જે પોતાના ખર્ચે સાચી સેવાયજ્ઞ ની ધૂણી ધખાવે છે પણ ક્યારેય તેમને પ્રસિદ્ધિ મેળવવાની ખેવના હોતી નથી. તેઓ સેવામાં કોઇપણ અનુદાન આપે તો પોતાના નામ લખાવવાની જગ્યા એ રામભરોસે લખવી દેતા હોય છે. કેળવણી મંડળ સાચા હૃદય થી આ તમામ દાનવીરો ને નમન કરે છે અને તેમને આ દાન નો બદલો કુદરત તરફ થી જરૂર મળશે તે યથાર્થ છે.

ગત બેતાલીસ દીપક માં છેલ્લા બે વર્ષથી આપણા સમાજના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક નોટબુક આપવાનો જે સેવા યજ્ઞ ચાલુ કરવામાં આવેલ છે તેમાં કાયમી ધોરણે વ્યવસ્થા કરવા કેળવણી મંડળ દ્વારા ૧૨૦ સભ્યોને રૂા.૧૦૦૦/– નોટબુક દાનભેટ ના આજીવન સભ્ય બનવાની ટહેલ નાખવામાં આવેલ. કેળવણી મંડળ ના પ્રમુખ તરીકે હું ખુબ ગર્વ સાથે કહું છું કે અમારે લગભગ કોઇપણ સભ્ય ને સામે થી ફોન કરી ને આજીવન સભ્ય બનવા માટે આજીજી નથી કરવી પડી પરંતુ સામે થી લોકો એ પોતાનો ઉત્સાહ બતાવી ને આ યોજનામાં પોતાનું નામ નોંધાવેલ છે અને જરૂરી ૧૦૧ સભ્યો પણ હાલ નોંધાઇ ગયેલ છે. હું કેળવણી મંડળ વતી આપ સૌ સભ્યો નો ખૂબ ખૂબ આભાર માનું છું. આ તમામ આજીવન સભ્યો નું લીસ્ટ આ અંક માં અલગ થી આપવામાં આવેલ છે જે આપ સૌ ની જાણ સારું.

થોડાક દિવસો પહેલાજ ચીનુભાઈ ક્રેડીટ સોસાયટી ના મેનેજીંગ ડીરેક્ટર અને મારા વિચારો થી સમાજ માં મૃત્યુ સહાય યોજના શરુ કરવાનો વિચાર આવ્યો. આમતો આ એક સાહસિક નિર્ણય છે અને તેનો અમલ કરવામાં અમોને ખુબજ મુશ્કેલીઓ આવવાની છે પરંતુ સમાજ ના લોકો ના લાભ માટે અમે કઈ પણ કરી છૂટવા હમેશા તત્પર છીએ. આ મૃત્યુ સહાય યોજના અંતર્ગત દરેક પરિવાર માંથી એક સભ્ય બનાવી ને તેના ઘર ના પાંચ સદસ્યો ને મૃત્યુ સામે આર્થિક સરંક્ષણ આપવામાં આવે છે. હાલ માં અમારા કારોબારી સભ્યો આ મૃત્યુ સહાય યોજના અને સમાજ દર્શન ના ફોર્મ લઇ ને ઘર ઘર ની મુલાકાત કરી રહેલ છે અને અમોને જણાવતા અત્યંત આનંદ થાય છે કે આ મૃત્યુ સહાય યોજના ને સમાજ ના તમામ પરિવારો તરફ થી સુંદર પ્રતિસાદ મળ્યો છે અને લગભગ તમામ પરિવારો આ યોજના માં જોડાઈ રહેલ છે.

કેળવણી મંડળ તરફ થી હું એક જાહેરાત કરવા માંગુ છું કે અમો દર વખતે આપણો સમાજ અને સમાજના બહુધા સદસ્યો આપણા સમાજ ની કેળવણી મંડળ , તેના વહીવટ, તેના લોકઉપયોગી કાર્યો અને પારદર્શક વહીવટ ને ખુબ વખાણે છે. એક પરિવાર ની વાત કરું છું. ફક્ત ને ફક્ત તેના સદ્કાર્ય ની જ વાત, ના કોઈ વખાણ ના કોઈ વાહ વાહ કેમકે આપણા સમાજ ના આ પરિવાર ના વખાણ કરવા માટે અમારી પાસે કોઈ શબ્દ નથી. કેળવણી મંડળ દ્વારા સમાજ ની જરૂરિયાતમંદ વિધવાઓ ને વિધવા સહાય યોજના નીચે દર વર્ષે દિવાળી માં રૂ.૨૫૦૦/– ની આર્થિક સહાય કરવામાં આવે છે જે આ વર્ષ થી રૂ.૩૦૦૦/– વાર્ષિક કરવામાં આવેલ છે. આ સેવાભાવી પરિવાર દ્વારા આ વર્ષે સમાજની વિધવાઓ ને આપવાની થતી તમામ રકમની જવાબદારી પોતાના માથે લઇ લીધી છે. મજબુર અને દિલગીર છું હું કે આ પરિવારને વખાણવા લાયક બે શબ્દ પણ નથી મારી પાસે. ધન્ય છે તમને સમાજ ના “રામભરોસે” પરિવાર.

અત્રે આપણા સમાજ ના મુખ પત્રક બેતાલીસ દીપક ના માધ્યમથી એક જાહેરાત કરું છું કે કેળવણી મંડળ ની કારોબારી ની મીટીંગ માં સર્વાનુમતે કેળવણી મંડળની પોતાની ઓફીસ હોવી જોઇએ તે ઠરાવવામાં આવેલ છે અમે અમારા પ્રયત્નો કરીએ છીએ કે ખુબ સસ્તા માં અને સારા લોકેશન માં આ ઓફીસ આપણે લઇ શકીએ. અમારા ભવિષ્ય ના પ્લાનિંગ માં બેતાલીસ ગોળ દરજી સમાજ ની પોતાની વાડી લેવાની બાબત પણ છે પરંતુ તે માટે અમારે હજુ ખુબ મહેનત કરી ને લાંબી મંજિલ કાપવાની છે અમોને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આપ સૌ સમાજ ના સદસ્યો ની સહાયતા થી અમો આ લક્ષ્ય પણ હાસિલ કરી લઇશું.

આપનો વિશ્વાશુ,
બિપીનચંદ્ર જીવણલાલ દરજી
પ્રમુખ – શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ

## નિર્ણયનગરના શ્રી જયદીપ જયંતીભાઇ દરજીને ઓ.એન.જી.સી.ની નોકરી અને આપણા સમાજની જ એક સુંદર કન્યા સાથે વિવાહ – એમ બેવડી ખુશી






આપણા સમાજના મૂળ ગામ ઝુંડાલના અને હાલ નિર્ણયનગર મુકામે રહેતા શ્રી જયંતીભાઇ બાબુલાલ દરજી અને શ્રીમતી પ્રેમિલાબેન જયંતીભાઇ દરજીને જયદીપ કરીને એક હોનહાર પુત્રરત્ન પ્રાપ્ત થયેલ છે. આધુનિક જમાના સાથે તાલ મિલાવવા માટે શ્રી જયંતીભાઇ અને પ્રેમિલાબેને પોતાના દીકરા જયદીપમાં ઉચ્ચ સંસ્કારોનું નિરૂપણ કરેલ છે. અને તેને આ જમાનામાં શિક્ષણનું અને મહેનતનું શુ મહત્વ છે તે સુપેરે આત્મસાત કરાવેલ છે.

અત્રે શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળને હર્ષની લાગણી થાય છે કે ભાઇશ્રી જયદીપે ડીપ્લોમા ઇન મીકેનીકલ એન્જીનીયરીંગનો અભ્યાસ પૂર્ણ કરીને શરૂઆતમાં એક પ્રાઇવેટ કમ્પનીમાં જોબ કરી અને ત્યારબાદ અતિ કઠીન મનાતી ઓ. એન. જી. સી. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇને હાલ અમદાવાદ મુકામે જ ઓ. એન. જી. સી. માં પ્રોડક્સન સુપરવાઇઝર તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે.

આજના જમાનામાં સખત મહેનત અને સારા કર્મોએ સારા ભવિષ્ય અને સારા નસીબના પર્યાય છે. આવી સારી નોકરી સાથે સાથે ભાઇશ્રી જયદીપના જીવનમાં ફેનીયા નામે એક સુંદર કન્યાનું જીવનસાથી તરીકે આગમન થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીમતી ફેનીયા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના એક સક્રિય કાર્યકર અને કારોબારી સભ્ય એવા ઘિલોડાના શ્રી સતીષભાઈ લાલભાઇની સુપુત્રી છે.

આ તબક્કે કેળવણી મંડળ શ્રી જયંતીભાઈ બાબુલાલ દરજી, શ્રીમતી પ્રેમિલાબેન જયંતીભાઇ દરજી, શ્રી જયદીપ જયંતીભાઇ દરજી અને શ્રીમતી ફેનીયાબેન જયદીપ દરજીને શુભકામનાઓ આપે છે અને તેમના સુખી ભવિષ્ય માટે પ્રાર્થના કરે છે.

## મૂળ વામજના અને હાલ ગાંધીનગર મુકામે રહેતા શ્રી દર્શનભાઇ ભીખાભાઈ દરજીએ પોતાની કામ પ્રત્યેની નિષ્ઠાને કરને નોકરીમાં પ્રમોશન મેળવ્યું



આપણા સમાજના મૂળ ગામ વામજના શ્રી ભીખાભાઇ કાનજીભાઇ દરજી અને શ્રીમતી ભગવતીબેન ભીખાભાઈ દરજીનો સુપુત્ર ભાઇ શ્રી દર્શન ખુબ જ તેજસ્વી વ્યક્તિત્વ ધરાવે છે. અભ્યાસમાં ખુબ જ હોંશિયાર અને પોતાના પરિવાર ને એક ઉંચાઈ પર લઇ જવાની અદમ્ય ઈચ્છા અને તે ઈચ્છાને સાકાર કરવા કઠોર પરિશ્રમ કરવાનો શોખ.

શ્રી દર્શનભાઇ છેલ્લા ચાર વર્ષથી કલ્પતરુ પાવર ટ્રાન્સમીશન લીમીટેડમાં એકાઉન્ટ ડીપાર્ટમેન્ટમાં પોતાની સેવાઓ આપી રહેલ છે. તેમની કામની આવડત અને કામ પ્રત્યેની નિષ્ઠા જોઇને કંપની દ્વારા તેમને ફક્ત ચાર વર્ષના ટૂંકા ગાળામાં પ્રમોશન આપીને સીનીયર એકાઉન્ટન્ટની પોસ્ટ આપેલ છે. તે ઉપરાંત કંપનીની દ્રારા તેમેને એકાઉન્ટની એડવાન્સ ટેકનીક નો PGDF નો કોર્ષ કરાવી રહેલ છે. આ કોર્ષની તમામ ફી કંપની દ્વારા ભરવામાં આવે છે.

આવા મહેનતુ અને હોંશિયાર વ્યક્તિ આપણા સમાજનું સભ્ય છે તે બદલ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ગર્વની લાગણી અનુભવે છે અને શ્રી ભીખાભાઇ કાનજીભાઇ, શ્રીમતી ભગવતીબેન ભીખાભાઇ અને ભાઇશ્રી દર્શનને ખુબ ખુબ અભિનંદન આપે છે તેમજ તે અને તેમનો પરિવાર ઉત્તરોઉત્તર પ્રગતિ કરે તેવી અભ્યર્થના અત્રે દર્શાવવામાં આવે છે.

## કેળવણી મંડળના મહામંત્રી એવા શ્રી વિજયભાઇ ખોડીદાસની દીકરી પિંકલને ટોરેન્ટ પાવરમાં જોબ મળી



અત્રે કેળવણી મંડળને જણાવતા અત્યંત આનંદ થાય છે કે મંડળના એક સનિષ્ઠ કાર્યકર એવા શ્રી વિજયભાઇ ખોડીદાસની લાડકી દીકરી કુ. પિંકલને ટોરેન્ટ પાવર જેવી પ્રતિષ્ઠિત કંપનીમાં જોબ મળેલ છે. સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ જાણે છે કે શ્રી વિજયભાઇનો પરિવાર પેઢીઓથી સમાજ સેવાના કાર્યમાં જોડાયેલ છે. તેમના દાદા સ્વ. ગોવિંદભાઇ સમાજના આગેવાન હતા. તેમના પિતાશ્રી ખોડીદાસ દરજી દ્વારા કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવી અને સતત ૩૫ વર્ષ તેનું જતન કરવામાં આવ્યું અને હાલ શ્રી વિજયભાઈ પણ મહામંત્રીના હોદ્દા ઉપર રહીને સમાજ માટે સક્રિય રીતે કામગીરી કરી રહ્યા છે.

આવા મહાન પરિવારમાં જન્મેલ કુ. પીક્રલને આટલી સરસ જોબ મળવા બદલ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ગૌરવ અનુભવે છે અને સમાજની દીકરીઓ સમાજના પ્રગતિની સાક્ષી બની રહી છે તે જોઇને કેળવણી મંડળને તેના કેળવણીને લગતા જે કાર્યો કરવામાં આવી રહેલ છે તે હજુ પણ ખુબ સારી રીતે કરવા પ્રોત્સાહિત કરી રહેલ છે.

આ તબક્કે અમે અમારા હોદ્દેદાર એવા મહામંત્રીશ્રી વિજયભાઇ તેમના ધર્મપત્ની શ્રીમતી રીમાબેન અને તમામ પરિવારને અભિનંદન આપીએ છીએ અને કુ. પીંકલને તેના સુખી ભવિષ્ય માટે આશીર્વાદ આપીએ છીએ.

## કેળવણી મંડળ અભિનંદન પાઠવે છે
## મેમનગરના શ્રી મહેશભાઇ અંબાલાલ દરજીને
## સ્ત્રી શિક્ષણના અર્થને ખરી રીતે પ્રતિસાદ કરવા બદલ





આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની કેળવણી મંડળની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના લોકોમાં કેળવણી પ્રત્યેની જાગરૂકતા કેળવાય અને તેમાય ખાસ કરીને જ્યારે તે સમયે કન્યા શિક્ષણ પ્રત્યે સમાજના લોકો જરા પણ રૂચી રાખતા નહોતા ત્યારે કન્યા શિક્ષણ પર ભાર મૂકીને કન્યાને ભણાવવાના ફાયદા લોકોને સમજાવવા કેળવણી મંડળ પોતાના પ્રયત્નો કરે, તે હતો. અમોને આજે જણાવતા ખુબજ આનંદ થાય છે કે આજના સમયમાં અમારી જાણકારી પ્રમાણે આપણા સમાજમાં કદાચ દીકરાઓ કરતા દીકરીઓ શિક્ષણ ક્ષેત્રે ખુબ જ આગળ છે અને તે એક સમૃદ્ધ સમાજના ઘડતર માટે ખુબ જ જરૂરી છે.

હાલ આપણે વાત કરીએ છીએ મૂળ ગામ પાટ ના કુવાના એક અત્યંત મહત્વાકાંક્ષી યુવાન ભાઇશ્રી મહેશભાઇ અંબાલાલ દરજીની. અત્રે જણાવી દઇએ કે ભાઇશ્રી મહેશભાઇ અંબાલાલ અને શ્રીમતી મનીષાબેન મહેશભાઇને સંતાનો માં બે સુંદર દીકરીઓ કુ. કેયા અને કુ. પ્રેયા છે. આ બંને દીકરીઓ આપણા સમાજની શાન છે. ભણવામાં ખુબજ તેજસ્વી અને હોંશિયાર છે. સર્વ પ્રથમ વાત કરીએ શ્રી મહેશભાઈની મોટી દીકરી કુ. કેયાની, તેણીએ કોમ્પ્યુટર એન્જીનીયરીંગનો કોર્ષ કરેલ છે અને તેમાં માર્ચ ૨૦૨૦ માં લેવાયેલ પરીક્ષામાં ૮૦.૯૦% સાથે ઉતીર્ણ થયેલ છે. ગર્વની વાત એ છે કે હાલ માં તે TCS ગાંધીનગર મુકામે જોબ કરી રહેલ છે. શ્રી મહેશભાઇની બીજી દીકરી કુ. પ્રેયા ટેલર પણ ભણવામાં ખુબજ હોંશિયાર છે તેણીએ પણ ધોરણ ૧૨ કોમર્સ માં ૭૦.૪૨% ગુણ મેળવેલ છે.

આ તબક્કે કેળવણી મંડળ શ્રી મહેશભાઇ અંબાલાલ તેમની ધર્મપત્ની શ્રીમતી મનીષાબેન મહેશભાઇને અભિનંદન આપે છે અને કુ. કેયા અને કુ. પ્રેયાને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપે છે.

## કેળવણી મંડળ આભારી છે ચાંદખેડાના
## સ્વ. શ્રી જયંતીભાઇ સોમાભાઇ દરજી પરિવારનો





આપણા હિંદુ ધર્મના પ્રાચીન ગ્રંથોમાં દર્શાવ્યા અનુસાર “સો કામ છોડીને સ્નાન કરી લેવું, હજાર કામ છોડીને ભોજન કરી લેવું, લાખ કામ છોડીને દાન કરી લેવું અને કરોડ કામ છોડી ભક્તિ (સત્સંગ) કરી લેવી.’’– તન, મન, ધન, જનને સ્પર્શ કરી જતું આ સુભાષિત વહેલી સવારના સુંદર પ્રભાતિયા જેટલું આહલાદ્ક છે.

ત્યારે આપણે સૌ એ દાન વિષે નો મહિમા જાણવો જ રહ્યો, આપણા શાસ્ત્રોમાં દાનના અનેક પ્રકાર છે. જેમકે અન્નદાન, અભયદાન, દ્રવ્યદાન, કન્યાદાન, ગૌદાન, ભૂમિદાન, વસ્ત્રદાન, જ્ઞાનદાન, ધર્મદાન, પ્રાણદાન અને ધનદાન જેવા મુખ્ય કુલ ૧૧ અગિયાર પ્રકારના વિશેષ દાન પ્રચલિત છે. દાન આપવા માટેનાં કારણો પણ ઘણાં છે. કોઇ નામના માટે, સ્વાર્થ સિદ્ધ કરવા માટે, પ્રસિદ્ધિ માટે, અહં સંતોષવા માટે અથવા નિ:સ્વાર્થ ભાવે દાન અપાય છે.

અત્રે વાત છે આપણા સમાજમાં આવી જ રીતે કોઇપણ સ્વાર્થ વગર અને પોતાના કોઇપણ લાભ ની આશા વગર સમાજ માટે દાન કરનાર પરિવારોની. એમાંના એક પરિવાર એટલે આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ચાંદખેડાના અને હાલ ચાંદખેડા મુકામે જ રહેતા આપણા સમાજના એક પ્રતિષ્ઠિત પરિવાર, સ્વ. શ્રી જયંતીભાઇ સોમાભાઇ દરજી પરિવારના ભાઇશ્રી દિલીપભાઇ જયંતીભાઇ, શ્રીમતી જૈનીકાબેન દિલીપભાઇ, શ્રી લાલાભાઇ જયંતીભાઇ, શ્રીમતી રીનાબેન લાલાભાઇ, શ્રી શૈલેશભાઇ જયંતીભાઇ અને શ્રીમતી લતાબેન શૈલેશભાઇ તરફથી **કેળવણી મંડળની આગામી સાધારણ સભાનો તમામ ભોજન ખર્ચ પોતાના પરિવાર તરફથી આપવાની જાહેરાત કરવામાં આવેલ છે.**

સમસ્ત કેળવણી મંડળના ઈતિહાસમાં બહુ ઓછું બને છે કે એકજ પરિવાર દ્વારા સમગ્ર ભોજન ખર્ચ દાન પેટે આપવામાં આવે છે. અત્રે કેળવણી મંડળ સમાજ પ્રત્યે પોતાની આટલી નિષ્ઠા બતાવવા બદલ સ્વ. જયંતીલાલ સોમાભાઇ દરજી પરિવારનો આભાર માને છે અને આ પરિવારના તમામ સભ્યો પોતાના વ્યવસાયમાં ઉત્તરોઉત્તર પ્રગતિ કરે તેવી ભાવના અત્રે સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ વતી વ્યક્ત કરવામાં આવે છે.

## કલોલના શ્રી પીયુષભાઇ અમૃતલાલ દરજી
## દ્વારા સમાજના દરેક સ્વર્ગસ્થના
## પરિવારજનોને સ્વર્ગસ્થનો ફોટો
## આપવાની સરાહનીય કામગીરી



આપણા સમાજના મૂળ ગામ છત્રાલના શ્રી અમૃતલાલ અંબાલાલ અને તેમનો પરિવાર હંમેશા સમાજસેવાના કાર્યમાં અગ્રેસર હોય છે. સમાજનો કોઇપણ પ્રસંગ હોય તેમાં શ્રી અમૃતલાલ અંબાલાલ અને તેમના પરિવારનું દાન અવશ્ય હોય જે ઉલ્લેખનીય છે.

શ્રી અમૃતલાલના સુપુત્ર અને કેળવણી મંડળના કારોબારી સભ્ય એવા કલોલના પીયુષભાઇ તરફથી સમાજ સેવાની નવીનતમ સરાહનીય કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. સમાજની કોઇપણ વ્યક્તિ અવસાન પામે તો શ્રી પીયુશભાઇ તરફથી તે સ્વર્ગસ્થનો માહિતી સાથેનો ફોટો છપાવીને એક સુંદર ફ્રેમમાં મઢીને સ્વર્ગસ્થના પરિવારજનોને આપવામાં આવે છે. અત્રે સમાજના સભ્યોની જાણ સારું માહિતી આપીએ છીએ કે જો કોઇપણ સ્વર્ગસ્થના પરિવારજન દ્વારા બેસણા પહેલા ફોટો માંગવામાં આવે જેથી કરીને તે પરિવારને સ્વર્ગસ્થ નો ફોટો ના બનાવડાવો પડે તો તે કેળવણી મંડળના કોઇપણ સભ્યને ફોન કરીને મેળવી શકે છે. સમાજસેવાની આવી કામગીરી ચાલુ કરવા બદલ કેળવણી મંડળ શ્રી પીયુષભાઇ અમૃતલાલ દરજીનો ખુબ ખુબ આભાર માને છે અને ભવિષ્યમાં તેમનો પરિવાર ખુબ પ્રગતી કરે તેવી ભાવના અત્રે પ્રદર્શિત કરવામાં આવે છે.

## કલોલના શ્રી મેહુલ બીપીનચંદ્ર દરજીના જીવનમાં એક સાથે બેવડી ખુશી : જામનગર સ્થિત રિલાયન્સ ઇન્ડસ્ટ્રીમાં ઉચ્ચ પોસ્ટમાં બઢતી મળી તેમજ પુત્ર દ્વારા - રુબીક ક્યૂબ સોલ્વ કરવાની સ્પર્ધામાં મેડલ કેળવણી મંડળ અભિનંદન પાઠવે છે



CUBE PLUSS
MONSOON CUBE LEAGUE 2021
27 - 29th August'21
CERTIFICATE OF MERIT
This is to certify
Jaimeet Darji
Has secured a Gold Medal in Under 7 category
in 3x3x3 event.


આપણા શ્રી બેતાલીસ દરજી ગોળ સમાજ કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલના સુપુત્ર એવા ભાઇશ્રી મેહુલ એક બહુ આયામી વ્યક્તિત્વ ધરાવે છે. ભાઇશ્રી મેહુલ પોતાના પિતાશ્રી બિપીનચંદ્રના માર્ગદર્શન થકી જીંદગીજમાં સફળતાના સોપાનો સર કરી રહેલ છે. ઇ.સ. ૨૦૦૮ થી જામનગર મુકામે રિલાયન્સ ઇન્ડસ્ટ્રી માં પોતાની સેવાઓ આપી રહેલ છે. ચાલુ નોકરી દરમિયાન ભાઇશ્રી મેહુલે પી.ડી.પી.યુ. રાયસણ ખાતે પેટ્રોલીયમમાં એમ.બી.એ. નો અભ્યાસ પૂર્ણ કરેલ છે અને તે સમયના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા મેડલ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીના માલિક શ્રી મુકેશ અંબાણી દ્વારા ડીગ્રી સર્ટીફીકેટ મેળવેલ છે. તેના આ ઉચ્ચ અભ્યાસ ને લઇ ને રિલાયન્સ કંપની દ્વારા તેને વારંવાર બઢતી આપીને સન્માનવામાં આવેલ છે. હાલમાં જ તેઓશ્રીને સિનીયર મેનેજરની પોસ્ટ પરથી જનરલ મેનેજરની પોસ્ટ આપવામાં આવેલ છે. આટલી નાની ઉમરમાં આટલી મોટી પોસ્ટ પર પહોચવું અને તે પણ રિલાયન્સ જેવી અગ્રણી કંપનીમાં તે ફક્ત નસીબના જોરે શક્ય નથી તેના માટે ભાઇશ્રી મેહુલ દ્વારા સખત મહેનત કરવામાં આવેલ છે.

અત્રે કેળવણી મંડળને જણાવતા આનંદ થાય છે કે ભાઇશ્રી મેહુલ બિપીનચંદ્ર અને શ્રીમતી નિધીબેન મેહુલભાઇ દરજીના બે પુત્રો જૈમિત અને જૈનીત પોતાના પિતાશ્રી જેટલાજ હોંશિયાર છે. હાલમાં જ ઓલ ઓવર ઇન્ડિયા લેવેલે લેવાયેલ રુબીક ક્યૂબ સોલ્વ કરવાની સ્પર્ધામાં ચિ. જૈમિત દ્વારા ગોલ્ડ મેડલ મેળવવામાં આવેલ છે. કેળવણી મંડળ આ સિદ્ધિ બદલ ચિ. જૈમિતને ખુબ ખુબ અભિનંદન આપે છે અને બંને ભાઇઓ પોતાના જીવનમાં ખુબ પ્રેગતી કરે તેવા આશીર્વાદ આપવામાં આવે છે.

ભાઇશ્રી મેહુલભાઈના જીવનમાં આ બેવડી સિદ્ધિ મેળવવા બદલ કેળવણી મંડળ ભાઇશ્રી મેહુલ તેમના ધર્મપત્ની નિધીબેન, ચિ. જૈમિત, ચિ.જૈનીત અને તેમના માતા પિતાશ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી અને ઉષાબેન બિપીનચંદ્ર દરજીને ખુબ ખુબ ધન્યવાદ આપે છે અને અભિનંદન પાઠવે છે.


Milan Darji
9974612585

**MILAN LADIES TAILORS**

Punjabi Dress And Blouse Specialist

New C.G. High School, SaibabaMandir Road,
Sardarnagar, Ahmedabad.


## મૂળ ગામ કોલવડાના અને હાલ કુડાસણ મુકામે રહેતા શ્રી મનીષભાઇ મહેન્દ્રકુમારના પરિવારમાં બાળકૃષ્ણરૂપી પુત્ર ચિ. ધ્યાનના આગમનથી હર્ષોલ્લાસ



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના એક પ્રતિષ્ઠિત વ્યક્તિ એવા સ્વ. શ્રી મહેન્દ્રભાઇ શકરાભાઇના ઘરે તારીખ : ૨૧.૦૭.૨૦૨૧ બાળકૃષ્ણરૂપી પુત્રનું આગમન થયું. સ્વ. શ્રી મહેન્દ્રભાઇ અને ગં. સ્વ. કૈલાશબેનના સુપુત્ર શ્રી મનીષભાઇ મહેન્દ્રભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ભાગ્યશ્રીબેન મનીષભાઇ ઉપરના ઘરે ચિ. ધ્યાનના જન્મથી સમગ્ર પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી ફેલાઇ. કેળવણી મંડળ દ્વારા દાદી ગં.સ્વ. કૈલાશબેન માતા–પિતા શ્રી મનીષભાઇ મહેન્દ્રભાઇ – શ્રીમતી ભાગ્યશ્રીબેન મનીષભાઇ આ તબક્કે અભિનંદન આપવામાં આવે છે અને ચિ. ધ્યાનના સુખી ભવિષ્ય જીવન માટે શુભકામનાઓ આપવામાં આવે છે.

॥ શ્રી બ્રહ્માણી માતાય નમઃ ॥



**દરજી દિલીપકુમાર નટવરલાલ**
**(દિલીપ ગઢવી)**

**માજી સભ્ય, ચેનપુર ગ્રામ પંચાયત**
**ચાંદખેડા વોર્ડ**

**: રહેઠાણ :**
**એ-૪૦૬, રાજ એવન્યુ, સહજાનંદ સીટી પાસે,**
**ઉત્સવ ડુપ્લેક્ષ સામે, ન્યુ સી.જી.રોડ,**
**ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪**

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ**
**દિવાળી કેલેન્ડર વર્ષ ૨૦૨૧ ના જાહેરખબરના**
**દાતા કલોલના**
**શ્રી રણજીતભાઇ રમેશભાઇ તથા તેમના ધર્મપત્ની**
**શ્રીમતી ભદ્રીકાબેન રણજીતભાઈને ધન્યવાદ પાઠવે છે.**



મૂળ વામજના અને હાલ કલોલ નિવાસી ભાઇશ્રી રણજીતભાઇ રમેશભાઇ કેળવણી મંડળમાં કારોબારી સભ્ય તરીકે ખુબજ સક્રિય રીતે ફરજ બજાવે છે અને પોતાના પિતાશ્રી રમેશભાઇના સંસ્કારોને લઇને હંમેશા આપણા સમાજ અને સમાજના વ્યક્તિઓ માટે કંઇપણ કરી છૂટવાની ભાવના ધરાવે છે. તેમના ધર્મપત્ની શ્રીમતી ભાદ્રિકાબેન પણ તેમના પતિના દરેક કાર્યમાં એટલોજ સાથ અને સહકાર આપે છે. ભાઇશ્રી રણજીતભાઇ એક સાહસિક નવયુવાન છે. હાલ તેઓ સપરિવાર અમેરિકાના પ્રવાસે છે અને ત્યાં વસવાટ કરતા પોતાના પુત્ર જય માટે એક બીઝનેસ ચાલુ કરીને પરત ફરવાના છે. તેઓશ્રી તેમની સામાજીક લાગણી રૂપે આ વર્ષે દિવાળી એ આપણા સમાજને દીપાવલી કેલેન્ડરમાં રૂા. ૨૧૦૦૦/- જાહેરાત દાન પેટે આપેલ છે કેળવણી મંડળ તેમનો ખુબ ખુબ આભાર માને છે અને તેમનો પરિવાર જીવનમાં સતત પ્રગતિ કેરે તેવી ભાવના રાખે છે.

**આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની**
**કલોલ સ્થિત સ્વ. શ્રી ચીનુભાઇ દરજી ક્રેડીટ**
**સોસાયટીની સમાજ સેવા ક્ષેત્રે ઉત્તમ કાર્ય**



ચેરમેનશ્રી



મેનેજીંગ ડીરેક્ટરશ્રી

આપણા શ્રી બેતાલીસ ગાળ દરજી સમાજની કલોલ સ્થિત સ્વ. શ્રી ચીનુભાઇ દરજી કો.ઓ.સોસાયટી ઇ.સ. ૨૦૦૧ થી આપણા સમાજના સભ્યોને નાણાકીય રીતે સ્વનિર્ભર કરવાના ઉમદા હેતુ સાથે કાર્યરત છે. સાથ સહકાર સેવા અને શિસ્તના ઉમદા ગુણો વિકસાવતી આપણા સમાજની આ સેવાભાવી સંસ્થામાં આ સંસ્થાને ઉભી કરવામાં પોતાનું યોગદાન આપનાર વડીલ શ્રી સેંધાભાઇ શકરાભાઇની સંસ્થાના ચેરમેન તરીકે અને શ્રી ખોડીદાસ નારણભાઇ મેનેજીંગ ડીરેક્ટર તરીકે કાર્યરત છે. આ બન્ને મહાનુભાવોનો અનુભવ અને સ્વચ્છ વહીવટને હિસાબે આ સંસ્થા દર વર્ષે ઉત્તરોઉત્તર પ્રગતિ કરી રેહેલ છે. સમાજની આ સંસ્થા ભલે નાણાકીય છે પણ તેની સ્થાપનાનું મૂળ તેના સ્વપ્નદ્રષ્ટા એવા સ્વ. ચીનુભાઇ જીવનલાલ દરજીના સ્વપ્ન અનુસાર ફક્ત અને ફક્ત સમાજ ના લોકો ની સેવા કરવાનું જ છે. સમાજ નો દરેક નાગરિક આ સંસ્થા થાકી નાણાકીય રીતે આત્મનિર્ભર બને અને પોતાની કોઇ પણ આર્થિક જરૂરિયાતમાં એકદમ ઓછા વ્યાજે તેને નાણાકીય ધિરાણ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે આ સંસ્થાનું સંચાલન કરવામાં આવી રહેલ છે.

હાલમાં જ તારીખ ૧૮.૦૭.૨૦૨૧ રવિવારના રોજ ક્રેડીટ સોસાયટીની સાધારણ સભા મળી અને આ સાધારણ સભામાં સોસાયટીની પ્રગતિ નો અહેવાલ રજુ કરવામાં આવ્યો. એ અહેવાલ ના મુખ્ય અંશો જોઇએ તો ૫૮૭ સભ્યો નું સભાબળ, ૨૫.૮૧ લાખ રૂપિયાનું શેર ભંડોળ, ૮૦.૬૯ લાખ રૂપિયાની ફરજીયાત બચત, ૧.૩૧ કરોડ રૂપિયાનું લોન ધિરાણ, લોન ધિરાણ પર કપાત વ્યાજ ફક્ત ૧૧% વાર્ષિક, બચત અને એફડી પર ૭% વ્યાજ , ૭% ડીવીડન્ડ અને રૂ.૩.૫૮ લાખનો નફો. આ આંકડા જ કોઇપણ નાણાકીય સંસ્થાની સદ્ધરતાનો પુરાવો છે.

કેળવણી મંડળ તરફથી આ સંસ્થાના ચેરમેન શ્રી સેંધાભાઇ, મેનેજીંગ ડીરેક્ટર શ્રી ખોડીદાસ, તમામ ડીરેક્ટરશ્રીઓ, મેનેજર શ્રી કૌશલ અને એકાઉન્ટન્ટ શ્રીમતી વનીતાબેનને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ આપવામાં આવે છે અને આ સંસ્થા ભવિષ્યમાં ખુબ પ્રગતિ કરે તેવી આશા રાખીએ છીએ.

**ઉનાવા મુકામે શ્રી જક્ષણી માતાજીની નીશ્રામાં**
**તા. ૧૯.૦૯.૨૦૨૧ ના રોજ આયોજીત થયેલ**
**હવન અને નવિન પ્રવેશદ્વાર ની પ્રાણપ્રતિષ્ઠા**








મૂળ ઉનાવા ગામના અને ઉનાવા અને અન્ય વસતા આપણા સમાજના અને અન્ય નવ ગામના પરિવારોની કુળદેવી શ્રી જક્ષણી માં છે. ઉનાવા ગામમાં આવેલ શ્રી જક્ષણી માતાજીના મંદિરમાં આ તમામ પરિવારો ખુબ આસ્થા ધરાવે છે. સંગઠન અને સહકારની ભાવના થકી આજના નવયુવાનો ના પ્રયત્નો થકી હાલની તારીખે ઉનાવા જક્ષણી મંદિરનો જીર્ણોદ્ધાર કરીને નવીન મંદિર બનાવવામાં આવેલ છે. નવીન મંદિર બન્યા હાલમાં જ આપણા સમાજના પ્રતિષ્ઠિત પરિવાર સ્વ. રમણલાલ મણીલાલના પરિવારજનો દ્વારા તેમના સૌજન્યથી આ નવીન મંદિર પરિસરમાં એક ભવ્ય પ્રવેશદ્વાર, ભગવાન રાધાકૃષ્ણ, ગણપતિજી અને હનુમાનજીના નવીન મંદિરનું બાંધકામ કરવામાં આવ્યું. તા. ૧૯.૦૯.૨૦૨૧ રવિવારના રોજ આ ભવ્ય પ્રવેશદ્વાર અને અન્ય નવીન મંદિરોની પ્રાણ:પ્રતિષ્ઠાનું ભવ્ય આયોજન શ્રી અશોકભાઇ રમણલાલ દરજી અને તેમના પરિવાર તરફથી ઉનાવા જક્ષણી યુવક મંડળના નેજા હેઠળ કરવામાં આવ્યું. આ પ્રાણ:પ્રતિષ્ઠા દરમિયાન માતાજીના યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું અને તેનો તમામ ખર્ચ શ્રી અશોકભાઇ રમણલાલ પરિવાર તરફથી કરવામાં આવ્યો. શ્રી અશોકભાઇ રમણલાલ દરજીના સુપુત્ર અને આપણા સમાજના એક સાહસિક અને ખંતીલા યુવાન એવા ભાઇશ્રી જીગ્નેશભાઇ અશોકભાઇ આ યજ્ઞમાં મુખ્ય યજમાન તરીકે મુખ્ય પાટલા માં પૂજા કરવા બેસેલ હતા.

વિદ્વાન પંડિતો દ્વારા શ્લોકો, ઉચ્ચારણો અને ભાવિકોની લાગણી વચ્ચે શરુ થયેલ આ પ્રસંગ મંગલમય અને દેદીપ્યમાન લાગતો હતો. એક પછી એક પઠન બાદ શ્રીફળ હોમવાની વિધિ,


માતાજીની આરતી અને ત્યારબાદ પૂજામાં બેઠેલ તમામને વડીલોના આશીર્વાદ વગેરે અવિસ્મરણીય માંગલિક ઘટના હતી. ઉપસ્થિત તમામ ભાવિકો માટે પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. સાથ સહકાર અને ધાર્મિકતાનું સુંદર ઉદાહરણ એટલે ઉનાવા દરજી પરિવારની આ ધાર્મિક ઉજવણી.


## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના કારોબારી સભ્ય એવા શ્રી સતીશભાઇ લાલભાઇના સુપુત્ર ચિ. અકીલનો લગ્ન પ્રસંગ ધામધૂમથી ઉજવાયો




મૂળ ગામ ચિલોડાના અને હાલ ચિલોડા મુકામે જ રહેતા અને શ્રી બેતાલીસ દરજી ગોળ સમાજ કેળવણી મંડળના સક્રિય કારોબારી સભ્ય એવા શ્રી સતીષભાઇ લાલભાઇ દરજીના સુપુત્ર ચિ.અકિલ સતીષભાઇ દરજીનો લગ્ન પ્રસંગ તા. ૦૭/૧૨/૨૦૨૦ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. ચિ. અકિલના લગ્ન મૂળ દસ કોશી દરજી સમાજના અબ્રેલી-ધંધુકા ગામના શ્રી રાજેશભાઇ દરજી અને શ્રીમતિ રેખાબેનની લાડકી દીકરી કુ. કાજલબેન સાથે કરવામાં આવ્યા. પોતાના લાડકા દીકરા ચિ. અકિલના લગ્ન પ્રસંગે શ્રી સતીષભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી હેમલતાબેન દ્વારા તમામ સગા સંબંધીઓ તેમજ સ્નેહીજનોને આમંત્રણ આપીને ખુબ ધામધૂમથી કરવામાં આવ્યો. ભાઇશ્રી સતીષભાઇ અને શ્રીમતી હેમલતાબેનના લાડક પુત્ર ચિ. અકિલનો આ પ્રસંગ ખુબજ ઉત્સાહથી અને તમામ ધાર્મિક વિધિ કરીને અત્યંત સુંદર વાતાવરણમાં ઉજવવામાં આવ્યો. સમગ્ર ઉપસ્થિત સ્નેહીજનોએ ભાઇશ્રી અખિલ અને તેમના ધર્મપત્ની શ્રીમતી કાજલબેનને ઉજ્જવળ ભવિષ્ય અને સુખી લગ્નજીવનના આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે કેળવણી મંડળ દ્વારા પોતાના સક્રિય કારોબારી સભ્ય એવા શ્રી સતીષભાઇ લાલભાઇ અને શ્રીમતી હેમલતાબેન સતીષભાઇને અભિનંદન આપીને ભાઇશ્રી અખિલ અને તેમના ધર્મપત્ની શ્રીમતી કાજલબેનના સુખી ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવે છે.

## ઝુલાસણના શ્રી રાજુભાઇ શાંતિભાઇ દરજી દ્વારા નવીન મકાન અને મંદિર બનાવવામાં આવ્યું અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું







આપણા શ્રી બતાલીસ ગોળ દરજી સમાજના છેવાડાના ગામ એવા ઝુલાસણમાં વસતા ભાઇશ્રી રાજુભાઇ શાંતિભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતિ ગીતાબેન રાજુભાઇ દરજી સમસ્ત ગામ અને સમાજમાં પોતાની ધાર્મિક પ્રવૃતીઓને લઇ ને ખુબ જાણીતા છે. શ્રી રાજુભાઇ ઝુલાસણ ગામમાં જ તેમના જુના ઘરમાં વસવાટ કરતા હતા પરંતુ હાલમાં જ તેઓશ્રીએ જુના ઘરને તોડીને નવેસરથી આખું મકાન બનાવ્યું. તેમનું નવું મકાન ખુબ સુંદર અને આધુનિક સગવડોથી ભરપુર છે. તા. ૨૮.૧૦.૨૦૨૦ ના રોજ આસો સુદ બારસના દિવસે વાસ્તુપૂજન અને હવનનો કાર્યક્રમ રાખીને તેઓશ્રી એ નવીન મકાનમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ તેઓશ્રીએ પોતાના ઘરની બાજુમાં આવેલ ઓઘડનાથ મંદિરનો પણ જીર્ણોદ્ધાર કરીને તા. ૩૦.૧૧.૨૦૨૦ ના રોજ તેની પ્રાણ:પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું. ત્યાર બાદ તા. ૧૩.૦૨.૨૦૨૧ ના રોજ પોતાના નવીન મકાનમાં રામાપીરના પાઠનું ખુબ સુંદર આધ્યાત્મિક આયોજન કર્યું.

આપણે સૌ જાણીએ છીએ કે શ્રી રાજુભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ગીતાબેન ધાર્મિક આયોજનોની સાથે સાથે સમાજ સેવાના કાર્યોમાં પણ સદા અગ્રેસર રહે છે. કેળવણી મંડળ કે સમાજ દ્વારા કોઇપણ કાર્ય માટે તેમની પાસે દાનની ટહેલ નાખવામાં આવે તો તેઓ હંમેશા રાજીખુશીથી દિલ ખોલીને પોતાનો ફાળો નોંધાવે છે. આવા સેવાભાવી પરિવારની કેળવણી મંડળ કદર કરે છે અને તેઓ શ્રી ભવિષ્યમાં પ્રગતિના સોપાનો સર કરતા રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## દહેગામના શ્રી શૈલેશભાઇ રમણલાલ દરજી પરિવારમાં તેમના સુપુત્ર ભાઇશ્રી નિકુંજના ઘરે કુળદીપક ચિ. વ્યોમનું આગમનથી ખુશીનો માહોલ




શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના સમાજ શ્રેષ્ઠી એવા દહેગામના શ્રી રમણલાલ કાળીદાસ દરજીના પરિવારમાં તેમના સુપુત્ર શ્રી શૈલષભાઇ રમણલાલ દરજી અને શ્રીમતી ગીતાબેન શૈલેષભાઇના પુત્ર શ્રી નિકુંજ અને શ્રીમતી દેવાંગીના ઘરે તા. ૨૮.૦૯.૨૦૨૧ ના રોજ એક સુંદર અને સ્વસ્થ પુત્ર ચિ. વ્યોમનો જન્મ થવાથી સમસ્ત પરિવારમાં ખુશીનો માહોલ છવાઇ ગયો છે. ભાઇ શ્રી નિકુજ અને દેવાંગીને પહેલા સંતાન રૂપે દિકરી ચિ. પ્રિશા છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રમણભાઇ કાળીદાસ દરજી અને તેમનો સમસ્ત પરિવાર સમાજસેવાના કાર્યમાં હમેશા અગ્રેસર રહે છે. શ્રી શૈલેષભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ગીતાબેન દ્વારા સમાજના કોઇપણ કાર્યમાં પોતાનો આર્થિક સહયોગ આપે છે. આવા સેવાભાવી પરિવારમાં આવેલ ખુશીથી કેળવણી મંડળ આનંદ અનુભવે છે. અને નવ આગંતુક કુળદીપકના દાદા-દાદી શ્રી શૈલેષભાઇ રમણલાલ દરજી - શ્રીમતી ગીતાબેન શૈલેષભાઇ દરજી, નાના-નાની શ્રી હર્ષદભાઇ નટવરલાલ દરજી - શ્રીમતી સંગીતાબેન હર્ષદભાઇ દરજી અને માતા-પિતા શ્રી નિકુંજભાઇ શૈલેશભાઇ દરજી - શ્રીમતી દેવાંગીબેન નિકુંજભાઇ દરજી અને સમસ્ત રમણલાલ કાળીદાસ પરિવારને અભિનંદન આપે છે અને જન્મેલ ચિ. વ્યોમના સુખી ભવિષ્ય જીવન અને સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરીએ છીએ.

## સમાજનું ગૌરવ
## અભિનંદન વૃષ્ટિ




મૂળ વડસ્માના વાતની અને હાલ પાટનગર ગાંધીનગર નિવાસી શ્રી અમૃતભાઇ કેશવલાલ દરજીના મોટા દીકરા શ્રી નાગેશભાઇ તાજેતરમાં માધ્યમિક વિભાગમાં થયેલી ભરતીમાં પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ગુણેલી ગામમાં “શિક્ષણ સહાયક” તરીકે પસંદ પામ્યા છે. પોતાની ઓછી ઉંમરમાં જીવતરના ચઢાવ ઉતર ચડતી પડતી આશા નિરાશા તડકી છાયડી જોઇ પરંતુ આ મજબુત મનોબળ વાળા માનવીએ હતાશાને હરાવી અને આળસને અળગી કરી પૂરી તાકાતથી ઉભા થઇને મહેનતના મંત્રને આત્મસાત કર્યો. ક્યાંક કુદરતે કમાલ કરી. ક્યાંક નસીબ ચમકી ગયું અને ક્યાંક જીવન આકાશમાં મહેનતનું મેઘધનુષ અંકિત થઇ ગયું અને સફળતાની વળમાળા તેના ગળામાં પડી. કેશવલાલ મોહનલાલ દરજીના પરિવારમાં ભાઇશ્રી નાગેશ સાથે ત્રણ વ્યક્તિઓએ શૈક્ષણિક જગત માં પ્રવેશ લીધો છે.

૧. બળવંતભાઇ કે. દરજી (શિક્ષક – માધ્યમીક વિભાગ)
૨. અભિષેક બી. દરજી (પ્રોફેસર – કોલેજ)
૩. નાગેશ એ. દરજી (શિક્ષક – માધ્યમીક વિભાગ)

આ ઘટનાને શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ વધાવે છે અને ભાઇશ્રી નાગેશ જીવતરમાં પ્રશસ્ય પ્રયાસ દ્વારા પ્રગતિની પગદંડી ઉપર પોતાના મજબુત ડગ માંડે તેવી આકાંક્ષા અભ્યર્થના સાથે અભિનંદન આપવામાં આવે છે.

# સત્યની એરણ પર શબ્દોની ચોટ



## શ્રી બળવંતભાઇ કે. દરજી

સમાજની સચ્ચાઈનો રણકાર આપના કાને પહોચાડવાનો નમ્ર પ્રયાસ કરું છું. સત્ય ને ઉજાગર કરવું તેને હું કર્મ ધર્મ માનું છું. સત્ય સ્વદે કડવું ખરું !

કોરોના કાળની પ્રથમ અને બીજી લહેર માનવ હૈયા ઉપરના રૂઝાય એવા ઘા કરીને ચાલી ગઇ. મૃત્યુ ભયાનક કથક નૃત્ય કરી રહ્યું હતું. કેટલીય જિંદગીઓ વિખરાયા અને માળા અનેક પીંખાયા. ઘરના મોભી મોભ ભાંગ્યા, ભાઇ–બહેન મારતા સંબંધોની દુનિયામાં રક્ષાબંધનનો તહેવાર ધ્રુસકે ધ્રુસકે રડ્યો. સમગ્ર માનવજાત ભયના ઓથાર નીચે કંપી રહી હતી. કોરોનાએ દરજી ધંધાની રીતસર કમર તોડી નાખી. લોકોની આર્થિક સ્થિતિ જીર્ણસીર્ણ બની. ત્યારે બેતાલીસ દરજી સમાજ કેળવણી મંડળના હોદ્દેદારોએ મદદની ટહેલ નાખી. લોકોના હૈયામાં સહાનુભુતિનો સાગર છલકાયો. ધનસંપદાવાળા વ્યક્તિઓના હૈયામાં મદદની સરવાણી ફૂટી નીકળી. દાતાઓની દાતારી અંતરમાં લઇને કેળવણી મંડળના પ્રમુખશ્રી બીપીનભાઇની ટીમ કરીયાણાની કીટો પહોચાડવા માટે શહેરની શેરીઓ અને ગામડાની ગલીઓ ખુંદવા લાગ્યા. લોકડાઉન અને કોરોના ચેપનો ભય રાખ્યા વિના પુરા સમાજમાં ફરી વળ્યાં.

ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા વિદ્યાર્થી માટે કસોટીના પથ્થર ઉપર પોતાની જાતને ખરી સાબિત કરવી વાળીની વધુ પડતી અપેક્ષાઓ અને નિજની આંખમાં અંજન કરેલ સપના સિદ્ધ કરવા માટે બાળક હીજરાતો હોય છે ત્યારે વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા અને હુંફ પૂરી પાડવા શ્રી બીપીનભાઇની ટીમ પોતાનો મુલ્યવાન સમય કાઢીને છેવાડાના ગામ સુધી પંહોચી. તેમની ટીમને અભિનંદન.

વિદ્યાર્થીઓના ભણતરમાં કોઇ અવરોધ ના આવે અને તે પ્રગતિની પગદંડી કંડાળી સફળતાના શિખર સર કરી શકે તે માટે ધોરણ ૦૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓને બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ તરફથી નિઃશુલ્ક નોટબુકનું વિતરણ કરવામાં આવે છે અને આ ઉપરાંત વિદ્યાર્થીઓને પુસ્તક સહાયના રૂપિયા આપવામાં આવે છે.

વડ વગરની વેલી શા કામની? પતિ સ્વધામે સીધાવતા પત્ની નોંધારી બની જાય છે આવા સંજોગોમાં જે વિધવાની સ્થિતિ નબળી હોય અને ખરેખર સહાયની જરૂર હોય તેને વાર્ષિક રૂા. ૩૦૦૦/– વિધવા સહાય પેટે આપવામાં આવે છે જે ખરેખર સુંદર કાર્ય છે.

જયારે માથે ગંગાના જેવું શ્વેત વૃધાત્વ આવીને બેસે ત્યારે સીનીયર સિટીઝનોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવે છે જે તેમના માટે ગૌરવપૂર્ણ હોય છે.

અન્ય સમાજની જેમ આપણા સમાજમાં પણ “જીવન સાથી પસંદગી મેલા” નું આયોજન વખતો વખત કરવું જાઇએ. જેથી સમાજના યુવક–યુવતીઓને પોતાના મનપસંદ પત્ર સમાજમાંથી જ મળી રહે.

વર્તમાન સમયમાં દરજીના વ્યવસાય સાથે જોડાયેલા વ્યક્તિઓને સામાન્ય કેટેગરીના માનવામાં આવે છે તેમને માન, સન્માન મોભો કે આદર મળતો નથી. અરે! તેમને કોઇ દીકરી દેવા તૈયાર નથી. અરે ભાઇ ! દરજીનો વ્યવસાય તો સહિયારા શ્રમનું સર્જન છે, ઉજળો ધંધો છે. ધીકતી કમાણીનો કામણગારો વ્યવસાય, મજૂરી નથી કારીગરી છે. આ વ્યવસાય બ્રાહ્મણથી ભરવાડ સુધી અને વણિકથી વાલ્મીકી જ્ઞાતિ સુધીના માણસો કરે છે પણ હા તેમાં પરિવર્તન કરવાનો સમય પાકી ગયો છે. આપણા ભણેલા ગણેલા યુવાન યુવતીઓ “ફેશન ડીઝાઇનર” ના કોર્સ ઉપર પસંદગીનો કાળાશ ઢોળે તો માં સાથે રૂપિયા નો વરસાદ વરસે. તેના વિષે ની વિસ્તૃત માહિતી ગુગલ ઉપર સર્ચ કરો. (નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી).

આપના નામના પછવાડે વાઘેલા, મકવાણા, ડાભી, ચાવડા, કે રાઠોડ જરૂર લગાડો , તેની સામે ના ન હોઇ શકે પણ કોઈ જગ્યાએ પરિચય આપવાની વેળા આવે ત્યારે તમે દરજી છો એવું જરૂરથી જણાવો કારણ કે પેટા જ્ઞાતિના કારણે સામે ઉભેલા આપની જ જ્ઞાતિના માણસો આપની જ જ્ઞાતિના માણસને ઓળખી શકતા નથી. દા.ત. ગુજરાતી ફિલ્મી જગત ના દિગ્ગજ કલાકાર

અરવિંદ રાઠોડ દરજી હતા. એ વાતની કેટલા ને ખબર? હમણાં જ કેન્દ્રીય કેબીનેટમાં સમાવીષ્ટ થયેલ સંસદ દર્શનાબેન જરદોશ દરજી છે એ વાતથી પણ આપણે અજાણ.

દરજીનો દીકરો ધંધામાં કે નોકરીમાં પ્રગતિ કરે તો તેના ઉપર અભિનંદન ની વૃસ્તી કરો શક્ય હોય એટલી તેને જરૂર મદદ કરશોજી.

ધનવાન વ્યક્તિઓ પોતાના સંતાનના લગ્ન વેળા દેખાડો કરવા સાટું પૈસા ની રેલમછેલ કરે છે જયારે ગરીબ ભીતરને ભીતર હિજરાય છે મૂંઝાય છે અંતે હારી–થાકીને સાદગીપૂર્ણ લગ્ન કરી સંતાનના હાથ પીળા કરે છે. આ બંને પરિસ્થિતિ વચ્ચે સમતુલા જાળવવા સમુહલગ્ન એકમાત્ર કરગર ઉપાય છે. આનાથી દંભ દટાશે, સમાનતાની શરણાઇ વાગશે અને માનવ હૈયે હેત ઉભરાશે. સમુહલગ્નનું કામ મુશ્કેલ જરૂર છે પણ અશક્ય તો નથી જ.

સૌનો આભાર,
ધન્યવાદ,
બળવંત કે. દરજી - ગાંધીનગર

## કરીયાણાની કીટ પેટે મળેલ દાન : વર્ષ ૨૦૨૦-૨૦૨૧

| ભેટ આપનારનું નામ | ગામ | રકમ |
|---|---|---|
| રામભરોસે | – | ૨૨૦૦૦ |
| તરુણભાઇ પ્રવીણભાઇ | અમેરિકા | ૧૫૪૦૦ |
| અલ્પેશભાઇ ભલાભાઇ | કલોલ | ૧૧૦૦૦ |
| બિપીનચંદ્ર જીવણલાલ | કલોલ | ૧૧૦૦૦ |
| સતીષકુમાર માણેકલાલ | નવરંગપુરા | ૧૧૦૦૦ |
| જયેશભાઇ ગીરીશભાઇ | ધ્રાગડ | ૧૧૦૦૦ |
| ગોવિંદભાઇ ચંદુલાલ | વિસત | ૬૬૦૦ |
| બળવંતભાઇ કેશવલાલ દરજી | ગાંધીનગર | ૪૪૦૦ |
| દિલીપભાઇ મંગળદાસ | કલોલ | ૪૪૦૦ |
| દેવાંગભાઇ નારણભાઇ | પાલડી | ૪૪૦૦ |
| વિશાલભાઇ ગોવિંદભાઇ | સુરત | ૪૪૦૦ |
| હાર્દિકભાઇ પરસોત્તમદાસ | ભૂયંગદેવ | ૪૪૦૦ |
| પંકજભાઇ બાબુભાઇ | મોટેરા | ૪૪૦૦ |
| ડો. પ્રકાશભાઈ તથા તારાબેન | અમેરિકા | ૪૪૦૦ |
| સંજયકુમાર ઠાકરદાસ ટેલર | શિકાગો | ૪૪૦૦ |
| રોનાકભાઇ જયંતીભાઇ | ચાંદખેડા | ૨૨૦૦ |
| અશોકભાઈ છનાભાઇ | વામજ | ૨૨૦૦ |
| ગ.સ્વ. લીલાબેન રમણલાલ | ઘાટલોડિયા | ૨૨૦૦ |
| ઝરણાબેન રીતેશકુમાર ભાવસાર | ઓસ્ટ્રેલિયા | ૨૨૦૦ |
| મનીષભાઈ હસમુખભાઇ | સિવિલ | ૨૨૦૦ |
| રામભરોસે | – | ૨૨૦૦ |
| ગજાનંદભાઇ એમ. ભાવસાર | નવા વાડજ | ૨૨૦૦ |
| ચંદ્રેશભાઇ સેંધાભાઇ | ચાણક્યપુરી | ૨૨૦૦ |
| ગ.સ્વ. કૈલાસબેન જયંતીભાઇ | અમદાવાદ | ૨૨૦૦ |
| પંકજભાઇ રતિલાલ | વિસત | ૧૧૦૦ |
| અરવિંદભાઇ માણેકલાલ ટેલર | નવરંગપુરા | ૫૫૦૦૦ |
| હરીશભાઇ ગાંડાભાઇ | ઘાટલોડિયા | ૮૮૦૦ |
| હર્ષિતભાઇ રાજેશભાઇ ટેલર | ઓસ્ટ્રેલિયા | ૪૪૦૦ |
| રસિકભાઇ ગોવિંદભાઇ | ગાંધીનગર | ૨૨૦૦ |
| | કુલ | ૨૧૪૫૦૦ |

## આજીવન સભ્ય ફી પેટે મળેલ રકમ : વર્ષ ૨૦૨૦-૨૦૨૧

| ભેટ આપનારનું નામ | ગામ | રકમ |
|---|---|---|
| અમરીશકુમાર જયંતીલાલ ટેલર | ન્યુ રાણીપ | ૫૦૧ |
| યોગેશભાઇ બળદેવભાઇ | આંબલી ગામ | ૫૦૦ |
| ભરતભાઇ બળદેવભાઇ | આંબલી ગામ | ૫૦૦ |
| સંજયભાઇ બચુભાઈ | નરોડા | ૫૦૦ |
| રાકેશભાઇ જયંતીભાઇ | ગાંધીનગર | ૫૦૦ |
| હિતેશભાઇ જશુભાઇ | રાણીપ | ૫૦૦ |
| વિજયભાઇ અશોકભાઇ | રાણીપ | ૫૦૦ |
| મોનીલભાઇ કાળીદાસ | રાયસણ | ૫૦૦ |
| યોગેશભાઇ કનુભાઇ | અંબાવપુર | ૫૦૦ |
| કિશનકુમાર શીલાભાઇ | જેઠલાજ | ૫૦૦ |
| મનીષભાઇ મહેન્દ્રભાઇ | કુડાસણ | ૫૦૦ |
| બાલકૃષ્ણભાઇ દશરથભાઇ | ચિલોડા | ૫૦૦ |
| તુષાર પ્રવીણભાઇ | | ૫૦૦ |
| રાકેશ અશોકભાઇ | રાણીપ | ૫૦૦ |
| મિતેશ અશોકભાઇ | રાણીપ | ૫૦૦ |
| અતુલભાઇ જશવંતભાઇ | ખાનપુર | ૫૦૦ |
| પંકજ ગોવિંદભાઇ | નાના ચિલોડા | ૫૦૦ |
| અરવિંદભાઇ દશરથભાઇ | નાના ચિલોડા | ૫૦૦ |
| ખોડાભાઇ દશરથભાઇ | નાના ચિલોડા | ૫૦૦ |
| ભરતભાઇ બચુભાઇ | કોટેશ્વર | ૫૦૧ |
| ભાવેશભાઇ કનુભાઇ | ન્યુ.સી.જી. રોડ | ૫૦૦ |
| મેહુલ હસમુખભાઇ | નારોલ | ૫૦૦ |
| અમરીશ દશરથભાઇ | ઓઢવ | ૫૦૦ |

## રૂ. ૨૦૦/- ઉપર મળેલ કેલેન્ડર ભેટ પેટે દાન : વર્ષ-૨૦૨૦-૨૧

| | | |
|---|---|---|
| અલ્પેશભાઇ ભલાભાઇ | કલોલ | ૧૧૦૦ |
| જીગ્નેશ અશોકભાઇ દરજી | ગાંધીનગર | ૧૦૦૦ |
| રમેશભાઇ મણીલાલ | કલોલ | ૫૦૧ |
| જીતેન્દ્રભાઇ માણેકલાલ | હાંસોલ | ૫૦૧ |
| પ્રવિણભાઇ કાન્તિલાલ | શયોનાસીટી | ૫૦૧ |
| ધવલભાઇ હસમુખભાઇ | રાણીપ | ૫૦૧ |
| પ્રફુલભાઈ પી. | રાણીપ | ૫૦૧ |
| કૌશિકભાઇ કાન્તિલાલ | સોલા | ૫૦૧ |
| અરુણભાઈ માણેકલાલ | સોલા | ૫૦૧ |
| કૃષ્કાંતભાઇ નટવરભાઇ | ગાંધીનગર | ૫૦૧ |
| બિપીનચંદ્ર જીવણલાલ | કલોલ | ૫૦૦ |
| રસિકભાઇ ચંદુલાલ | ન્યુ સી.જી.રોડ | ૫૦૦ |
| વીરાંગભાઇ ભોગીભાઇ | રાણીપ | ૪૦૧ |
| કિરીટભાઇ સોમાભાઇ | કલોલ | ૩૧૧ |
| નવીનચંદ્ર નટવરલાલ | મોટેરા | ૩૦૧ |
| ગોવિંદભાઇ ચંદુલાલ | વિસત | ૩૦૧ |
| સેંધાલાલ શકરચંદ | ચાણક્યપુરી | ૩૦૦ |
| દિલીપભાઇ મંગળદાસ | કલોલ | ૨૫૧ |
| હસમુખભાઇ બળદેવભાઇ | કલોલ | ૨૫૧ |
| મુકેશભાઇ ચીનુભાઇ | કલોલ | ૨૫૧ |
| અજયભાઇ માણેકલાલ | હાંસોલ | ૨૫૧ |
| અરવિંદભાઇ અમૃતલાલ | હાંસોલ | ૨૫૧ |
| મુકેશભાઇ ગોવિંદભાઇ | હાંસોલ | ૨૫૧ |
| બલવંતભાઇ કેશવલાલ | ગાંધીનગર | ૨૫૧ |

| | | |
|---|---|---|
| રાકેશભાઇ કનુભાઇ | ગાંધીનગર | ૨૫૧ |
| આશુતોષભાઇ કનુભાઇ | ગાંધીનગર | ૨૫૧ |
| કનુભાઇ બબલદાસ | જુનાગઢ | ૨૫૧ |
| શંભુભાઇ બબલદાસ | ગાંધીનગર | ૨૫૧ |
| હસમુખભાઇ ચંદુલાલ | ગાંધીનગર | ૨૫૧ |
| જીતેન્દ્રભાઇ મનુભાઇ | ગાંધીનગર | ૨૫૧ |
| મનુભાઇ સોમનાથ | ગાંધીનગર | ૨૫૧ |
| હસમુખભાઇ માણેકલાલ | વિસત | ૨૫૧ |
| પંકજભાઇ બાબુભાઇ | મોટેરા | ૨૫૧ |
| રાજુભાઇ ઈશ્વરલાલ | રામનગર | ૨૫૧ |
| વિજયભાઇ ઈશ્વરભાઈ | રામનગર | ૨૫૧ |
| દિનેશભાઇ માણેકલાલ | મોટેરા | ૨૫૧ |
| ગૌરેશભાઇ બચુભાઈ | રામનગર | ૨૫૧ |
| હસમુખભાઇ મંગળદાસ | રામનગર | ૨૫૧ |
| પુનમભાઇ ડાહ્યાભાઇ | ઓગણજ | ૨૫૧ |
| પ્રવિણભાઇ રામાભાઇ | ઓગણજ | ૨૫૧ |
| અશોકભાઇ રમણલાલ | ઓગણજ | ૨૫૧ |
| મનોજભાઇ કનુભાઇ | ઓગણજ | ૨૫૧ |
| જયંતીભાઇ બાબુલાલ | નિર્ણયનગર | ૨૫૧ |
| રતિભાઇ બાબુલાલ | નિર્ણયનગર | ૨૫૧ |
| સુરેશભાઇ રમણલાલ | વાડજ | ૨૫૧ |
| રિતેશભાઇ જયંતિભાઇ | ચાંદલોડીયા | ૨૫૧ |
| મનુભાઇ કચરાભાઇ | નિર્ણયનગર | ૨૫૧ |
| જયંતીભાઇ મણીલાલ | નિર્ણયનગર | ૨૫૧ |
| કનુભાઇ શકરાભાઇ | નિર્ણયનગર | ૨૫૧ |
| અમૃતભાઇ મોહનભાઇ | ચાંદલોડીયા | ૨૫૧ |
| અશોકભાઇ મોહનભાઇ | ચાંદલોડીયા | ૨૫૧ |
| દિપકભાઇ ગાંડાભાઇ | ચાંદલોડીયા | ૨૫૧ |
| અશોકભાઇ કાન્તિલાલ | ચાંદલોડીયા | ૨૫૧ |
| ચિરાગભાઇ અરવિંદભાઇ | ચાંદલોડીયા | ૨૫૧ |
| અરુણભાઇ ગાંડાભાઇ | ચાંદલોડીયા | ૨૫૧ |
| અરવિંદભાઇ સાકળચંદ | ઘાટલોડીયા | ૨૫૧ |
| શૈલેશભાઇ નટવરલાલ | ઘાટલોડિયા | ૨૫૧ |
| બંસીભાઇ પુર્સોત્તામદાસ | ઘાટલોડિયા | ૨૫૧ |
| જયંતીભાઇ પુર્સોત્તામદાસ | ઘાટલોડિયા | ૨૫૧ |
| કમલેશભાઇ કાન્તિલાલ | ઘાટલોડિયર૫૧ | |
| ચંદનભાઇ ચીનુભાઇ | ઘાટલોડિયા | ૨૫૧ |
| ગુણવંતભાઇ મણીલાલ | ઘાટલોડિયા | ૨૫૧ |
| દિલીપભાઇ ભોગીલાલ | ઘાટલોડિયા | ૨૫૧ |
| મહેશભાઇ નટવરલાલ | ઘાટલોડિયા | ૨૫૧ |
| અમિતભાઇ નટવરભાઇ | ત્રાગડ | ૨૫૧ |
| લીલાબેન રમણલાલ | ઘાટલોડીયા | ૨૫૧ |
| પ્રવીણભાઇ બુધાલાલ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| વિનોદભાઇ બુધાલાલ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| હસમુખભાઇ દશરથભાઇ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| ભોગીભાઇ બાપુભાઇ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| ઉત્પલભાઇ ભોગીલાલ | પુના | ૨૫૧ |
| હસમુખભાઇ માણેકલાલ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| રાજેશભાઇ મણીલાલ | રાણીપ | ૨૫૧ |
| ગોવિંદભાઇ ગાંડાભાઇ | નીગમનગર | ૨૫૧ |
| યજ્ઞેશભાઇ ગોવિંદભાઇ | નીગમનગર | ૨૫૧ |
| કનુભાઇ અંબાલાલ | ન્યુ સી.જી.રોડ | ૨૫૧ |

| | | |
|---|---|---|
| વિજયકુમાર ખોડીદાસ | રાંધેજા | ૨૫૧ |
| ગૌતમભાઇ ખોડીદાસ | સરગાસણ | ૨૫૧ |
| નારણભાઇ બળદેવદાસ | ધોળાકુવા | ૨૫૧ |
| હિતેષભાઇ ગોવિંદભાઇ | નાના ચિલોડા | ૨૫૧ |
| સતીષભાઇ લાલભાઇ | નાના ચિલોડા | ૨૫૧ |
| ડો. નિતીનભાઇ બાબુલાલ | વિમલપાર્ક | ૨૫૧ |
| લાલભાઇ રતિલાલ | કુજાડ | ૨૫૧ |
| રમેશભાઇ અંબાલાલ | ચાંદખેડા | ૨૫૧ |
| ઇન્દ્રવદનભાઇ માણેકલાલ | ચાંદખેડા | ૨૫૧ |
| અરવિંદભાઇ માણેકલાલ | ચાંદખેડા | ૨૫૧ |
| ભરતભાઇ અંબાલાલ | આઈ.ઓ.સી. | ૨૫૧ |
| મનુભાઇ ગાંડાભાઇ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| શરદકુમાર ચંદુલાલ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| વિપુલભાઇ ગુણવંતભાઈ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| સ્વ. પ્રવિણભાઈ છોટાલાલ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| દિનેશભાઇ અંબાલાલ | ન્યુ રાણીપ | ૨૫૧ |
| અંબાલાલ કાન્તીભાઇ | ન્યુ ચાંદખેડા | ૨૫૧ |
| ગૌતમકુમાર અમરતલાલ | ચેનપુર | ૨૫૧ |
| ગ.સ્વ. સુશીલાબેન રતિલાલ | ચેનપુર | ૨૫૧ |
| તુષારભાઇ નવીનચંદ્ર | ચાંદખેડા | ૨૫૧ |
| જીતેન્દ્રભાઇ બળદેવભાઇ | જગતપુર | ૨૫૧ |
| ભરતભાઇ કાન્તિલાલ | ન્યુ ચાંદખેડા | ૨૫૧ |
| રમેશભાઇ જોઈતારામ | નારણપુરા | ૨૫૧ |
| નીરવભાઇ રમેશભાઇ | ગોવા | ૨૫૧ |
| હરીશભાઇ ગાંડાભાઇ | સોલા | ૨૫૧ |
| રમેશભાઇ કાન્તિલાલ | સોલા | ૨૫૧ |
| જનકભાઇ લાલભાઇ | સોલા | ૨૫૧ |
| સુરેશભાઇ મંગળદાસ | સોલા | ૨૫૧ |
| અરવિંદભાઇ સોમાભાઇ | સોલા | ૨૫૧ |
| પરસોત્તમભાઇ અંબાલાલ | સોલા | ૨૫૧ |
| અશોકભાઇ ફકીરચંદ | સોલા | ૨૫૧ |
| ચંદુભાઇ મંગળદાસ | સોલા | ૨૫૧ |
| અશોકભાઇ કાન્તિલાલ | સોલા | ૨૫૧ |
| અતુલભાઇ અશોકભાઇ | સોલા | ૨૫૧ |
| હિતેન્દ્રભાઈ | સોલા | ૨૫૧ |
| હિરેનભાઇ કનૈયાલાલ | સોલા | ૨૫૧ |
| ચંદ્રકાંતભાઇ કાન્તિલાલ | સોલા | ૨૫૧ |
| દશરથભાઇ શકરચંદ | સોલા | ૨૫૧ |
| ભાઇલાલભાઇ શકરચંદ | સોલા | ૨૫૧ |
| મેહુલકુમાર હસમુખભાઇ | સોલા | ૨૫૧ |
| અશોકભાઇ બબલદાસ | નાવાકોબા | ૨૫૧ |
| રશ્મીકાંતભાઇ વિનુભાઇ | પોર | ૨૫૧ |
| સુજીતકુમાર વિનુભાઇ | પોર | ૨૫૧ |
| મહેશભાઇ અમરતભાઇ | ગાંધીનગર | ૨૫૧ |
| જશવંતભાઇ શાંતિલાલ | ગાંધીનગર | ૨૫૧ |
| જીવાભાઇ અંબાલાલ | કલોલ | ૨૫૦ |
| ધર્મેન્દ્રભાઇ ચિમનલાલ | કલોલ | ૨૫૦ |
| ગોવિંદભાઇ સોમનાથ | કલોલ | ૨૫૦ |
| ખોડભાઈ નારણદાસ | કલોલ | ૨૫૦ |
| ચીમનભાઇ બબલદાસ | કલોલ | ૨૫૦ |
| ભરતભાઇ પ્રહલાદભાઇ | કલોલ | ૨૫૦ |
| અલ્કેશભાઇ અમરતભાઇ | કરણનગર | ૨૫૦ |

| | | |
|---|---|---|
| વિપુલભાઇ અમરતભાઇ | કરણનગર | ૨૫૦ |
| રઘુભાઇ ચંદુભાઇ | કરણનગર | ૨૫૦ |
| ઇશ્વરભાઇ અમરતભાઇ | કરણનગર | ૨૫૦ |
| નવીનભાઇ અમૃતલાલ | કરણનગર | ૨૫૦ |
| અશોકભાઇ ગાંડાભાઇ | કરણનગર | ૨૫૦ |
| ભરતભાઇ ચીનુભાઇ | ઝુલાસણ | ૨૫૦ |
| રાજુભાઇ શાંતિલાલ | ઝુલાસણ | ૨૫૦ |
| મનુભાઇ આત્મારામ | પાનસર | ૨૫૦ |
| દિનેશભાઇ લાલદાસ | છત્રાલ | ૨૫૦ |
| રાજેશભાઇ ચીનુભાઇ જરદોસ | ચાંદલોડિયા | ૨૫૦ |
| અમૃતલાલ અંબાલાલ | છત્રાલ | ૨૫૦ |
| સુરેશભાઈ વિઠ્ઠલભાઈ | છત્રાલ | ૨૫૦ |
| બીપીનભાઈ કાન્તિલાલ | છત્રાલ | ૨૫૦ |
| રમેશભાઈ ડાહ્યાભાઈ | ઓગણજ | ૨૫૦ |
| રણજીતભાઈ ગોવિંદભાઈ | રાણીપ | ૨૫૦ |
| શૈલેશ મણીલાલ | રાણીપ | ૨૫૦ |
| રસિકભાઈ આત્મારામ | ચાંદલોડીયા | ૨૫૦ |
| બચુભાઈ વિશાભાઈ | ચાંદલોડીયા | ૨૫૦ |
| પ્રગ્નેશભાઈ મહેન્દ્રભાઈ | ચાંદલોડીયા | ૨૫૦ |
| મહેશ અંબાલાલ | ચાંદલોડીયા | ૨૫૦ |
| વિષ્ણુભાઈ જયંતીભાઈ | ચાંદલોડીયા | ૨૫૦ |
| સુરેશભાઈ હસમુખભાઈ | ચાંદલોડીયા | ૨૫૦ |
| જીતેન્દ્ર શીવાભાઈ | ચાંદલોડીયા | ૨૫૦ |
| શૈલેશ લાલભાઈ | ચાંદલોડીયા | ૨૫૦ |
| ધવલ જયંતીભાઈ | લપકામણ | ૨૫૦ |
| મયુરભાઈ પ્રવીણભાઈ | ન્યુ રાણીપ | ૨૫૦ |
| રજનીકાંત પ્રવીણભાઈ | ન્યુ રાણીપ | ૨૫૦ |
| ચંદુલાલ પોપટલાલ | ન્યુ રાણીપ | ૨૫૦ |
| જીગ્નેશ અશોકભાઈ | ન્યુ રાણીપ | ૨૫૦ |
| રાજેશભાઈ કનુભાઈ | ન્યુ રાણીપ | ૨૫૦ |
| હર્ષદભાઈ નટવરભાઈ | કોલવડા | ૨૫૦ |
| રમણલાલ | ચાંદલોડીયા | ૨૫૦ |
| ઉમંગ નટવરભાઈ | ચાંદલોડીયા | ૨૫૦ |
| મનોજકુમાર સેંધાભાઇ | વેજલપુર | ૨૫૦ |
| જયંતીભાઈ બાબુલાલ | નરોડા | ૨૫૦ |
| પ્રવીણભાઈ પોપટભાઈ | નરોડા | ૨૫૦ |
| વિષ્ણુભાઈ પોપટભાઈ | ચાંદખેડા | ૨૫૦ |
| રાજેન્દ્રકુમાર ચંપકલાલ | ચેનપુર | ૨૫૦ |
| નંદલાલ પુર્સોત્તામદાસ | સોલા | ૨૫૦ |
| રાજુભાઈ ધનાભાઇ | નાવાકોબા | ૨૫૦ |
| મનીષ લલીતભાઈ | નાવાકોબા | ૨૫૦ |
| કાન્તિલાલ મફતલાલ | ગાંધીનગર | ૨૫૦ |
| રાજેન્દ્ર કાન્તિલાલ | ગાંધીનગર | ૨૫૦ |
| ગૌતમકાન્તિલાલ | ગાંધીનગર | ૨૫૦ |
| આર.કે.ટેલર્સ | ગાંધીનગર | ૨૫૦ |
| મનોજભાઈ જગદીશભાઈ | પોર | ૨૫૦ |
| કૌશિકભાઈ કાન્તિલાલ | સોલા | ૨૦૧ |
| રાકેશ દશરથભાઈ | શિલજ | ૨૦૧ |
| પંકજભાઈ ઇશ્વરભાઈ | સૈજપુર | ૨૦૧ |
| કનુભાઈ ગાંડાભાઈ | ચાંદખેડા | ૨૦૧ |
| અમૃતભાઈ શકરાભાઈ | જાસપુર | ૨૦૧ |
| રાજેન્દ્રભાઈ નટવરભાઈ | જાસપુર | ૨૦૧ |

| | | |
|---|---|---|
| પંકજભાઈ દામજીભાઈ | જાસપુર | ૨૦૧ |
| સૌરભભાઈ ધર્મેશભાઈ | ગોતા | ૨૦૧ |
| રસિકભાઈ મણીલાલ | ઘાટલોડિયા | ૨૦૧ |
| નટવરભાઈ ડાહ્યાભાઈ | ઘાટલોડિયા | ૨૦૧ |
| પરેશભાઈ મનુભાઈ | ઘાટલોડિયા | ૨૦૧ |
| મીલોનભાઈ શશીકાંત ટેલર | ન્યુ રાણીપ | ૨૦૧ |
| બીપીનભાઈ રતિલાલ | નીગમનાગર | ૨૦૧ |
| દિલીપભાઈ એન. | ચાંદખેડા | ૨૦૧ |
| ગૌતમકનુભાઈ | સિવિલ | ૨૦૧ |
| અજીત કનુભાઈ | સિવિલ | ૨૦૧ |
| મનોજભાઈ રતિલાલ | શેરથા | ૨૦૧ |
| જીતેન્દ્ર અશોકભાઈ | નરોડા | ૨૦૧ |
| રાજુભાઈ સોમનાથ | નરોડા | ૨૦૧ |
| વિપુલ નરેશભાઈ | સોલા | ૨૦૧ |
| ભરતભાઈ કાન્તિલાલ | બોપલ | ૨૦૦ |
| શૈલેશભાઈ બળદેવભાઈ | આંબલી | ૨૦૦ |
| ભીખભાઈ અંબાલાલ | રંચારડા | ૨૦૦ |
| છનાભાઇ રણછોડભાઈ | કલોલ | ૨૦૦ |
| મુકેશભાઈ નટવરભાઈ | કલોલ | ૨૦૦ |
| વિનોદભાઈ નટવરભાઈ | કલોલ | ૨૦૦ |
| વિજયભાઈ કનુભાઈ | કલોલ | ૨૦૦ |
| પરેશભાઈ બાબુલાલ | કલોલ | ૨૦૦ |
| અજયભાઈ અશોકભાઈ | કલોલ | ૨૦૦ |
| અરવિંદભાઈ વિઠ્ઠલદાસ | કલોલ | ૨૦૦ |
| અતુલ બાબુલાલ | હાંસોલ | ૨૦૦ |
| કેતન બાબુલાલ હાંસોલ | ૨૦૦ | |
| નંદકિશોર રમણલાલ | મોટેરા | ૨૦૦ |
| શંભુભાઈ રમણલાલ | રામનગર | ૨૦૦ |
| નારણભાઈ શકારચંદ | કલોલ | ૨૦૦ |
| વિનોદભાઈ અશોકભાઈ | ઓગણજ | ૨૦૦ |
| કનુભાઈ લાલભાઈ | ઓગણજ | ૨૦૦ |
| નરેશભાઈ દશરથભાઈ | ઘાટલોડિયા | ૨૦૦ |
| દિલીપભાઈ મણીલાલ | ન્યુ રાણીપ | ૨૦૦ |
| હસમુખભાઈ ગોવિંદભાઈ | ન્યુ રાણીપ | ૨૦૦ |
| લાલભાઈ જયંતીલાલ | નીગમનાગર | ૨૦૦ |
| ભરતભાઈ સોમનાથ | નરોડા | ૨૦૦ |
| કનુભાઈ ગાંડાભાઈ | નાવાકોબા | ૨૦૦ |
| ભીખાભાઈ કાનજીભાઈ | ગાંધીનગર | ૨૦૦ |
| અરવિંદભાઈ માણેકલાલ | કેપીટલપાર્ક | ૫૦૧ |
| ધવલ કનુભાઈ | કેપીટલપાર્ક | ૫૦૦ |
| પરેશભાઈ સોમનાથ | મેમનગર | ૩૦૧ |
| પલ્લવભાઈ બાબુલાલ | કેપીટલપાર્ક | ૩૦૧ |
| વાડીલાલ માધવલાલ | કેપીટલપાર્ક | ૨૫૧ |
| ભરતભાઈ અંબાલાલ | મેમનગર | ૨૫૦ |
| શૈલેષભાઈ રમણલાલ | દહેગામ | ૨૫૦ |
| અશોકભાઇ રમણલાલ | દહેગામ | ૨૫૦ |
| રોનકભાઇ (ભાણો) | દહેગામ | ૨૫૦ |
| નિરંજનભાઇ રમણલાલ | દહેગામ | ૨૫૦ |
| અતુલભાઇ જશવંતભાઇ | ખાનપુર | ૨૫૦ |
| જગદિશચંદ્ર પ્રવિણભાઇ | પાદરા | ૨૫૦ |
| હર્ષદભાઇ પ્રવિણભાઇ | દહેગામ | ૨૫૦ |

## આપણા સમાજના એક વિદ્વાન સાહિત્યકાર શિક્ષકના ગૌરવપૂર્ણ પદ ઉપરથી સેવા નિવૃત થયા.

### "કહાની એક કર્મ યોગીની"

આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના એક અતિ વિદ્વાન અને અલૌકિક સાહિત્યકાર કે જેમના માટે ગુજરાતી ભાષા ખરા અર્થમાં માતૃ સમાન હતી અને કર્મ મન અને ધર્મથી સાહિત્યને વરેલ હતા તેવા શ્રી બળવંતભાઇ કે દરજી તા. ૩૧–૧૦–૨૦૨૦ના રોજ શાળામાંથી સેવા નિવૃત થયા. તેમના સાહિત્યના સ્તરને દર્શાવીને તેને વખાણવા લાયક શબ્દો અમારી પાસે તો નથી પરંતુ અત્રે અમો તેમના એક શિષ્ય ભાઇશ્રી હિતેશ દરજી કે જેઓ ચિત્રાસણી ગામ પાલનપુરના છે તેમના દ્વારા લખેલ કહાની અક્ષતહ રજુ કરીએ છે.

સુરજના અજવાળે દીવો એના પ્રકાશના તેજની વાત જગતની સામે કેવી નો કરી શકે? પેન પકડીને ગુજરાતી ભાષાના એ ભીષ્મવિષે શું લખું? કેવી રીતે લખું અને ક્યાંથી લખવું એવી મીઠી મુંજવણ સાથે એક શિક્ષક અને શિક્ષણની દાસ્તાન શેર કરવી છે. "ભીષ્મ" શબ્દ થી કદાચ તમને એમ થાય કે આટલી મહાન વ્યક્તિ કોણ હશે?. પણ મારે મન લક્ષ્મીપુરા–પાલનપુરની સંસ્કાર વિદ્યાલયમાં ભણવા આવતા શહેર ગામડાના ગરીબ માધ્યમવર્ગ અને કેટલાક સુખી સંપન્ન પરિવારોના વિદ્યાર્થીઓ માટે એ ગુજરાતી ભાષાના ભીષ્મ આજીવન રહેશે.

આજથી ૧૫–૨૦ વર્ષ પહેલા બી.કે. દરજી સાહેબના મોઢે જ્ઞાનની ગંગા રૂપે વહેતી ગુજરાતી ભાષા જાણે અવિરત સાંભળ્યા જ કરીએ એટલું સરસ ઉચ્ચારણ થાય કે ભાષાના શબ્દોને પણ ગદગદિત થવું પડે કે આટલી સારી રીતે કોઇ તેમને નવાજે છે. સાલ ૨૦૦૨ માં હું ધોરણ ૧૦ માં હતો ગુજરાતીમાં પાઠ આવે : "પૃથ્વી વલ્લભ કેમ ખચકાયો?" વર્ણન એટલું સરસ કરે કે બનું લાખ મળવાનો ધણી માલવપતિ મુજ વર્ગ વચાળે જાણે હાજર થાય. નાનાવિધ દ્રષ્ટાંતો દ્વારા એવું સમજાવે કે શીરા ના કોળિયાની માફક ઘટક દઇને ઉતરી જાય.

ભૂલકાઓની ભીતર ભગવાન ભાળનાર, પોતાને સરસ્વતીના સાધક સમજનારા, સમગ્ર જીવન પોતાની સંસ્થાને સમર્પિત કરનારા, શારીરિક સજાને જંગલિયત કૃત્ય માનનારા, બાળકમાં પરિવર્તન માટે પ્રેમ જ અસરકારક છે તેવું અંગીકાર કરનારા, ભૂલકાઓના સરવાણી વિકાસ માટે મંથન અને મથામણ કરનારા, શિક્ષણ જગતમાં નોખું કરનારા, ચોક અને ટોક વાળી પુરાની પદ્ધતિને બદલે શિક્ષણમાં આધુનિક પદ્ધતિ – પ્રયુક્તિઓનો વિનિયોગ કરનારા. બી.કે. સાહેબ શિક્ષણ જગતમાં આગવી ઓળખ ધરાવનારા શિક્ષક.

ગુજરાતી તેમનો માનીતો મનભાવન વિષય, પણ તેઓ ગુજરાતી વિષય જીવનારા માણસ, તેમની રગેરગમાં ઓગળી ગયેલો આ વિષય. ૩૩ વર્ષની નોકરી બાદ તેમની વિદાયથી શાળાના માઇકે પણ એમને ઉદઘોષકને શોધશે. એમના વ્યક્તત્વ વેળાએ વિદ્યાર્થીઓના કાનને જે હર્ષ અને ઋજૂતા અનુભવતી એ કદાચ હવે પુનરાવર્તિત નહિ થાય. એમના વય નિવૃત્તિના જવાબે મારા મન મંદિરમાં હજારો પ્રશ્નો દોડતા કરી દીધા. સાહેબ વ્યાજબી જ છે જે શિક્ષક, રમતવીર કે કલાકાર પોતાના પ્રાણ રેડ્યા હોય એ પોતાની કર્મભૂમિને છોડી જાય પછી એ મંચ નું શું? અમુરતો માં પણ ખાલીપો છવાઇ જાય. જયારે આવો મુઠી ઊંચેરો માનવી કોઇ સ્થળ કે સંસ્થામાંથી વિદાય થાય.

માત્ર બેતાલીસ દરજી સમાજમાં જ નહિ સમગ્ર ગુજરાતના તમામ દરજી સમાજના શિક્ષણ જગતમાં પ્રવેશ કરનારા આપણા યુવાન યુવતીઓ માટે બી.કે. દરજી સાહેબ પ્રેરણાદાયી છે. તેમને સાધેલી સિદ્ધિઓની એક આછેરી ઝલક રજુ કરતા ગૌરવ અનુભવું છું.

### : સફળતાના સોપાનો :


૧. ગુજરાત રાજ્યના બેસ્ટ ટીચર એવાર્ડ થી સુશોભિત – ૨૦૧૦
૨. શિક્ષણ ભૂષણ એવોર્ડ ગોવા રાજ્ય – ૨૦૧૧
૩. અવંતિકા એવાર્ડ – દિલ્હી – ૨૦૧૨
૪. ઇન્ટરનેશનલ એન્વાયરમેન્ટ એજ્યુકેશન એવોર્ડ – ૨૦૧૪
૫. કર્મયોગી યોજના અંતર્ગત RP અને KRP(તજજ્ઞ) વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૭ – જી. મહેસાણા
૬. ઉત્તર ગુજરાતના ગુજરાતી વિષયના તજજ્ઞ (એક વખત)
૭. લઘુ સંશોધના
૮. એકપાત્રીય અભિનયના સ્ક્રીપ્ટ લેખક
૯. ગુજરાતી વિષયના પેપર સેટર (જી. મહેસાણા)
૧૦. ૩૫ વર્ષની ઉંમર સુધી યુવક મહોત્સવમાં રાજ્ય સુધી પહોચ્યા. વ્રક્તુત્વ, શાયરી, ગઝલ પાદપૂર્તિ
૧૧. સામાચીકોમાં તેમના સૈક્ષણિક લેખો પ્રગટ થયા.
૧૨. બી.એડ. તેમજ પી.ટી.સી.ના વાર્ષિક પાઠોના મુલ્યાકનકાર
૧૩. એસ.એસ.સી. ના વિદ્યાર્થીઓના તજજ્ઞ – જી. મહેસાણા
૧૪. વ્યાસન મુક્તિ અભિયાન
૧૫. ઝૂપડપટ્ટીના બાળકોને શૈક્ષણિક સામગ્રીના દાતા
૧૬. સંસ્કૃતિક, કાર્યક્રમોના આયોજક, સંચાલક, પ્રશિક્ષક
૧૭. ઉદ્‌ઘોષક
૧૮. અનેક સંસ્થાઓ માનનીય પ્રવચનો
૧૯. ધોરણ ૧૦ ના ગુજરાતી વિષયની ૯૫ થી ૧૦૦% રીઝલ્ટ
૨૦. ઇન્ચાર્જ આચાર્યશ્રીનો ચાર્જ સંભાળવો.
૨૧. સાહિત્યકારોની સંગત
૨૨. કન્યા કેળવણીને પ્રોત્સાહન
૨૩. સામાજિક સેવાઓ
- ખજાનચી – સપ્તદેવ ચેરીટીબલ ટ્રસ્ટ – સે.૩ સી, ગાંધીનગર
- સહમંત્રી– નવરાત્રી મહોત્સવ સમિતિ – સે.૩ સી, ગાંધીનગર
- મંત્રી – વસાહત મંડળ, સે.૩, ગાંધીનગર
- સહમંત્રી – સાંઇ સેવા ટ્રસ્ટ સે.૩ ડી, ગાંધીનગર
- સલાહકાર – વડસ્મા હાઇસ્કુલ

૨૪. વિદ્યાર્થીઓના સથવારે દાનની વૃતિ – સ્વખર્ચ
- છેલ્લા પાંચ વર્ષથી શાળામાં પક્ષી કુંડા વિતરણ પૂર્વે શાળાના તમામ બાળકોને પતંગ વિતરણ
- ધોરણ ૧૦ અને ૧૨ ના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ચાંદીના સિક્કા

૨૫. બોર્ડની ઉત્તરવાહી ચકાસણીના કો–ઓર્ડીનેટર
૩૬. યુવક મહોત્સવના નિર્ણાયક
૩૭. પ્રાચીન કાળના સિક્કા – ચલણી નોટોના સંગ્રાહક
૨૮. એન્ટીક
- ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને એક્ઝામ કીટ દર વર્ષે
- જરૂરીયાતમંદ બાળકોને અપેક્ષિત વિતરણ
- ઉતરાયણ પૂર્વે શાળાના તમામ બાળકોને પતંગ વિતરણ

૨૫. બોર્ડ ની ઉત્તરવાહી ચકાસણીના કો–ઓર્ડીનેટર
૩૬. યુવક મહોત્સવના નિર્ણાયક
૩૭. પ્રાચીન કાળના સિક્કા – ચલણી નોટોના સંગ્રાહક
૨૮. એન્ટીક વસ્તુઓનું કલેક્શન
૨૯. જનરલ નોલેજ અભિયાન

**મારા ગુરુ ને સલામ......વંદન......અભિનંદન.**



શ્રી બળવંતભાઇ પોતાની નોકરીમાંથી નિવૃત થતા હવે સમાજ સેવા અને જનસેવામાં વધુ સમય ફાળવી શકે અને સંસ્થા અને સમાજને પ્રગતિના સોપાનો સર કરવામાં કારણભૂત બનશે તેવી સમાજના દરેક વ્યક્તિને અપેક્ષા છે. ફરીથી નિવૃત્તિ પ્રસંગે આપના જીવનની આ અણમોલ ઘડીએ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ આપને અભિનંદન પાઠવે છે. અને સાથોસાથ આપ તથા આપના ધર્મપત્નિ શ્રીમતી ઇન્દીરાબેનનું શેષ દામ્પત્યજીવન નીરોગી, સુખમય, શાંતિમય, વધુ સેવામય તથા દીર્ઘાયુમય બની રહે તે માટે સ્નેહભરી શુભેચ્છાઓ સમાજના દરેક વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના રાંધેજા નિવાસી મહામત્રી એવા શ્રી વિજયભાઇ ખોડીદાસ દરજીના સુપુત્ર ચિ. કૌશલને પ્રતિષ્ઠિત કંપનીમાં જોબ મળી



આપણો સમાજ પ્રગતિના પંથ પર અગ્રેસર છે. સમાજમાં કેળવણી મંડળની સ્થાપના અને કેળવણી મંડળ થકી ચલાવવામાં આવતી કેળવણી લક્ષી યોજનાઓને લઇ ને સમાજમાં કેળવણી પ્રત્યે ખુબ જાગરૂકતા આવેલ છે તે આપણા સમાજ માટે ખુબ સારી નિશાની છે. આપણા સમાજના કેળવણી મંડળના મહામંત્રી એવા શ્રી વિજયભાઇ ખોડીદાસનો સુપુત્ર કૌશલ અભ્યાસમાં ખુબજ તેજસ્વી છે અને પોતાના પિતા દ્વારા મળેલ વિદ્યા અને મહેનતના સંસ્કારોને ખુબજ સરસ રીતે આત્મસાત કરેલ છે. ભાઇશ્રી કૌશલ દ્વારા એમ.કોમ. સુધીનો ઉચ્ચ અભ્યાસ કરવામાં આવેલ છે અને હાલમાં જ તે ગાંધીનગર સ્થિત TATA CONSULTANCY જેવી પ્રતિષ્ઠિત કમ્પનીમાં INFORMATION PROCESS ENABLER તરીકે જોબ મેળવેલ છે. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ ભાઇશ્રી કૌશલને ખુબ ખુબ અભિનંદન આપે છે અને તેના સુખી અને ઉજ્વળ ભવિષ્ય માટે કામના કરે છે.


## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના ગાંધીનગર નિવાસી શ્રી ગૌતમભાઇ ખોડીદાસ દરજીના સુપુત્રી કુ. ફોરમને પ્રતિષ્ઠિત કંપની માં જોબ મળી



કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ એવા શ્રી ખોડીદાસ જી. દરજીના નાના સુપુત્ર ભાઇશ્રી ગૌતમભાઈ હાલ સરગાસણ ગાંધીનગર મુકામે નિવાસ કરે છે. તેઓ શ્રીને કુ. ફોરમ નામે એક ખુબજ હોંશિયાર અને સુંદર દીકરી છે. કુ. ફોરમ અભ્યાસમાં ખુબ જ તેજસ્વી છે અને હંમેશા અભ્યાસ ક્ષેત્રે પ્રગતિના સોપાનો સર કરતી રહેલ છે. તેણીની એ B TECH COMPUTER ENGINEERING નો અભ્યાસ કરેલ છે. અને હાલ માં જ તેને ગાંધીનગર સ્થિત CARET IT SOLUTION PVT LTD જેવી પ્રતિષ્ઠિત કમ્પની માં PROJECT MANAGER - SOFTWARE તરીકે જોબ મેળવેલ છે. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ કુ. ફોરમને ખુબ ખુબ અભિનંદન આપે છે અને તેના સુખી અને ઉજ્જવળ ભવિષ્ય માટે કામના કરે છે.


## કલોલ સ્થિત શ્રી ચીનુભાઇ બેતાલીસ ગોળ દરજી સમાજ ક્રેડીટ સોસાયટીના મેનેજીંગ ડીરેક્ટર એવા છત્રાલવાળા શ્રી ખોડીદાસ નારણદાસ દરજી દ્વારા શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના નામ પ્રમાણેની પરિભાષા

આપણા સમાજની શ્રી ચીનુભાઇ દરજી બેતાલીસ ગોળ ક્રેડીટ સોસાયટીના મેનેજીંગ ડીરેક્ટર અને કેળવણી મંડળના પૂર્વ કારોબારી સભ્ય અને પ્રવક્તા એવા છત્રાલવાળા શ્રી ખોડીદાસ નારણદાસ દરજી એક શીક્ષક હતા. અને નિવૃત્તિ બાદ હાલ પણ તેમનામાં એ શિક્ષક જીવિત છે. હાલ જયારે તેમના સુપુત્ર વિપુલ ખોડીદાસ દરજીના કલોલ સ્થિત "શ્રી બાલાજી પ્રિન્ટીંગ પ્રેસ" માં આપણા સમાજનું મુખપત્રક એવા બેતાલીસ દીપક નો અંક ૧૩ તૈયાર થઇ રહેલ છે. તો શ્રી ખોડીદાસ દ્વારા આપણા સમાજના કેળવણી મંડળના કાર્યોને આવરતી કેળવણી મંડળના નામને સાંકળતી એક સુંદર પરિભાષા તૈયાર કરવામાં આવેલ છે. જે અક્ષર સહ: અત્રે રજુ કરીએ છીએ.



**શ્રી** શ્રીમાન અને શ્રેષ્ઠીઓથી શોભતો આ સમાજ છે.
**બે** બેનમુન દરજી સમાજ છે કુલ ૧૧૧ દરજી સમાજમાં
**તા** તાલમેલ અને સહકારની ભાવનાથી પ્રગતિના પંથે હરણફાળ ભરી રહ્યો છે.
**લી** લીધો છે ભેખ – સમાજના કાર્યકર્તાઓએ સમાજ સેવા કરવાનો
**સ** સહુનો સાથ, પ્રયાસ અને વિશ્વાસથી વિકાસ કરવો એજ મંત્ર છે.
**ગો** ગોળની ઓળખ માટે **"સમાજ દર્શન"** અને **"બેતાલીસ દીપક"** નું પ્રકાશન કરી રહ્યા છો.
**ળ** (લ)ગન ના ખોટા ખર્ચાઓથી બચવા સમુહલગ્નના આયોજન કર્યા.
**દ** દરેક પરિવારને નિ:શુલ્ક નોટબુક, આર્થિક સહાય, પુસ્તક સહાયથી મદદરૂપ બન્યા.
**ર** રહી હતી જેમની ઇચ્છાઓ અધુરી, એમને પ્રવાસો થાકી **"પ્રભુ દર્શન"** કરાવ્યા
**જી** જીવનભર વ્યયસાય / નોકરી કરતા વડીલોનું ૬૫ વર્ષે શાલ ઓઢાડીને સન્માન કર્યું
**કે** કેળવણી પામેલ વિદ્યાર્થીઓને ચંદ્રકો, ઇનામો આપી સ્ટેજ ઉપર પ્રોત્સાહિત કર્યા
**ળ** (લ)ગની લાગે અભ્યાસમાં તે અર્થે ધો–૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને ઘરે જઇ પ્રોત્સાહિત કર્યા.
**વ** વડીલો અને વિદ્યાર્થીઓના વિદેશ ગમન પ્રસંગે હાજરી આપી તેમનામા શક્તિઓનો સંચાર કર્યો.
**ણી** (ની)સહાય અને નિરાધાર લોકોની કોરોના કાળમાં સાચી સેવા કરી.
**મં** મંગલનું અમંગલ થયું તેવી વિધવા બહેનોને સહાય કરી મદદરૂપ થયા.
**ડ** ડગમાં અતુટ વિશ્વાસ હતો ફળ સ્વરૂપે સમાજની **"શ્રી ચીનુભાઈ ક્રેડીટ સોસાયટી"** ની સ્થાપના થઇ.
**ળ** લખી "જીવન ઝરમર" મૃતકની હૃદયથી શ્રધ્ધાંજલિ અર્પિત થાય છે.

# -: ભાવભીની શ્રધ્ધાંજલિ :-




**સ્વ. મણીલાલ ઉમેદરામ દરજી - સ્વ. તારીખ : ૯-૩-૨૦૧૮**
**સ્વ. સવિતાબેન મણીલાલ દરજી - સ્વ. તારીખ : ૨૦-૮-૨૦૨૧**
**(રાણીપ)**

નથી હયાત તમે પણ, સાથે હોય એવું લાગ્યા કરે છે
હરપલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**:: સૌજન્ય ::**

**શ્રી રાજેશભાઇ મણીલાલ દરજી**
**અ.સૌ. મનિષાબેન રાજેશભાઇ દરજી**
**અ.સૌ. અંકિતા ભાર્ગવ પટેલ**
**શ્રી સ્મીત રાજેશભાઇ દરજી**

# -: હાર્દિક શ્રધ્ધાંજલિ :-




**સ્વ. ભલાભાઇ શકરચંદ દરજી - સ્વ. ૮-૭-૨૦૦૫**
**સ્વ. પુરીબેન ભલાભાઇ દરજી - સ્વ. તારીખ : ૨૩-૪-૨૦૨૧**
**(કલોલ)**

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઇ જાય.
હજુ જરૂર હતી તમારી અમને, ત્યાં કુદરત લઇ ગઇ તાણી.
હે, કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી.
તારા માટે એ આત્મા હશે, પણ એ જ જીંદગી અમારી હતી.
સદગુરૂ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.


**...॥ સૌજન્ય ॥...**

શ્રી વિનોદભાઇ ભલાભાઇ દરજી     અ.સૌ. ધર્મિષ્ઠાબેન વિનોદભાઇ દરજી
સ્વ. રાજેશભાઇ ભલાભાઇ દરજી
શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ દરજી     અ.સૌ. હેમાબેન અલ્પેશભાઇ દરજી

## ...॥ હાર્દિક શ્રધ્ધાંજલિ ॥...

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે,
વિદાય લે છે માનવી પોતે, પણ માનવીના કામજીવે છે.





સ્વ. મંજુલાબેન લાલદાસ દરજી - સાણંદ - સ્વ. તા. : ૨૮/૬/૨૦૨૧
સ્વ. લાલદાસ ચંદુભાઈ દરજી - સાણંદ - સ્વ. તા. : ૧૦/૧૨/૨૦૧૨

પરિવાર જેનું મંદિર હતુ, સ્નેહ જેની શક્તિ, પરિશ્રમજેનું કર્તવ્ય હતું,
અંજલિ આપતા હૈયું તૂટે છે, શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે,
કલ્પી ન શકાય તેવી અણધારી તમારી વિદાય અમારા સૌના કાળજા કંપાવી ગઇ.
દીલ હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી,
આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રભુને અમારી પ્રાર્થના...

## -: ભાવભીની શ્રદ્ધાંજલિ :-



**સ્વ. મનુભાઇ સોમનાથ - ઉનાવા**
**સ્વ. તા. ૨૬-૪-૨૦૨૧**

આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારા માર્ગદર્શન હતાં,
આપનો પ્રેમકદી ભુલાશે નહી, ખોટ આપની કદી પુરાશે નહી,
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી
અમારી પ્રાર્થના.

**: સૌજન્ય :**
**દરજી સંજયભાઇ મનુભાઇ**
**દરજી રાજુભાઇ મનુભાઇ**


With Best Compliments...

**SHREE BRAHMANI CONSULTANCY**

Income Tax Return - GST Return
Life Insurance - Medical Insurance
Vehicle Insurance

SBI Life Insurance · TATA AIA Life · Future Generali · TATA AIG · care

**Milan Naranbhai Darji**
8000120821
**Payalben Milan Darji**
8000602626

F-20, Balaram Shopping Center, Nr. Borisana Petrol Pump, Kalol Dist. : Gandhinagar - 382721
E-mail : shreebrahmani2402@gmail.com

ALL TYPE OF GENERAL INSURANCE



## -: ભાવભીની શ્રધ્ધાંજલિ :-



**સ્વ. કાન્તાબેન કાન્તિલાલ દરજી**
મુ. ગાંધીનગર
સ્વ. તારીખ : ૦૮-૧૦-૨૦૨૦

**: સૌજન્ય :**
શ્રી કાન્તિલાલ મફતલાલ દરજી
શ્રી રાજેશભાઇ કાન્તિલાલ દરજી
સ્વ. નરેન્દ્રભાઇ કાન્તિલાલ દરજી
શ્રી ગૌતમભાઇ કાન્તિલાલ દરજી

## -: હાર્દિક શ્રધ્ધાંજલિ :-



**સ્વ. બચુભાઇ બોઘારામ**
ગામ : ચિલોડા
સ્વ. તારીખ : ૧૦-૪-૨૦૨૧

... અંજલી અર્પતા અમો ...
મહેશભાઈ બચુભાઈ દરજી (પુત્ર)
ભરતભાઈ બચુભાઈ દરજી (પુત્ર)
નયનાબેન મહેશભાઈ દરજી (પુત્રવધુ)
પ્રજ્ઞેશ મહેશભાઈ દરજી (પૌત્ર)
પીનલ પ્રજ્ઞેશભાઈ દરજી (પૌત્રવધુ)
કૌશિકભાઈ મહેશભાઈ દરજી (પૌત્ર)
કિંજલ કૌશિકભાઈ દરજી (પૌત્રવધુ)
નીલ, શ્રેયા, વેદાંત

## -:અશ્રુભરી શ્રધ્ધાંજલિ :-



સ્વ. મનુભાઈ ગાંડાભાઈ
ન્યુ રાણીપ
સ્વ. તારીખ : ૨૨-૪-૨૦૨૧

**॥ આપના શોકાતુર પરિવારજનો ॥**
ગં.સ્વ. ગીતાબેન મનુભાઈ દરજી
શ્રી ચિરાગ મનુભાઈ દરજી
શ્રી વિભવ મનુભાઈ દરજી